# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

28 MAY-2024 TUESDAY

વર્ષ-13 । અંક-193 । વિક્રમ સંવત-2080 । વૈશાખ વદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




પેજ-08
જાહ્નવી કપૂરે શ્રીદેવી અંગે કરી આ વાત : એક્ટ્રેસે કહ્યું, 'મારી માતાના નિધન...



પેજ-09
ઓલિમ્પિક પહેલાં જ નીરજ ચોપરાને સ્નાયુઓની સમસ્યા...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 43.00 | 29.00 |
| વડોદરા | 40.00 | 29.00 |
| સુરત | 34.00 | 29.00 |

પેજ 5





NSEએ તેના ટ્રેડિંગ પરિમાણોમાં ફેરફાર કર્યા, રૂ. 250થી ઓછી કિંમતના...

ટપોટપ રાજીનામા: ચૂંટણી પહેલા સુનકની પાર્ટીના 78 સાંસદનું રાજીનામું



પેજ 10

**શેરબજાર**

| | | | |
| --- | --- | --- | --- |
| સેન્સેક્સ | 75390.50 | ▼ | 19.89 |
| નિફ્ટી | 22932.45 | ▼ | 24.65 |
| સોનું | 72,100.00 | ▲ | 844.00 |
| ચાંદી | 93,885.00 | ▲ | 3,337.00 |

## દેશનાં અનેક હિસ્સાઓમાં પ્રચંડ ગરમી સાથે હિટવેવ તો ક્યાંક દરિયામાં ચક્રવાત રેમલ ત્રાટક્યું

# 6 રાજ્યોમાં હીટવેવનું રેડ એલર્ટ

## બોર્ડર પર લૂ લાગવાથી BSF જવાનનું મોત

### રાજસ્થાનમાં ગરમીએ હદ વટાવી, તાપમાન 51° પહોંચ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

આજે નવતપાનો ત્રીજો દિવસ છે. છેલ્લા 2 દિવસમાં સૌથી વધુ તાપમાન રાજસ્થાનના ફલોદીમાં નોંધાયું હતું. નવતપાના પ્રથમ દિવસે તાપમાન 50 હતું, જ્યારે બીજા દિવસે તે 51 હતું. જમ્મુમાં પણ તાપમાન 42 અને હિમાચલના ઉનામાં 44.4 પર પહોંચી ગયું હતું. સોમવારે જેસલમેરમાં ભારત-પાકિસ્તાન બોર્ડર પર તૈનાત એક BSF જવાનનું લૂ લાગવાથી મોત થયું હતું. અજમેરના કેકરીમાં એક 80 વર્ષના વૃદ્ધનું પણ મોત થયું હતું. રાજસ્થાનમાં ગરમીના કારણે 4 દિવસમાં મૃત્યુઆંક 27 પર પહોંચી ગયો છે. બિહારમાં પણ નાગાલેન્ડના એક સૈનિકનું હીટ સ્ટ્રોકથી મોત થયું છે. હવામાન વિભાગે રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશમાં આગામી બે દિવસ સુધી તીવ્ર હીટવેવનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાં હીટવેવનું યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

**રસ્તાઓ સૂમસામ...**



**ગરમીને લઈને એડવાઈઝરી જારી:** આસામ ડીજીપીએ લોકોને કરી અપીલ- તમારા ઘરની નજીક તૈનાત પોલીસકર્મીઓને પાણી આપો. જરૂર પડે ત્યારે તેમની બોટલો રિફીલ કરવામાં મદદ કરો.

**સિગ્નલ પર રાહત:** એમપી ટ્રાફિક પોલીસે ઇન્દોરમાં રેડ લાઈટનો સમયગાળો ઘટાડ્યો, જેથી લોકોને તડકામાં ઓછી રાહ જોવી પડે. આગરા, ભોપાલ, જોધપુર, લખનૌ સહિત ઘણાં શહેરોમાં ટેન્ટ ગોઠવવામાં આવ્યા છે, જેથી તેઓ સિગ્નલની રાહ જોતી વખતે રાહત મેળવી શકે.

**પાણી પુરવઠામાં કાપ:** મુંબઈ મ્યુનિસિપાલિટી જણાવ્યું હતું કે 30 મેથી પાણીના પુરવઠામાં 5% અને 5 જૂનથી 10% ઘટાડો કરવામાં આવશે. કારણ કે શહેરને પાણી પૂરું પાડતાં જળાશયોમાં માત્ર 10 ટકા જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

# કેરળમાં 31મી મેએ ચોમાસાની પધરામણી

### હવામાન વિભાગે આપી ખુશખબર

(એજન્સી) નવીદિલ્હી । તા. 27

દેશભરમાં હાલ પડી રહેલી અંગદઝાડતી ગરમી અને લૂમાં લોકો તોબા પોકારી ગયા છે, ત્યારે હવામાન વિભાગે તોબા પોકારી ગયેલા લોકો માટે ચોમાસાની પધરામણીની રાહતભરી આગાહી કરી છે. હવામાન વિભાગે કહ્યું કે, આગામી પાંચ દિવસમાં કેરળમાં ચોમાસાની શરૂઆત માટેની પરિસ્થિતિ બનવાની સંભાવના છે. સામાન્ય રીતે કેરળમાં પહેલી જૂને ચોમાસાની પધરામણી થાય છે. જો કે હવામાન વિભાગના મતે, આ વર્ષે કેરળમાં 31મી મેએ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે.

**સામાન્યથી વધુ વરસાદ પડવાની સંભાવના :** અગાઉ હવામાન વિભાગે જૂનથી સપ્ટેમ્બર સુધીના ચોમાસા દરમિયાન સામાન્યથી વધુ વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી હતી. ગત વર્ષે ચોમાસાએ અંદામાન-નિકોબાર ટાપુ પર 19 મેએ પધરામણી કરી હતી, પરંતુ કેરળમાં નવ દિવસના વિલંબ બાદ આઠ જૂને પહોંચ્યું હતું.

# ચક્રવાત રેમલનું ડરાવનારું સ્વરૂપ

## 2 મોત : થાંભલા-ઝાડ બધું સાફ, મકાનો તણાયાં

### રાજસ્થાનમાં ગરમીએ હદ વટાવી, તાપમાન 51° પહોંચ્યું

(એજન્સી) કોલકાતા । તા. 27

ખતરનાક ચક્રવાત તોફાન રેમલ રવિવારે રાત્રે 8.30 કલાકે 135 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ બંગાળમાં કેનિંગ અને બાંગ્લાદેશના મોંગલામાં ત્રાટક્યું હતું. લેન્ડફોલ 4 કલાક સુધી ચાલ્યું હતું. આ સમયગાળા દરમિયાન, ઉત્તર અને દક્ષિણ 24 પરગણા, પૂર્વ મેદિનીપુર, દિઘા, કાકદ્વીપ, જયનગર, કોલકાતા, હુગલી અને હાવડાના દરિયાકાંઠાના વિસ્તારોમાં 60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો અને વરસાદ થયો હતો. રાજધાની કોલકાતામાં 100થી વધુ વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થયા હતા. કોલકાતા અને સુંદરવનમાં બે લોકોના મોત થયા છે. કોલકાતાના સુભાષ ચંદ્ર બોઝ એરપોર્ટ પર 21 કલાક બાદ ફ્લાઈટ સેવા ફરી શરૂ થઈ છે. તોફાન પહેલા રવિવારે તે બંધ હતું. 394 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. કોલકાતામાં રવિવારે સવારે 8.30 વાગ્યાથી સોમવારે સવારે 5.30 વાગ્યાની વચ્ચે 146 મિમી વરસાદ નોંધાયો હતો.

**135 કિમીની ઝડપે ચક્રવાત લેન્ડફોલ**



**બાંગ્લાદેશમાં પણ વાવાઝોડાની ભારે અસર:** બાંગ્લાદેશમાં પણ વાવાઝોડાની ભારે અસર જોવા મળી રહી છે. ઢાકાના સોમોય ટીવી અનુસાર બાંગ્લાદેશમાં તોફાનના કારણે 7 લોકોનાં મોત થયા છે. સરકારે 1.5 કરોડ લોકોના ઘરની વીજળી કાપી નાખી છે. પશ્ચિમ બંગાળ ઉપરાંત ઓડિશા, ઝારખંડ અને બિહારના કેટલાક વિસ્તારોમાં 27 અને 28 મેના રોજ વરસાદ પડશે.

**હવે વાવાઝોડાની શું સ્થિતિ છે? :** હવે તે 15 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે. એટલે કે બંગાળને અડીને આવેલા ત્રિપુરા, આસામ, મેઘાલય અને સિક્કિમમાં તેની અસર જોવા મળશે. જો કે, ત્યાં સુધીમાં તે નબળું પડી ગયું હશે. લોકો દક્ષિણ 24 પરગણા જિલ્લાના છે. રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને એનડીઆરએફની 16 ટીમ દરિયાકાંઠાના વિસ્તારોમાં તૈનાત છે.

**Quick Read**

### રાંચીના બારમાં DJ ઓપરેટરને ગોળી મારી, મોત : દારૂ પીને આવેલા 5 યુવકોએ હત્યા કરી

રાંચી | ઝારખંડના રાંચીમાં એક્સ્ટ્રીમ બારમાં ડીજે ઓપરેટરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. રવિવારે રાત્રે પાંચ યુવકો દારૂ પી રહ્યા હતા. આ દરમિયાન ડીજે સંદીપ ઉર્ફે સેન્ડી અને બારના અન્ય સ્ટાફ સાથે તેનો ઝઘડો થયો હતો. ત્યાં હાજર લોકોએ કોઈક રીતે મામલો શાંત પાડ્યો અને તમામ યુવકો ત્યાંથી ચાલ્યા ગયા. થોડા સમય બાદ દારૂ પી રહેલા પાંચેય યુવકો ફરી બારમાં આવ્યા અને એક યુવકે ડીજે ઓપરેટર સંદીપની છાતીમાં અનેક ગોળીઓ મારી હતી.

### તમારું મંદિર બનાવો, અમે ઢોકળાનો પ્રસાદ ચઢાવીશું પણ એક શરતે : મમતા બેનર્જી

કોલકાતા | પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રવિવારે ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, જો પીએમને ભગવાન દ્વારા મોકલવામાં આવ્યા હોય તો લોકો તેમના માટે મંદિરો બનાવશે. બસ શરત એટલી જ છે કે તેમણે ભારતને હેરાન કરવાનું બંધ કરવું જોઈએ. મમતા બેનર્જીએ પીએમ મોદીના તાજેતરના ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂનો ઉલ્લેખ કરતા આ વાત કહી. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, જ્યારે મારી માતા જીવિત હતી.

### ચૂંટણી સભાનું મંચ તૂટ્યું, રાહુલ-તેજસ્વી સહિતના વિપક્ષી ગઠબંધનના નેતાઓ માંડ બચ્યા

નવી દિલ્હી| હાલ લોકસભા ચૂંટણીમાં છ તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ સમાપ્ત થયા બાદ હવે પહેલી જૂને યોજાનાર છેલ્લા તબક્કાની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. દેશની 487 બેઠકો પર મતદાન પૂર્ણ થયા બાદ 57 બેઠક પર મતદાન થાય તે પહેલા વિવિધ નેતાઓ ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે, ત્યારે બિહારમાં ઈન્ડિયા ગઠબંધનના નેતાઓની ચૂંટણીસભા દરમિયાન મંચ તૂટી પડવાની ઘટના બની છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ સહિત ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ મંચ પર પહોંચ્યા, ત્યારે આ ઘટના બની છે.

### બીજેપી જાહેરાત કેસ- સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી : કહ્યું... જાહેરાત અપમાનજનક છે

નવી દિલ્હી | કલકત્તા હાઈકોર્ટે ભારતીય જનતા પાર્ટીને તૃણમૂલ કોંગ્રેસ વિરુદ્ધ જાહેરાતો પ્રકાશિત કરવાથી રોકી હતી. ભાજપે આની સામે સુપ્રીમ કોર્ટની વેકેશન બેંચમાં અરજી કરી હતી, જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે કહ્યું- પ્રથમ દૃષ્ટિએ સ્પષ્ટ છે કે જાહેરાત બદનક્ષીભરી હતી. અમે પિટિશન ફગાવીએ છીએ. હકીકતમાં, 20 મેના રોજ, કલકત્તા હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચે એક આદેશમાં કહ્યું હતું કે આ જાહેરાત અપમાનજનક છે અને લોકસભા ચૂંટણી માટે આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે.

### સેક્સ સ્કેન્ડલના પ્રજ્વલ રેવન્નાએ વીડિયો જાહેર કર્યો

# 31 મેના રોજ SIT સમક્ષ હાજર થઈશ...

### પ્રજ્વલ સામે 3 મહિલાની છેડતીના 3 કેસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

સેક્સ સ્કેન્ડલના આરોપી અને પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાએ સોમવારે વીડિયો જાહેર કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું છે કે હું 31 મેના રોજ SIT સમક્ષ હાજર થઈશ. તેણે કહ્યું કે મારા પર લાગેલા તમામ આરોપો ખોટા છે. એચડી દેવેગૌડાએ ગુરુવારે 23 મેના રોજ તેમના પૌત્ર અને સેક્સ સ્કેન્ડલના આરોપી પ્રજ્વલ રેવન્નાને ભારત પાછા ફરવા અને તપાસનો સામનો કરવાની ચેતવણી આપી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ કેસની તપાસમાં તેમની અને તેમના પરિવાર તરફથી કોઈ દખલગીરી કરવામાં આવશે નહીં. 26 એપ્રિલે લોકસભાના મતદાન બાદ તે જર્મની ગયો હતો, ત્યારથી તેનો કોઈ પત્તો લાગ્યો નથી.

**મારા પર લાગેલા તમામ આરોપો તદન ખોટા છે**



### મે SITને પત્ર લખ્યો...

પ્રજ્વલે આગળ કહ્યું કે 26 તારીખે જ્યારે ચૂંટણી ખતમ થઈ તો મારા વિરુદ્ધ કોઈ કેસ નહોતો. SITની રચના થઈ નહોતી. મારા જવાના 2-3 દિવસ બાદ મે યુટ્યૂબ પર પોતાના ઉપર લાગેલા આ આરોપ જોયા. મે પોતાના વકીલ દ્વારા SITને પત્ર લખીને 7 દિવસનો સમય પણ માગ્યો.

### રેવન્નાનો પાસપોર્ટ રદ કરવાની માગ

ગત દિવસોમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પ્રજ્વલ રેવન્નાનો ડિપ્લોમેટિક પાસપોર્ટ કેન્સલ કરવાની માગ કરી. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો અને તાત્કાલિક કાર્યવાહીની માગ કરી. પોતાના પત્રમાં સિદ્ધારમૈયાએ આને શરમજનક ગણાવ્યું કે રેવન્નાએ આરોપ સામે આવવાના તાત્કાલિક બાદ અને તેના વિરુદ્ધ પહેલો કેસ નોંધાયા પહેલા દેશ છોડવા માટે પોતાના રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કર્યો.

### મુખ્યમંત્રી નવીન પટનાયકની જાહેરાત

# ઓડિશામાં જુલાઈથી 90 ટકા નાગરિકોને વીજળી ફ્રી મળશે

(એજન્સી) ઓડિશા । તા. 27

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે કેન્દ્રપારા જિલ્લામાં એક ચૂંટણી સભાને સંબોધન કરતા રાજ્યની 90 ટકા વસતીને ફ્રી વીજળી આપવાની જાહેરાત કરી હતી. 27મી મેના રોજ આયોજિત ચૂંટણી રેલીમાં તેમણે કહ્યું હતું કે, 'જુલાઈથી સમગ્ર રાજ્યમાં કોઈએ વીજ બિલ નહીં ભરવું પડે. ઓડિશા સરકાર જ તમામને ફ્રી વીજળી આપશે. આ માટે બીજુ જનતા દળના સાંસદો અને ધારાસભ્યોને આશીર્વાદ આપો તેમજ શંખના ચિહ્નને જ મત આપો.'



### ચૂંટણી ઢંઢેરામાં જાહેરાત કરી

અગાઉ ચૂંટણી ઢંઢેરામાં બીજેડીએ જાહેરાત કરી હતી કે, અમે સત્તામાં આવતા જ 100 યુનિટ વીજ વપરાશ કરતા પરિવારોને ફ્રી વીજળી આપીશું, જ્યારે 100થી 150 યુનિટ વીજ વપરાશ કરતા પરિવારોને સબસિડી હેઠળ વીજળી પૂરી પાડીશું.

### દિલ્હીની હોસ્પિટલના પીડિતોને બાળકોની જાણકારી નહીં: કહ્યું- હોસ્પિટલના લોકો કંઈ નથી કહી રહ્યા



નવી દિલ્હી : દિલ્હીના વિવેક વિહાર વિસ્તારમાં આવેલા બેબી કેર સેન્ટરમાં આઠ ઓક્સિજન સિલિન્ડર ફાટતાં આગ ફાટી નીકળતાં છ નવજાત બાળકોનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટના 25 મેની રાત્રે બની હતી. 26 મેના રોજ કેટલાક પરિવારોએ આરોપ લગાવ્યો હતો કે તેમને ઘટનાની જાણ એક દિવસ પછી થઈ હતી. અમારા બાળકોના ઠેકાણા વિશે અમને માહિતી આપવામાં આવી રહી નથી.

# દિલ્હીના સીએમના PAની જામીન અરજી ફગાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

સ્વાતિ માલીવાલ હુમલા કેસમાં સોમવારે 27 મેના રોજ તીસ હજારી કોર્ટે અરવિંદ કેજરીવાલના પીએ બિભવ કુમારની જામીન અરજી ફગાવી દીધી. બિભવે 25 મેના રોજ કોર્ટમાં અરજી કરી હતી. સુનાવણી દરમિયાન સ્વાતિ પણ કોર્ટમાં હાજર હતી. બિભવના વકીલ હરિહરને સુનાવણી દરમિયાન આરોપ લગાવ્યો હતો કે જ્યારે શરીરના સંવેદનશીલ અંગો પર કોઈ ઈજાના નિશાન જોવા મળ્યા નથી, ત્યારે ગુનેગાર હત્યાના પ્રયાસનો કોઈ પ્રશ્ન જ નથી અને બિભવનો સ્વાતિને નિર્વસ્ત્ર કરવાનો કોઈ ઈરાદો નહોતો.

### માલીવાલે કહ્યું- બિભવનો પ્રભાવ મંત્રીઓ જેવો છે, તેને જામીન મળશે તો મને અને મારા પરિવારને જોખમ થશે



સ્વાતિ માલીવાલે કોર્ટને કહ્યું કે મારું નિવેદન નોંધ્યા બાદ એપીપીના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ કરી. મને ભાજપની એજન્ટ ગણાવી. તેમની પાસે મોટી ટ્રોલ મશીનરી છે, તેઓએ મશીનરીને પમ્પ અપ કરી છે. પાર્ટીના નેતાઓ ખુદ આરોપીને મુંબઈ લઈ ગયા. જો તેને જામીન પર છોડવામાં આવશે તો મને અને મારા પરિવારને જોખમ થશે.

### સરકારી કર્મચારી સાથે મારપીટના કેસમાં બિભવને બરતરફ

માર્ચ 2024માં બિભવને મુખ્યમંત્રીના અંગત સચિવના પદ પરથી બરતરફ કરવામાં આવ્યા હતા. વિશેષ સચિવ વિજિલન્સ વાઈવીવીજે રાજશેખરે આદેશ જાહેર કર્યો હતો કે બિભવની સેવાઓ સમાપ્ત કરવામાં આવી છે. નિમણૂક માટે નિર્ધારિત પ્રક્રિયા અને નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું.

### હરિયાણામાં 50 ફૂટની ઊંચાઈથી 80 ફૂટ લાંબી પાઈપ પડી : હાઈવે પર પાઈપ નીચે લોકો અને વાહનો દબાયા



પાણીપત : હરિયાણાના પાણીપતમાં સોમવારે બપોરે એક મોટો અકસ્માત થયો હતો. અહીં શહેરના સંજય ચોક ખાતે એલિવેટેડ હાઈવે પરથી પાણી અને ગંદકી ભરેલી લોખંડની પાઈપ અચાનક નીચે પડી ગઈ હતી. જેના કારણે નીચે હાઈવે-44 પરથી પસાર થતા અનેક વાહનો અને રાહદારીઓને ઈજા થઈ હતી. આ અકસ્માતના કારણે સ્થળ પર નાસભાગ મચી ગઈ હતી. સ્થાનિક લોકો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# પૂણે પોર્શ કાંડમાં પૈસાનો પાવર : નબીરાને બચાવવા માટે ડોક્ટરે 3 લાખમાં કર્યો ખેલ

### બ્લડ સેમ્પલની હેરાફેરી કરી, આરોપીનું સેમ્પલ કચરામાં નાખ્યું

(એજન્સી) પૂણે । તા. 27

પૂણે હિટ એન્ડ રન કેસ અત્યારે ચર્ચામાં છે. ઘટના સમયે સગીર આરોપી પોર્શ કાર ચલાવી રહ્યો હતો. નશાની શંકાના આધારે આરોપીના બ્લડ સેમ્પલ લેવાયા હતા પરંતુ બ્લડ રિપોર્ટમાં દારૂની પુષ્ટિ થઈ નહોતી. હવે આ મુદ્દે નવો ખુલાસો થયો છે. આરોપીના બ્લડ સેમ્પલ જ બદલી દેવાયા હતા જેના કારણે બ્લડના તપાસ રિપોર્ટમાં આલ્કોહોલની પુષ્ટિ થઈ નહોતી. પોલીસે આ મામલે ફોરેન્સિક ડિપાર્ટમેન્ટના એચઓડી અને એક ડોક્ટરની ધરપકડ કરી છે. આરોપી ડોક્ટર શ્રીહરિ હલનોરને બ્લડ સેમ્પલ બદલવા માટે 3 લાખ રૂપિયા મળ્યા હતા. પૂણે પોલીસની તપાસમાં આ મોટો ખુલાસો થયો છે. પોલીસે જણાવ્યું કે સગીર આરોપીના બ્લડ સેમ્પલ કચરામાં ફેંકવામાં આવ્યા.

**ડોક્ટર સહિત ત્રણની ધરપકડ કરાઈ**



### પોલીસે કહ્યું- દાદાએ પૌત્રને બચાવવા માટે ડ્રાઈવરને ઘરમાં કેદ રાખ્યો હતો

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું કે સગીરના પિતા અને દાદાએ મળીને ડ્રાઈવરને ફસાવવા માટે કાવતરું ઘડ્યું હતું. ડ્રાઈવરની ફરિયાદ પર પોલીસે બંને વિરુદ્ધ આઈપીસી કલમ 365 અને 368 હેઠળ કેસ નોંધ્યો છે. પિતા વિશાલ અગ્રવાલની પોલીસે 21 મેના રોજ ધરપકડ કરી હતી. દાદાની 25 મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. તે 28 મે સુધી પોલીસ કસ્ટડીમાં છે. ડ્રાઈવરના જણાવ્યા મુજબ, સગીરના પિતા અને દાદાએ તેનો મોબાઈલ ફોન છીનવી લીધો હતો. તેમણે તેને અકસ્માત માટે દોષી ઠેરવવા માટે પૈસાની લાલચ આપી અને કહ્યું હતું કે તેઓ તેને ટૂંક સમયમાં જેલમાંથી બહાર કાઢશે. બંનેએ ધમકી પણ આપી હતી અને કહ્યું હતું કે આ અંગે કોઈને વાત કરે તો યાદ રાખજે. મારી પત્નીએ મને બચાવ્યો. પોલીસના જણાવ્યા અનુસાર દુર્ઘટનાને અંજામ આપનાર સગીરને રવિવારે મેડિકલ તપાસ માટે પૂણેના સસૂન સરકારી હોસ્પિટલ લઈ જવાયો.

**આરોપીનું DNA તેના પિતા સાથે મેચ થયું**

પૂણે પોલીસ કમિશ્નરે જણાવ્યું કે અમે લેબમાં અને સસૂન હોસ્પિટલમાં સેમ્પલ મોકલ્યા. આરોપીનું ડીએનએ અને તેના પિતાનું ડીએનએ મેચ થઈ રહ્યું છે પરંતુ તે રાત્રે હોસ્પિટલમાં જે સેમ્પલ મોકલવામાં આવ્યા તે મેચ થઈ રહ્યાં નથી. તેથી કાલે સાંજે આરોપી ડોક્ટરની પૂછપરછ કરતા તેમની આજે સવારે ધરપકડ કરવામાં આવી. પોલીસ એ જાણવાનો પ્રયત્ન કરી રહી છે કે જે વ્યક્તિના બ્લડની સાથે સેમ્પલ બદલવામાં આવ્યું તે કોણ છે.

બોજાવાળા વાહનનું બારોબાર વેચાણ કરનારા ત્રણ શખ્સ સામે ફરિયાદ કરવામાં આવી : પોલીસ કાર્યવાહી હાથધરી

# ખેડૂત પાસેથી પીકઅપ ગાડીની ખરીદી લોન ભર્યા વગર બીજાને વેચી નાખી




(એજન્સી) નડિયાદ | તા.27

મહેમદાવાદમાં વાહનની બાયબાય ચારણી મામલે ગુનો દાખલ થયો છે. મહેમદાવાદના વાંઠવાળી ગામના ખેડૂત આર્થિક તંગીમાં આવતા લોન પર લીધેલ પીકઅપ ગાડી વેચાણ કરી પણ વેચાણ લીધેલા શખ્સે લોન ભરપાઈ ન કરતા અને વાહન લઈને બીજાને વેચી મારી પોતે ભૂર્ગભમાં ઉતરી જતાં આ મામલે 3 ઈસમો વિરૂદ્ધ મહેમદાવાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામે ગાયત્રી મંદિરની પાછળ ખેતરમાં 37 વર્ષીય હિતેશભાઈ મોહનભાઈ ડાભી રહે છે. તેઓ પોતે ખેતી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. વર્ષ 2023ના ઓગસ્ટ માસમાં તેમણે મહેન્દ્રા બોલેરો પીકઅપ ગાડી વેચાણથી વસાવી હતી. વાહન લોન પર તેમણે વસાવ્યું હતું જેનો દર મહિને 18,770નો હપ્તો હતો. આ વાહન લીધા બાદ એક મહિના પછી હિતેશભાઈની માતા બીમાર થતા તેમની સારવારમાં હિતેશભાઈ રોકાયા હતા. જેથી ઉપરોક્ત વાહન ફેરવી શક્યા નહોતા અને તમામ ખર્ચ દવાખાનામાં ઘૂસી ગયો હતો. જેથી હિતેશભાઈ આર્થિક સંકટમાં આવી ગયા હતા.

આણંદના ઈસ્માઈલ નગરમાં રહેતા અમનભાઈ વોરા આવ્યા હતા. આ અમનભાઈએ કહ્યું કે તમારે ઉપરોક્ત વાહન વેચવું હોય તો મારી પાસે ગ્રાહક છે અને ગાડી શાકભાજીમાં ફરવાની છે તેમજ તમારી લોનના બાકી હપ્તા તેઓ રેગ્યુલર ભરશે તેવી બાહેધરી આપી હતી. જેથી તેઓ વાહન વેચવા સંમતી દર્શાવી હતી. જેથી આ અમનભાઈએ સોજીત્રા ખાતે રહેતા સરફરાજભાઈ મહંમદભાઈ વોરાનો સંપર્ક કરી વાહન વેંચાણ આ સરફરાજભાઈને આપ્યું હતું. 3 નવેમ્બર 2023ના રોજ આ બાબતની નોટરી પણ થઈ તેમજ વાહનના પેટે રૂપિયા 55 હજાર રોકડા પણ આપ્યા હતા. આ પછી ઉપરોક્ત હિતેશભાઈના વાહનના બે હપ્તા બાઉન્સ થતાં તેઓ આ સરફરજભાઈના ઘરે આવ્યા તો તેમણે કહ્યું કે, વાહન માત્ર મારા નામે લીધેલ છે પરંતુ આ વાહન અમનભાઈનાએ વેચાણ લીધેલ છે અને હાલમાં તેમની પાસે જ વાહન છે તેવી હકીકત પ્રકાશમાં આવી હતી. જેથી આ હિતેશભાઈ અમનભાઈને ફોન કરીને જણાવતા તો તેઓ બહાના બતાવતા હતા. જેથી કંટાળીને હિતેશભાઈએ 70 હજાર લોન પેટે ભરી દીધા હતા. તો આ તરફ આ અમનભાઈ અને સરફરાજભાઈ ફોન ઉપાડતા નહી અને ઘરે ન મળી આવતા હિતેશભાઈએ તપાસ કરતા આ વાહન સરફરાજભાઈએ મધ્યપ્રદેશના ઉનકર કેમતા નામના વ્યક્તિને વેંચાણ આપી દીધી હોવાની વિગતો જાણવા મળી હતી. આથી આ બનાવ મામલે હિતેશભાઈ ડાભીએ ગતરોજ મહેમદાવાદ પોલીસ મથકે ઉપરોક્ત અમનભાઈ વોરા, સરફરાજભાઈ મંહમદભાઈ વોરા અને ઉનકર કેમતા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## ન્યૂઝ કોર્નર

### બાઈકને બચાવવા જતા કાર 30 ફૂટ ઊંડા ખાડામાં ખાબકી



છોટા ઉદેપુર | બોડેલી-નર્મદા કેનાલ પાસે એક બાઈકને બચાવવા જતા કાર 30 ફૂટ ઊંડા ખાડામાં ખાબકી હતી. સદનસીબે કાર પલટી ખાઈ જવા છતાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ અંગે હજુ કોઈ પોલીસ ફરિયાદ થવા પામી નથી. બોડેલી-નર્મદા કેનાલ પાસે આજે વહેલી સવારે એક કાર કેનાલ પાસેથી પસાર થતી હતી ત્યારે કેનાલના રસ્તા પરથી અચાનક એક બાઈક આવતા કરાચાલક બાઈક ચાલકને બચાવવા જતા સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા કાર કેનાલની સામે બાજુએ આવેલા 30 ફૂટ ઊંડા ખાડામાં ખાબકી હતી. આ કારમાં ચાર જણાનો પરિવાર સવાર હતો, પરંતુ આ અકમાતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને કારમાં સવાર એક જણને સામાન્ય ઈજા થઈ હતી.

### યુ.કે.વાસી પતિને પત્નીના લગ્નના હક્કોને પુનઃસ્થાપિત કરવા હુકમ

સુરત : એનઆરઆઈ પતિએ સ્વેચ્છાએ ત્યાગ કરતા લગ્ન જીવનના હક્કોના પુનઃ સ્થાપનની માંગ કરી હતી:પતિએ યુ.કે.માં ડીવોર્સની તજવીજ હાથ ધરી હતી સુરતની યુવતિના સ્પાઉસ વીઝા કેન્સલ કરાવી દેશમાં પરત મોકલી સ્વૈચ્છાએ ત્યાગ કરનાર યુ.કે.વાસી પતિ વિરુધ્ધ પરણીતાએ સુરત ફેમીલી કોર્ટમાં લગ્નજીવનના હક્કોના પુનઃસ્થાપન માટે કરેલી માંગને કોર્ટે મંજુર કરી છે.યુ.કે.વાસી પતિને અરજદાર પત્નીને તેડી જઈને લગ્નજીવનના હક્કોના પુનઃસ્થાપિત કરવા કોર્ટે નિર્દેશ આપ્યો છે. અડાજણ વિસ્તારમાં રહેતા નેહલના લગ્ન યુ.કે.માં રહેતા સાહિલ સાથે તા.11-7-2019ના રોજ સુરત ખાતે થયા હતા.લગ્નબાદ સાહિલ તા.15મી જુલાઈના રોજ યુ.કે. જતા રહ્યા બાદ તા.1-2-20ના રોજ પરત ફરતા નેહલબેનના માતા-પિતાએ ધામધુમથી લગ્ન કર્યા બાદ રિશેપ્શન પણ આપ્યું.

# રાજકોટ દુર્ઘટના બાદ એક્શન લેવાયા

## રાજકોટની દુર્ઘટના બાદ 100થી વધુ ગેમ ઝોન બંધ કરાવાયા, 30% પાસે ફાયર NOC ન હતી...

(એજન્સી) રાજકોટ | તા.27

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં બનેલી આગની ઘટના બાદ રવિવારે રાજ્યભરમાં ચાલતા તમામ ગેમ ઝોનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન રાજ્યના 100થી વધુ ગેમઝોનમાં નિયમોનું પાલન કરાતું ન હોવાથી બંધ કરાવવામાં આવ્યા છે. જેમાંથી 30 ટકાથી વધુ ગેમઝોન પાસે ફાયર એનઓસી જ ન હતી. કેટલાક તો 5 વર્ષથી મંજૂરી વિના ધમધમતા હતા. મોટાભાગના ગેમઝોનમાં અગ્નિશામક ચીજવસ્તુઓનું પ્રમાણ વધુ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત એન્ટ્રી અને એક્ઝિટ માટે માત્ર એક જ દરવાજો હોવાનું, તેમજ કેટલાક દરવાજા મોડા ખુલતા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ભુજમાં 3 ગેમઝોનમાં બાંધકામની મંજૂરી વિના ચાલતાં સીલ કરી દેવાયા હતા. તો માધાપરમાં અંડર ગ્રાઉન્ડ ગેમઝોનમાં આવવા-જવવાનો એક જ રસ્તો હતો. ચરોતરમાં 5 વર્ષથી એનઓસી વિના ચાલતાં 3 ગેમઝોન બંધ કરાયા હતા. પાલનપુરમાં આનંદ મેળો શનિવારે રાત્રે જ બંધ કરાયા બાદ જાણવા મળ્યું હતુ કે, ફાયર સેફ્ટીના સાધનો છે પણ એનઓસી મેળવી નથી. ચરોતરમાં 3 ગેમ ઝોન છેલ્લાં 5 વર્ષથી ફાયર વિભાગની એનઓસી વગર જ ચલાવવામાં આવતા હતા

### અમદાવાદમાં 25 ગેમ ઝોન, માત્ર 10 પાસે જ એનઓસી

અમદાવાદમાં સરકારી ચોપડે 25 ગેમ ઝોન નોંધાયા છે. જેમાંથી માત્ર 10 ગેમ ઝોન પાસે જ હાલમાં ફાયર એનઓસી છે, જ્યારે બાકીના ગેમ ઝોન ફાયર એનઓસી વગર જ ચાલી રહ્યાં છે. જાહેર થયેલી માહિતી મુજબ, અમદાવાદમાં 9 સંચાલકોએ ફાયર એનઓસી માટે અરજી કરી છે, પરંતુ જે-તે વિસ્તારના પોલીસ સ્ટેસન દ્વારા સંચાલકોને ફાયર એનઓસી અપાઇ નથી. રવિવારે અમદાવાદમાં ગેમ ઝોનની તપાસ કરવા માટે 3 ટીમો તૈયાર કરી કરાઇ હતી. રાજકોટની ઘટના બાદ અમદાવાદના 25 ગેમ ઝોન બંધ કરાવી દેવામાં આવ્યા હતા.

### સુરતમાં 18 ગેમ ઝોન અને 3 મેળા પણ બંધ કરાવી દીધા

સુરત મહાપાલિકા વિસ્તારમાં આવેલા ગેમ ઝોનની તપાસ માટે મ્યુનિ.એ 12 ટીમ બનાવી શનિવાર રાતથી ગેમ ઝોન સિલિંગ કાર્યવાહી હાથ ધરી છે જે રવિવારે દિવસ દરમિયાન જારી રહી હતી. ગેમ્સ ઝોનમાં એનઓસી, ઈલેક્ટ્રિકલ ખામીઓ જોખમી ચીજવસ્તુઓ સહિતની ક્ષતિઓ જણાઈ આવતાં 18 ગેમ ઝોન્સ તથા અન્ય નાના 6 પ્લે અરિયા બંધ કરી દેવાયા છે. વનિતા વિશ્રામ, ખાટુ શ્યામ મંદિર સામે, VR મોલ સામે આવેલા ત્રણ મેળા બંધ કરી દેવાયા છે. કતારગામ ના ત્રણ અને રાંદેરના 1 ગેમ ઝોનના સીલિંગની માહિતી મ્યુનિ.એ છુપાવી હતી.



### ભાવનગરમાં 3 ગેમ ઝોન સીલ સ્મોક ડિટેક્ટર બંધ હાલતમાં

ભાવનગરના રંગોલી ફન પાર્ક ગેમ ઝોનમાં સરકારી ધારાધોરણ મુજબ કામગીરી ન કરી હોય તેને સીલ કરવામાં આવ્યું હતું. આર કે પોલો ફન બ્લાસ્ટમાં પણ ફાયર સેફટીનો અભાવ જોવા મળ્યો હતો. ખાસ તો આ ગેમ ઝોનમાં ફાયર સેફ્ટીની એનઓસી પણ ન હતી. આ સિવાય શહેરના અન્ય ગેમ ઝોનમાં ફાયર વિભાગ, એસઓજી, ટાઉન પ્લાનિંગની ટીમને તપાસ દરમિયાન હિમાલયા મોલમાં આવેલા ગેમ ઝોનમાં ચેકિંગ કરતા સ્મોક ડિટેક્ટર બંધ હાલતમામ મળી આવતા નોટિસ ઈસ્યુ કરીને ગેમ ઝોનને સીલ કરી દેવામાં આવ્યો હતો.

### વડોદરામાં મોલના બેઝમેન્ટ પાર્કિંગમાં ગો કાર્ટિંગ ચાલે છે

વડોદરામાં આવેલા તમામ 10 ગેમ ઝોન બંધ કરી દેવામાં આવ્યા છે. આ તમામ ગેમ ઝોનમાં ફાયર એનઓસી સહિત સેફ્ટીનાં સાધનો જોવા મળ્યાં હતાં, વાઘોડિયા ચોકડી પાસે આવેલા તક્ષ ગેલેક્સી મોલના બેઝમેન્ટમાં આવેલા પાર્કિંગમાં ગેરકાયદે ગો કાર્ટિંગ ચલાવવામાં આવી રહ્યું હતું, જે નિયમ વિરુદ્ધ હતું. માંજલપુર ઈવા મોલમાં 3 ગેમ ઝોન, અક્ષર ચોક પાસે ગેમ ઝોન, ગોરવા ઈનોર્બિટ મોલમાં તપાસ કરાઈ હતી. આ સાથે ખુલ્લા ગ્રાઉન્ડમાં કાર્યરત બે ગેમ ઝોન પૈકી ફન બ્લાસ્ટ 15 દિવસ અગાઉ બંધ કરાવવા આવ્યો હતો.

નકલી ASIનો અસલી પોલીસ સાથે ભેંટો થઈ ગયો!

# જૂનાગઢના ગાંધીગ્રામ વિસ્તારમાં પોલીસ વર્દીમાં ફરી રહેલો યુવક ઝડપાયો

(એજન્સી) જુનાગઢ | તા.27



ગુજરાતમાં અગાઉ પણ નકલી કર્મચારી અધિકારી અને ચીજ વસ્તુઓ પકડાઈ છે ત્યારે જુનાગઢ સી ડિવિઝન પોલીસે નકલી ASIને ઝડપી પાડ્યો છે. મૂળ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળના મંડોર ગામે રહેતા 20 વર્ષીય યુવરાજ રામશી જાદવ નામના ઈસમને સી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો છે.

આ મામલે ડીવાયએસપી હિતેશ ધાંધલિયાએ જણાવ્યુ હતું કે ગઈકાલે સી ડિવિઝન પોલીસે પોલીસની વર્દી પહેરી ફરતા નકલી ASI યુવરાજ જાદવ નામના ઈસમને ઝડપી પાડયો છે.જુનાગઢ સી ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી કે ગાંધીગ્રામ સિદ્ધિ વિનાયક હોસ્ટેલ પાસે એક ઈસમ પોલીસની વર્દીમાં આંટા ફેરા મારે છે.પકડાયેલ ઈસમ પોલીસ રાજ્ય તરીકે પોલીસ ખાતામાં ન હોવા છતાં પણ વર્દી પહેરી રોફ જમાવતો હતો.


ત્યારે બાતમીના આધારે સી ડિવિઝન પોલીસે યુવરાજ જાદવ નામના નકલી ASIને ઝડપી પાડ્યો હતો. પકડાયેલ ઈસમ વિરુદ્ધ IPC 170,171 મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પકડાયેલ ઈસમ યુવરાજ જાદવ ગીર સોમનાથ જિલ્લાના મંડળ ગામનો વતની છે .તેના પિતા કડિયા કામ કરે છે.પકડાયેલ યુવાન ત્રણ મહિના પહેલા જ જુનાગઢ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આવ્યો હતો.આ ઈસમે અગાઉ પોલીસની પરીક્ષા આપેલી છે અને હાલ ફોરેસ્ટ વિભાગની પરીક્ષા પણ આપેલી છે. જેનું રિઝલ્ટ આવવું હજુ બાકી છે.આ ઈસમ શહેરમાં રૂમ રાખી ભાડે રહેતો હતો. યુવાન જૂનાગઢની સરકારી લાઈબ્રેરીમાં રોજ વાંચવા જતો હતો. અને રોજ સવારે જુનાગઢ શહેરમાં આવેલ ગ્રાઉન્ડમાં રનીંગ માટે પણ જતો હતો.

# પાટણ। કાજીવાડા વિસ્તારમાં 2 દિવસ થી પાણી ન આવતા લોકો ત્રાહિમામ

પાટણ | પાટણ શહેરના વોર્ડ નંબર 10ના કાજીવાડા વિસ્તાર માં બે દિવસ થી નગર પાલિકા દ્વારા પાણી વિતરણ ન કરાતા વિસ્તારના રહીશો મુશ્કેલીaમાં મુકાય હતા. પાલિકા પ્રમુખને જાણ કરતા વિસ્તારમાં ટેન્કર મોકલી પાણી આપવા રાહત મેળવી હતી. પાટણ શહેરના વોર્ડ નં10 ના કાજીવાડા વિસ્તારમાં બોર પરથી ઈકબાલ ચોક , મુલ્લાં બાખરની પોળ, મુલ્લવાડ, સોલારા ની પોળ, ટાંકવાડા,સહિત મોટા ભાગના વિસ્તાર માં ઉનાળાની ગરમી માં બે દિવસ થી પાણી વિતરણ કરવામાં નહિ આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.શ્રમજીવીઓના ઘરો માં પાણી સંગ્રહ ના સાધનો નહિ હોવાથી આવા લોકો ની હાલત કફોડી બની છે .પાટણ શહેરના રખતાવાડ વિસ્તાર માં બે દિવસ થી પાણીની પાઈપ લાઈન તૂટતાં તાકિદે રિપેરિંગના થતા વિસ્તાર ના રહીશો સહિત લોકો બે દિવસથી પાણી ન આવતા પરેશાન બન્યા હતા. પાણીની સર્જાયેલ સમસ્યાની જાણ પાલિકા પ્રમુખ હિરલબેન પરમાર ને થતાં જે-તે વિસ્તારો માં જરૂરિયાત મુજબ પાણીના ટેન્કરો મોકલતા કાળજાળ ગરમી માં લોકો એ હાશકારો અનુભવ્યો હતો.

# વડોદરાના ખિસકોલી સર્કલ પાસે યુવાન પર તલવારથી હુમલો કરાયો

(એજન્સી) વડોદરા | તા.27



ખિસકોલી સર્કલ નગર મકાન મકાનની પાછળ શ્રીજી નગરમાં રહેતો સંતોષ કિશનભાઈ માળી કલર કામ કરે છે. વડોદરામાં અટલાદરા પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે રાત્રે 10:00 વાગ્યે મારા મિત્રો સાથે ખિસકોલી સર્કલ પાસે બેઠો હતો ત્યારે પૃથ્વીરાજ ઉર્ફે બિહારી કેસરી મોટે મોટેથી ગાળો બોલતો હોય મેં તેને ગાળો બોલવાની ના પાડી હતી તેણે એકદમ નીચે પડેલો પથ્થર ઉઠાવી મને છૂટો માર્યો હતો. મારા કાકાના દીકરાએ તેને પકડી લઈ હાથમાંથી પથ્થર ફેંકાવી દીધા હતા.

ત્યારબાદ પૃથ્વીરાજે મને લાગે ભરી દીધું હતું તલવાર લઈને આવ્યો હતો અને આજે તો હવે હું તને નહીં છોડુ તેમ કહી મારા તરફ ધસી આવી હુમલો કર્યો હતો. હું હટી જતા તલવારનો ઘા રોડ પર પડ્યો હતો. ત્યારબાદ ફરીથી મને મારવા જતાં મે મારા બંને હાથ આડા કરી દેતા કાંડા પર ઈજા થઈ હતી. ત્યારબાદ મેં મારા હાથથી તલવાર પકડી ખેંચી લઈને ફેંકી દીધી હતી.

# કુદરતી હાજતે ગયેલી સગીરાને ખેતરમાં જઈ નરાધમે કુકર્મ આચર્યું : ધરપકડ થઇ

(એજન્સી) મહેસાણા || તા.27



મહેસાણા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની 17 વર્ષીય સગીરા કુદરતી હાજતે ગઈ હતી.જ્યાં પરત ફરતા રસ્તામાં તેનો પીછો કરી પાછળથી આવી એક નરાધમ શખ્સ તેનું મોઢું દબાવી તેને નજીકના ખેતરમાં લઈ જઈ ધમકીઓ આપી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.જે કેસમાં સગીરાના પરિવાર લાંઘણજ પોલીસમાં મેઉ ગામના સંજય ગોવિદ ચૌધરી સામે ગુનો નોંધાવતા જ પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો હતો. ખેતરમાં પરિવાર સાથે રહેતી 17 વર્ષીય સગીરા સવારે કુદરતી હાજતે ગઈ હતી.આ દરમિયાન ચૌધરી સંજય નામના શખ્સ સગીરાનો એકલતાનો લાભ લઇ દુષ્કર્મ આચર્યું હતું. સમગ્ર કેસમાં સગીરાએ સમગ્ર મામલે પોતાના પરિવારને જાણ કરી હતી. સમગ્ર કેસમાં પરિવારે મેઉ ગામના સંજય ગોવિદ ભાઈ ચૌધરી નામના શખ્સ સામે પોક્સો અને દુષ્કર્મ સહિતના આરોપ સર ગુનો નોંધ્યો હતો.સમગ્ર કેસમાં લાંઘણજ પોલીસે મેઉ પોલીસ ગામેથી આરોપીને ઝડપી ભોગ બનનાર અને આરોપીનું મેડિકલ ચેકઅપ સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરાની જનતા સ્માર્ટ મીટરના મુદ્દે કોર્ટના દ્વાર ખખડાવવામાં આવશે

(એજન્સી) વડોદરા | તા.27

વડોદરામાં સ્માર્ટ વીજ મીટરની આગ દિન પ્રતિદિન વધુ પ્રજ્વલિત થઈ રહી છે ત્યારે જુના મીટરમાં એવી તો શું ખામી આવી કે રાતોરાત સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ કર્યું. આ અંગે જે લોકોને ત્યાં સ્માર્ટ મીટર લાગી ગયા છે તેવા વડોદરાના કેટલાક વિસ્તારો સહિત આસપાસના ભોગ બનેલા ગ્રામ્યજનોને એકત્ર કરીને સામાજિક કાર્યકરના નેજા હેઠળ જન આંદોલન અને ધરણાનો કાર્યક્રમ નક્કી કરવા સહિત કોર્ટના દ્વાર પણ ખખડાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના અકોટા ફતેગંજ ગોરવા સહિત અન્ય કેટલાક વિસ્તારોમાં સ્થાનિક રહીશોના જુના વીજ મીટર કાઢીને નવા સ્માર્ટ વીજ મીટર લગાવી દેવાયા છે. જેમાં સ્થાનિક રહીશ પાસેથી યેનકેન જૂનું રનીંગ વીજ બીલ માંગી લેવામાં આવે છે.

નહીં આપનારને દાઢ ધમકી આપવા સહિત ધરપકડ તથા રૂપિયા 10 હજાર સુધીની દંડની કાર્યવાહીની પણ બીક બતાવવામાં આવે છે. જુના વીજબિલ કરતા સ્માર્ટ મીટરનું બિલ ત્રણ ગણું આવતું હોવાની ફરિયાદો ઠેર ઠેર થી ઉઠી રહી છે જુના મીટરમાં બે મહિનાનું મળતું વીજ બિલ માત્ર 15 દિવસમાં સ્માર્ટ વીજ મીટરમાં રિચાર્જ કરાવવું પડે છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### કાનમેર ફાયરિંગ વીથ મર્ડર કેસમાં નાસતો-ફરતો શખ્સ ઝડપાયો

ગાંધીધામ: રાપર તાલુકાના કાનમેર નજીક નાના રણમાં મીઠું પકવવા માટે ઘુડખર અભયારણ્યની જમીન પર ગેરકાયદે કબજો જમાવવા થયેલા ફાયરિંગ સાથે હત્યાના ગુનામાં નાસતા ફરતા વધુ એક શખ્સને પોલીસે ઝડપી પાડયો છે. આ અંગે મળતી માહિતી મુજબ હત્યાના ગુનામાં નાસતા ફરતા લાકડીયાના વલીમામદ સુલેમાન ગગડાની ગત મોડી સાંજે પોલીસે ધરપકડ કરી છે. જેને ભચાઉ કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાયો હતો. ગુનાનું કાવતરું ઘડવામાં વલીમામદની સંડોવણી હોવાનું પોલીસે જણાવ્યું છે. આ બનાવમાં આરોપીઓએ ત્રણ બંદૂકોના ઉપયોગ કર્યો હતો.

### શખ્સે છેડતી કરતા 14 વર્ષની તરુણીનો ગળે ચપ્પુ ફેરવી આપઘાતનો પ્રયાસ

સુરત : સુરતના પરવત ગામમાં રહેતા શ્રમજીવી પરિવારની ધો.8 માં ભણતી 14 વર્ષની તરુણી અઠવાડીયા અગાઉ બાજુમાં રહેતી બહેનપણીના ઘરે ગઈ હતી ત્યારે બાથરૂમમાં નહાતા બહેનપણીના ભાઈએ ટુવાલ લેતી વખતે તેને બાથમાં ભીડી છેડતી કરી ધમકી આપી હતી.ગભરાયેલી તરુણીએ ગળે ચપ્પુ ફેરવી આપઘાતનો પ્રયાસ કરતા તરૂણીની માતાએ પાડોશી યુવાન વિરુદ્ધ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે 23 વર્ષીય યુવાનની ધરપકડ કરી છે.

# BTS ટાવરમાં બારીની ગ્રીલ તોડી 65 હજારની ચોરી કરાનાર ની ધરપકડ

(એજન્સી) વિસનગર | તા.27

વિસનગર તાલુકાના વાલમ ગામે B.S.N.L ટાવરની ઓફિસમાં રાત્રી દરમિયાન ચોરી થઈ હોવાની શંકા જતા ઈન્ચાર્જ જુનિયર ટેલિકોમ ઓફિસરે તાત્કાલિક વાલમ ગામે તેમના મિત્રને ફોન કરી જાણ કરી તપાસ કરવાનું કહ્યું હતું. જ્યાં બીએસએનએલ ટાવરની ઓફિસમાં જઈ તપાસ કરવા જતા પાછળ ની બારી તૂટેલી અને અંદર એક શખ્સ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તાત્કાલિક પોલીસ ને જાણ કરાતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ને શખ્સ ને ઝડપી લીધો હતો. જેમાં શખ્સે D.C કોપર વાયર, કોપરની અર્થીંગ પ્લેટ તેમજ કોપર પટ્ટીઓ મળી અંદાજે કુલ રૂ. 65000 ની ચોરી કરતા ઝડપી લઈ તેની વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીએસએનએલ ના ઈન્ચાર્જ જુનિયર ટેલિકોમ ઓફિસર રવી ચંપકભાઈ મોદી ગત તારીખ 26/05/2024ના રોજ રાત્રીના સમયે તેમના ઘરે હાજર હતા તે દરમિયાન તેમના મોબાઈલ ફોન પર વાલમ ખાતે આવેલ 2G મોબાઈલ BTS ટાવર બંધ થવાનો મેસેજ આવ્યો હતો. જેમાં રાત્રિનો સમય હોવાથી રવી મોદીને ચોરી થઈ હોવાનો શક થયો હોવાથી તેમને વાલમ ગામના એમના મિત્ર ઠાકોર પ્રહલાદજી વિરમાજીને ફોન કરી જાણ કરી હતી. જેમાં પ્રહલાદજીને ટાવરની ઓફિસમાં જઈ તપાસ કરવાનું જણાવતા પ્રહલાદજી ઠાકોરે ત્યાં જઈ તપાસ કરતા ટેલિકોમ એક્ષચેન્જની પાછળની બારી તૂટેલી છે અને અંદર કોઈ શખ્સ છે તેમ જણાવ્યું હતું.

જેમાં ઈન્ચાર્જ ટેલિકોમ ઓફિસર રવી મોદીએ તાલુકા પોલીસને જાણ કરતા પોલીસ દોડી જઇ ઓફિસનો દરવાજો ખોલી અંદર જતા શખ્સ પાસેથી D.C કોપર પાવર કેબલ, કોપરની અર્થિંગ પ્લેટ, કોપર પટ્ટીઓ ભરેલ થેલા સાથે મળી આવ્યો હતો. જેમાં શખ્સની પૂછપરછ કરતા તે કામલપુર (ગોઠવા) ગામનો અમિત મોહનભાઈ ચૌધરી હોવાનું જણાવ્યું હતું.

# તડકાથી રાહત આપતો શેડ તૂટ્યો : છાયડા માટે ટ્રાફિક સિગ્નલ પર ઊભા કરાયેલા શેડને બસે અડફેટે લીધો

(એજન્સી) વડોદરા | તા.27

વડોદરા શહેરના અકોટા દાંડિયા બજાર બ્રિજ પાસે સર્કલ પર ઊભા કરાયેલા શેડને લક્ઝરી બસે અડફેટે લેતા ધરાશાયી થયો હતો. જેમાં એક બાઇકચાલક ઈજાગ્રસ્ત થયો હતો. શેડ તૂટવાની સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ ગઈ હતી.

વડોદરા શહેરમાં પડી રહેલી આકરી ગરમીને પગલે ટ્રાફિક સિગ્નલ પર ઊભા રહેતા વાહનચાલકોને તડકામાં રાહત મળે તે માટે વડોદરા શહેર પોલીસ દ્વારા સિગ્નલ ઉપર ઊભેલા વાહનચાલકોને છાયડો મળે તે રીતના ગ્રીનનેટ વાળા શેડ ઊભા કરવામાં આવી રહ્યા છે. જે પૈકી દાંડિયા બજાર બ્રિજ પાસે રવિવારે બપોરે જ શેડ ઊભો કરાયો હતો. શનિ મંદિર પાસેનો આ શેડ અચાનક ધરાશાયી થતાં નાશભાગ મચી ગઈ હતી. જો કે, સ્થળ પરથી પસાર થતા એક બાઈકચાલકને પગમાં ઈજા પહોંચી હતી અને તેના બે બાળકો અને પત્નીનો બચાવ થયો હતો. વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલા યોગીનગર ખાતે રહેતા 40 વર્ષના નિવૃત્તિ ભાઈ મોરે, તેમના પત્ની અને બાળકો સાથે બાઈક ઉપર પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે રાત્રે અંદાજે 11:00 વાગ્યાના અરસામાં લક્ઝરી બસનું કેરિયર શેડમાં ફસાઈ ગયું હતું. જેથી ગ્રીન કલરના પડદા લગાડેલો લોખંડના એંગલ ઉપર ઊભો કરાયેલો શેડ અચાનક ધરાશાયી થઈ ગયો હતો.

શેડ ધરાશાયી થતાં બાઈક ચાલક નિવૃત્તિ ભાઈના જમણા પગમાં ઈજાઓ પહોંચી હતી. તેમણે તંત્ર સમક્ષ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, તંત્રની બેદરકારીને પગલે મારા પત્ની અથવા બાળકને જીવ ગુમાવવાનો વારો આવ્યો હોત. શેડ તૂટી જતાં ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનિય છે કે, ટ્રાફિક સિગ્નલ પર વાહનચાલકોને ગરમથી રાહત આપવા માટે વડોદરા પોલીસ દ્વારા વિવિધ સર્કલો ઉપર ગ્રીન નેટના શેડ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી શુક્રવારથી શરૂ કરવામાં આવી છે અને રોજ અલગ-અલગ સર્કલો ઉપર આ શેડ તૈયાર કરાઈ રહ્યા છે.



# બનાવટી દસ્તાવેજ કાંડ : ષડયંત્રના સાથીદાર બન્ને શખ્સ બે દિવસના પોલીસ રિમાન્ડ પર

(એજન્સી) ભાવનગર | તા.27

ક્રાઈમ બ્રાંચની ટીમે ભુંડા ભૂતકાળથી ખરડાયેલા અને ષડયંત્રના સાથીદાર બનેલા બે મોટા માથાને ઉઠાવી લેતા ચર્ચાસ્પદ બનેલા સમગ્ર પ્રકરણે હવે નવો જ વળાંક લીધો છે. એલસીબીએ ઝડપી લીધેલા બન્ને શખ્સને પાંચ દિવસના રિમાન્ડની માંગણી સાથે ભાવનગર રેલવે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.શહેરમાં ચર્ચાસ્પદ બનેલા બનાવની મળતી વિગત અનુસાર શહેરના વિજયરાજનગર, નાની પ્રગતિ મંડળની વાડીની બાજુમાં પ્લોટ નં.૫૭૬/બીમાં રહેતા વલ્લભભાઈ મેઘજીભાઈ વીરડિયાની વરતેજ ખાતે રેવન્યુ સર્વે નં.૧૯૩ પૈકી એકના પ્લોટ નં.૧૧થી ૧૮ની જમીનના ટાઈટલ ક્લિયરન્સની વર્તમાન પત્રમાં આપેલી જાહેર નોટિસ જોઈ મહાવીરસિંહ ઉર્ફે ગલકું ગોહિલ અને તેના મળતિયાઓએ બનાવટી સાટાખત અને કુલમુખત્યારનામુ બનાવી વાંધા અરજી કર્યા બાદ સેટલમેન્ટ કરી તગડી રકમ પડાવી લેવા આખુંય ષડયંત્ર રચ્યું હતું. આ કૌભાંડને અંજામ આપવા તેમજ મિલકતધારકને ડરાવવા માટે મહાવીરસિંહ ગોહિલે અલગ-અલગ સરકારી કચેરીઓમાં અરજીઓ પણ કરી હતી. જો કે, 'પાપ છાપરે ચડી પોકારે..'એ કહેવત મુજબ વલ્લભભાઈએ માથાભારે શખ્સોના તાબે થવાના બદલે હિંમત દાખવી હતી અને ભૂતકાળમાં પણ રૂપિયા પડાવવા બનાવટી દસ્તાવેજ બનાવી ઠગાઈકાંડ આચરનારો મહાવીરસિંહ ગોહિલ દૂધે ધોયેલો ન હોય, વલ્લભભાઈએ મહાવીરસિંહ અને તપાસમાં ખુલે તે તમામ તેના મળતિયા સામે વરતેજ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી હતી.

### ન્યુઝ ફ્લેશ

## કચ્છ જિલ્લામાં આવેલા તમામ ગેમઝોન નિયમાનુસાર છે કે કેમ? તપાસ

ભુજ | રાજકોટમાં ગેમ ઝોનમાં લાગેલી વિકરાળ આગના બનાવ બાદ કચ્છ જિલ્લાનું વહીવટી તંત્ર પણ જાગ્યું છે. રાજ્ય સરકારની સુચના બાદ આજે રવિવારે પણ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. જેમાં, વિવિધ વિભાગોના અધિકારીઓની સંયુકત ટીમો બનાવીને તપાસ કરાશે અને ત્યારબાદ જિલ્લા કલેકટરને અહેવાલ રજુ કરાશે. કચ્છ જિલ્લામાં આવેલા ગેમઝોનના સંચાલન સંબંધે તકેદારી રાખવા તેમજ તપાસ કરવા બાબતે આજરોજ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરએ કચ્છ જિલ્લામાં આવેલા તમામ ગેમઝોનની ચકાસણી કરવા માટે વિવિધ ટીમો બનાવીને કામગીરી કરવા સૂચના આપી હતી.

## આણંદમાં રવિવારે 42.5 ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું

આણંદ | આણંદ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી અંગ દઝાડતી ગરમીને લઈ ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું. છેલ્લા બે દિવસથી આણંદ જિલ્લામાં ૪૪ થી વધુ ડિગ્રી તાપમાનનો પારો પહોંચ્યો હતો. રવિવારના દિવસે સવારથી ગરમીમાં જિલ્લાવાસીઓએ આંશિક રાહત મેળવી હતી. આણંદ કૃષિ યુનિ.ના હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા ચાર દિવસથી આણંદ જિલ્લામાં શરીરને દઝાડતી ગરમીનો અહેસાસ થયો હતો. છેલ્લા બે દિવસથી જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રવિવારના રોજ હવામાન ખાતાના જણાવ્યા મુજબ આણંદમાં મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી નોંધાયું છે જ્યારે લઘુત્તમ તાપમાન ૩૦.૦ ડિગ્રી નોંધાયું હોવાના અહેવાલ જણાવ્યા છે.

## અલીણા પણસોરા રોડ ઉપર ઈકોની ટક્કરે એક્ટિવામાં સવાર 2 યુવકનાં મોત

નડિયાદ : મહુધા તાલુકાના અલીણા પણસોરા રોડ ઉપર શનિવારે સાંજે ઈકો ગાડીએ એક્ટીવાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલાં એક યુવકનું ઘટના સ્થળે જ્યારે બીજા યુવકનું સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતા રસ્તામાં જ મોત નિપજ્યું હતું. આ અકસ્માતના બનાવ સંદર્ભે મહુધા પોલીસે ઈકો ગાડીના ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.મહુધા તાલુકાના શેરી ગામમાં રહેતા કાતકભાઈ સુરેશભાઈ પરમાર તથા વિક્રમભાઈ ભીખાભાઈ ચૌહાણ ગઈકાલે શનિવારે સાંજે એક્ટીવામાં પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવા ગયા હતા. તેઓ પેટ્રોલ પુરાવી પરત આવી રહ્યા હતા. ત્યારે અલીણા પણસોરા રોડ ઉપર મીઠીયાના ગરનાળા નજીક પણસોરા તરફથી આવતી ઈકો ગાડીએ એક્ટીવાને ટક્કર મારતા એક્ટીવા સવાર બંને યુવકને રોડ ઉપર પડી જતા માથામાં તેમજ શરીર ઉપર ગંભીર ઈજા થઈ હતી.

### તંત્ર જાગ્યુ, રાજ્ય સરકારની સૂચના મુજબ શહેર અને જિલ્લામાં કમિટીની રચના

# રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ ભાવનગર શહેર અને જિલ્લાના ગેમ ઝોનમાં તપાસનો ધમધમાટ

(એજન્સી) ભાવનગર | તા.27

સરકાર તેમજ સરકારી તંત્ર ઘટના બને ત્યાર બાદ જ એકશનમાં આવે છે અને તેવુ જ હાલ જોવા મળી રહ્યુ છે. રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ સરકાર અને સરકારી તંત્ર જાગ્યુ છે. રાજકોટની અગ્નિકાંડની ઘટનાના પગલે રાજ્યભરમાં ખળભળાટ મચી જવા પામેલ છે. આ અગ્નિકાંડની ઘટનામાં બાળકો સહિત ૨૮ લોકોના મોત નિપજતા છે ત્યારે હવે સરકાર અને સરકારી તંત્ર સક્રીય થયા છે. રાજ્ય સરકારની સૂચના મુજબ ભાવનગર શહેર અને જિલ્લામાં કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી દ્વારા શહેર અને જિલ્લાના ગેમ ઝોનમાં ફાયર સહિતના નિયમનુ પાલન થાય છે કે નહીં ? તેની તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ તમામ ગેમ ઝોન બંધ કરાવી દેવામાં આવ્યા છે અને જે ગેમ ઝોનમાં નિયમનુ પાલન થતુ હશે તે ગેમ ઝોન આગામી દિવસોમાં શરૂ કરવા મંજૂરી અપાશે.

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ સરકારની સૂચના મુજબ ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર અને જિલ્લામાં આવેલ ગેમીંગ ઝોન, હોટલ્સ, મોલ્સ, રેસ્ટોરન્ટ તથા બેન્કવેટ હોલ વગેરે જેવી જગ્યાઓ જ્યા નાગરિકો મોટા પ્રમાણમાં એકત્રીત થાય છે તેવી જગ્યાઓમાં ફાયર સેફટી અને તેને સંલગ્ન અન્ય બાબતોની ચકાસણી કરવા કમિટીની રચના કરવામાં આવી છે. મહાપાલિકાએ અધ્યક્ષ સહિત ૭ સભ્યની કમિટી બનાવી છે, જેમાં ચીફ ફાયર ઓફિસર, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-ભાવનગર શહેર, કાર્યપાલક ઈજનેર-સીટી એકમ-૧,પી.જી.વી.સી.એલ., ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર/ ટાઉન પ્લાનીંગ ઓફિસર ભાવનગર મહાનગરપાલિકા, પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી., એસ.પી. કચેરી, ભાવનગર., નાયબ કાર્યપાલક ઈજનેર, (ઈલે.મીકે.) ભાવનગર મહાનગરપાલિકા ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેકટર, ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેકટરની કચેરી-ભાવનગર વગેરેનો સમાવેશ થાય છે.

મહાપાલિકાની કમિટીએ આજે રવિવારે શહેરના ગેમ ઝોનમાં તપાસ હાથ ધરી હતી અને ત્રણ ગેમ ઝોનને સીલ કરવામાં આવ્યા હતા, જેમાં રંગોલી ફન પાર્ક-વરતેજ, આર.કે.પોલો ફન બ્લાસ્ટ-વરતેજ, ટેરોર ગેમ ઝોન-સંસ્કાર મંડળ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જિલ્લામાં મહુવા ખાતે આવેલ એક ગેમ ઝોનને જિલ્લાની કમિટિએ બંધ કરાવેલ છે. શહેર અને જિલ્લાના તમામ ગેમ ઝોનમાં તપાસ કરી મહાપાલિકા કમિશનર અને જિલ્લા કલેક્ટરને રીપોર્ટ સોંપવામાં આવશે, જે ગેમ ઝોનમાં તમામ નિયમનુ પાલન થતુ હશે તે ગેમ ઝોનને મંજૂરી આપવામાં આવશે તેમ સુત્રોએ જણાવેલ છે. ચીફ ફાયર ઓફિસર ધ્વારા ગેમીંગ ઝોનમાં ક્ષેત્રફળ મુજબ મહત્તમ વહન ક્ષમતા જાહેરમાં નિર્દેશિત થયેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવાની રહેશે. જો આમ કરવામાં આવેલ ન હોય તો તે તાત્કાલીક નકકી કરી તે મુજબ જાહેર જનતાને જાણ થાય તે રીતે પ્રદર્શિત કરાવવાની રહેશે. ચીફ ફાયર ઓફિસર, ટાઉન ડેવલમેન્ટ ઓફિસર તથા ટાઉન પ્લાનીંગ ઓફિસર ધ્વારા એસ્કેપ રૂટ / બહાર જવાના રસ્તા નિયત થયેલ છે કે કેમ ? તેમજ જરૂરી ફાયર સિસ્ટમ લગાડેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની રહેશે. ગેમીંગ ઝોનમાં લગાવેલ ઉપકરણો અનુસાર પાવરલોડ છે કે કેમ ? તેમજ લગાવેલ અન્ય ઈલેક્ટ્રીક સંસાધનો/કિબલ યોગ્ય છે કે કેમ ? તે બાબતે કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ. ધ્વારા ચકાસણી કરવાની રહેશે તથા જો તે યોગ્ય ન હોય તો તે યોગ્ય કરાવવા બાબતે તાત્કાલીક કાર્યવાહી કરાવવાની રહેશે.



## રાજકોટ જેવી ઘટનાનું પુનરાવર્તન કચ્છમાં ન થાય : અધિકારીઓને હવે સેફ્ટી યાદ આવી!

(એજન્સી) ભુજ | તા.27

રાજકોટમાં ગેમ ઝોનમાં આગ ભભુકી હતી જેમાં ૨૮ જિંદગી બળીને ખાખ થઈ ગઈ હતી. આ અગ્નિકાંડની ઘટના બાદ ગુજરાતનું વહીવટી તંત્ર કુંભકર્ણી નિંદ્રામાં જાગ્યું છે. અધિકારીઓને હવે સેફટી યાદ આવી છે. ગત સાંજની ઘટના બાદ રાજયભરના ગેમ ઝોનમાં ચકાસણીના આદેશ થયા છે. જેના ભાગરૂપે આજે ભુજમાં પણ ડી માર્ટ પાસે આવેલા ગેમ ઝોનમાં ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસર, ફાયરબ્રિગેડના અધિકારીઓ, પીજીવીસીએલ, પોલીસ તેમજ આરએન્ડબીના અધિકારીઓ સહિતના વિભાગોની સંયુકત ટીમ દ્વારા આ ગેમ ઝોન સરકારના નિયમોનુસાર છે કે કેમ? ફાયર એનઓસી છે કે કેમ? તે અંગેની પરમિશનની બારીકાઈથી તપાસ કરવામાં આવી હતી. તેમજ ગાંધીધામ ખાતે પણ ગેમ ઝોનની તપાસણી કરાઈ હતી. ભુજ ખાતે ફાયર એનઓસી આખી બિલ્ડીંગની હોવાનું જાણવા મળ્યું હતું.

### અગ્નિકાંડમાં આશરે 28 લોકોના મોત નિપજયા

# રાજકોટ અગ્નિકાંડની દર્દનાક ઘટના : ભાવનગરના વકીલ સહિત બે ગૂમ

(એજન્સી) ભાવનગર | તા.27



રાજકોટના એક ગેમ ઝોનમાં ગત શનિવારે અગ્નિકાંડની ઘટના બની હતી, જેમાં બાળકો સહિતના આશરે ૨૮ લોકોના મોત નિપજતા અરેરાટી મચી જવા પામી હતી. આ ઘટના બાદ ભાવનગર શહેર અને જિલ્લાના બે વ્યકિત ગુમ હોવાનુ જાણવા મળેલ છે. બંને યુવાનનો કોઈ સંપર્ક નહીં થતા તેના પરિવારજનો ચિંતીત છે. સરકારી તંત્ર પાસેથી મળતી વિગતો અનુસાર, રાજકોટના નાના મવા રોડ પર સયાજી હોટેલ પાસે બનેલા ટીઆરપી ગેમઝોનમાં ગત શનિવારે સાંજના સમયે અગ્નિકાંડની ઘટના બનતા દોડધામ મચી જવા પામી હતી, જેમાં બાળકો સહિત ૨૮ લોકો ભડથું થઈ જતા અરેરાટી મચી જવા પામી હતી. મૃતકોની ઓળખ થાય તેમ ન હોવાથી તેઓના ડીએનએના આધારે મૃતકની ઓળખ કરવામાં આવશે. આ ગેમ ઝોનમાં ભાવનગર શહેર અને જિલ્લાના બે યુવાન હતા પરંતુ આ યુવાનો હાલ ગુમ છે, જેમાં વકીલ ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ (આશરે ઉ. ૩૪ રહે. શાંતીનગર, કાળીયાબીડ, ભાવનગર) અને કલ્પેશ પ્રવીણભાઈ બગડા (આશરે ઉ. ૨૦ રહે. રબારીકા ગામ, તા. જેસર, જિ. ભાવનગર)નો સમાવેશ થાય છે. આ બંને યુવાનનો સંપર્ક નહીં થતા તેના પરિવારજનો ચિંતીત છે અને બંને યુવાનની શોધખોળ ચાલી રહી છે.

ઓમદેવસિંહ ગોહિલ રાજકોટ તેના સંબંધીના ઘરે ગયા હતા અને સંબંધીઓ સાથે ટીઆરપી ગેમ ઝોનમાં ગયા હતા પરંતુ અગ્નિકાંડની ઘટના બાદ તેઓનો સંપર્ક થતો નથી, જયારે કલ્પેશ બગડા ટીઆરપી ગેમ ઝોનમાં નોકરી કરતા હતા અને તેઓ હાલ રાજકોટ ખાતે રહેતા હતા પરંતુ તેઓનો પણ સંપર્ક થતો નથી તેમ ભાવનગર જિલ્લા કલેક્ટરના ડિઝાસ્ટર વિભાગના સુત્રોએ માહિતી આપતા જણાવેલ છે.

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ લોકોમાં રોષ ફાટી નિકળ્યો છે અને લોકો સરકારની ટીકા કરી રહ્યા છે. આ ઘટનાના જવાબદારો સામે કડકમાં કડક પગલા લેવામાં આવે તેવી લોકો માંગ ઉઠાવી રહ્યા છે.



## છોટાઉદેપુરની ઓરસંગ નદીમાં રાતના સમયે ટ્રેક્ટરો મારફતે બેફામ રેતી ખનન

(એજન્સી) છોટાઉદેપુર | તા.27

છોટાઉદેપુર નગર સહિત જિલ્લામાંથી પસાર થતી ઓરસંગ નદીમાં બેફામ રેતી ખનન થઇ રહ્યુ છે.જે જગ્યા ઉપર લીઝો ફાળવી નથી ત્યા ગેરકાયદે રાતના સમયે બેફામ ટ્રેક્ટરોમાં રેતી ભરી વહન થઇ રહી છે.જ્યારે ઘણી જગ્યાએ હિટાચી મશીન જ ઉતારી રેતી ઉલેચી રહ્યા છે.ગેરકાયદે થતું ખોદકામ અટકાવાવ તંત્ર નિષ્ફળ નિવડયુ છે. વોટર વર્ક્સની આસપાસ ગેરકાયદે રેતી ખનનથી પાણીના સ્તા ઊંડા ઉતરી ગયા છે.જેના કારણે લોકોને પૂરતું પાણી મળતુ નથી.હાલ વેચાતું પાણી મંગાવવાનો વારો આવ્યો છે. છોટાઉદેપુરમાંથી પસાર થતી ઓરસંગ નદીમાં નગરપાલિકા સંચાલિત બે વોટર વર્કસ આવેલા છે. જે વોટર વર્ક્સ છોટાઉદેપુર નગરની ૩૫,૦૦૦ ની વસ્તીને પાણી પૂરું પાડે છે.જેની ફરતે આજથી ૧૫ વર્ષ પહેલાં રેતીના થર જોવા મળતા હતા.જે હાલ બેફાન રેતી ખનનથી ગાયબ થતાં પાણીના સ્તર પણ ઊંડા ઉતરી ગયા છે. જેથી અગાઉના સમયમાં મે માસ સુધી નદીમાં પાણી રહેતું હતું.જે હવે માર્ચ માસમાં જ સમાપ્ત થઈ જતાં નગરની જનતાને પાણીની તકલીફ પડે છે.



## ઠાસરાના ફેરકુવામાં 6 મહિનાથી લોકોને પીવાના પાણીનાં વલખાં

(એજન્સી) ઠાસરા | તા.27

ઠાસરા નગર પાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૩માં આવેલા ફેરકુવા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી આદિવાસી કુટુંબોને પીવાનું પાણી મળતું નથી. આશરે ૧૫થી વધુ કુટુંબોના ભાઈ-બહેનો પીવાના પાણી માટે ભરઉનાળે વલખા મારવા મજબૂર બન્યા છે. ત્યારે તંત્ર સત્વરે સમસ્યા હલ કરે તેવી માંગણી ઉઠી છે. ફેરકુવાની ઈન્દિરા નગરીમાં નગરપાલિકા દ્વારા એક બોર અને ઈલેક્ટ્રિક મોટર મૂકી આપી છે. પરંતુ ઈલેકટીક મોટરની કેપેસિટી ખૂબ ઓછી હોવાથી બોરમાંથી જરૂરિયાત મુજબનું પાણી મળતું નથી. બોરના સ્થળથી ડાબી બાજુએ રહેતા ૧૫ કુટુંબોના રહેઠાણ ઉંચાભાગે હોવાથી મોટરનું પાણી ચડી શકતું નથી અને સવારે અને સાંજે પાણી નીચાણવાળા ભાગે જતું રહેતું હોવાથી ૧૫ કુટુંબો પીવાના પાણી મેળવવા ઘરોની સામે ઊંડા ખાડા કરી પાણી મેળવવા પ્રયત્નો કરે છે. છતાં પાણી છેલ્લા ૬ મહિનાથી મળતું નથી. છેલ્લા છ મહિનાથી વધુ સમયથી આ પીવાના પાણીની સમસ્યા હોવાથી સ્થાનિક પાણીની સમસ્યા કાયમી ધોરણે દૂર કરવા લેખિતમાં અરજી આપવા છતાં છેલ્લા છ મહિનાથી તંત્રના પેટનું પાણી હાલતું નથી.



## આણંદમાં ફાયર સેફ્ટિના મામલે બે ગેમઝોનને સીલ મરાયા

(એજન્સી) આણંદ | તા.27

આણંદ શહેરમાં આવેલા વિવિધ ગેમઝોનમાં રવિવારે વહિવટીતંત્ર દ્વારા ફાયર સેફ્ટિ અને એનઓસી અંગે ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં સોજિત્રા રોડ પર આવેલા મારુતિ સોલારીસ મોલમાં આવેલા 'ટાઈમઝોન ગેમઝોન' માંફાયર સેફ્ટિનો અભાવ અને ફાયર એનઓસી ન હોવાથી તેને સીલ મારી દેવાયું હતું. તેવી જ રીતે કરમસદના શાન મોલમાં આવેલા 'ગૂગલી વૂગલી 'ગેમઝોનમાં પણ ફાયર સેફ્ટીનો અભાવ જોવા મળતા તેને પણ સીલ મારી દેવાયું હતું.રાજકોટ શહેરમાં આવેલ એક ગેમઝોનમાં લાગેલ વિકરાળ આગે મોતનું તાંડવ સર્જતા ૨૮ વ્યક્તિઓ જીવતા ભૂંજાયા હતા. ફાયર, એનઓસી સહિતની મંજૂરી વગર ધમધમતા વિવિધ એકમોએ તંત્રની પોલ ખોલી છે ત્યારે રાજ્યભરમાં થયેલા આદેશને પગલે આણંદ જિલ્લાના વિવિધ મોલમાં આવેલ ગેમઝોનમાં ફાયર સેફ્ટી અંગે ચકાસણી હાથ ધરાઈ હતી.



## વલ્લભીપુરની ઘેલો નદીમાં ગટરનું ગંદુ પાણી ઠલવાતા લોકોમાં આક્રોશ

(એજન્સી) વલ્લભીપુર | તા.27

વલ્લભીપુર શહેરમાંથી પસાર થતી ઉન્મત ગંગા તરીકે ઓળખાતી ઘેલો નદીમાં તંત્રની ઘોર બેદરકારીના કારણે નદીમાં ગટરના પાણી ભળી જતાં ઘેલો નદી દૂષિત બની જતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના શાકભાજી તેમજ અન્ય પાકને દૂષિત પાણીના કારણે વ્યાપક પ્રમાણમાં નુકશાન થઈ રહ્યુ છે. જેને લઈ શહેરીજનોમાં તેમજ નદી કાંઠાના ખેત મજૂરોમાં સત્તાતંત્ર સામે આક્રોશ વ્યાપેલ છે. પ્રાપ્ત માહિતી મુજબ વલ્લભીપુર શહેરમાં પવિત્ર મનાતી ઘેલો નદીમાં હાલ પાલિકાના પાપે ખૂબ જ દુષિત પાણી ઠલવાઈ રહ્યુ છે જે ગટરનું દુષિત પાણી પાલિકા જ ઠાલવી રહી છે. અને ગંદકી પણ ખુબ મોટા પ્રમાણમાં જોવા મળી રહેલ છે. જે પાલિકા તંત્રએ સફાઈ પણ કોઈ દિવસ કરાવેલ ન હોય. વેજનાથવાળા રોડ ઉપર રિવરફ્રન્ટની સામેના ભાગમાં મોટા મોટા ગટરોના ભૂંગળાઓ મૂકવામાં આવ્યા છે અને અમુક વિસ્તારનું ગટરનું દૂષિત પાણી આ પવિત્ર ઘેલો નદીમાં ઠલવાઈ રહ્યું છે.

## ગાંધીધામ: 4માંથી બે ગેમઝોન પાસે ફાયર NOC નથી, અગ્નિશામકો પણ એક્સપાયર્ડ

(એજન્સી) ગાંધીધામ | તા.27

રાજકોટના ગેમ ઝોનમાં અગ્નિકાંડ સર્જાયા બાદ સરકાર અચાનક જાગી છે અને રાજ્યના તમામ ગેમ ઝોન બંધ કરી નાખવામાં આવ્યા છે અને તમામ જગ્યાએ વિવિધ વિભાગના અધિકારીઓની ટિમ બનાવી તપાસ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે ત્યારે ગાંધીધામમાં કાર્યરત ૪ મોટા ગેમ ઝોનમાં ગંભીર બેદરકારી સામે આવી છે. જેમાં ૪ પૈકીનાં ૨ પાસે તો ફાયર એનઓસી છે જ નહીં ઉપરાંત અગ્નિશામક પણ એક્સપાયર થયેલા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે મળતી માહિતી મુજબ અંજાર પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ગાંધીધામ વિસ્તારમાં આવેલા ગેમ ઝોનમાં તપાસ કરવા માટે એક ટીમ બનાવવામાં આવી હતી. જેમાં ગાંધીધામ મામલતદાર, પીજીવીસીએલના અધિકારી, ફાયર એન્ડ સેફ્ટી, જીડીએ, નગરપાલિકા વગેરેના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ઓમ સિનેપ્લેક્સ પાસે આવેલી ફન બ્લાસ્ટ તેના નજીક જ ઓરા બિલ્ડીંગમાં આવેલી ગેમ બોક્સ, આદિત્ય મોલ અંદર આવેલ રાજહંસ અને રોટરી સર્કલ પાસે ફ્રેન્ડ સ્ક્વેર બિલ્ડીંગમાં આવેલ લેમન કિડ્સ પ્લેનેટ નામના ગેમ ઝોનમાં તપાસ કરવામાં આવી હતી. ફાયર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ તપાસ દરમિયાન લેમન કિડ્સ પ્લેનેટ અને ગેમ બોક્સમાં તો ફાયર એનઓસી લેવામાં જ નથી આવી જ્યારે ગેમ બોક્સમાં જે ફાયર એક્ષટીંગ્યુશર છે તે એક્સપાયર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. તો બીજી તરફ ગાંધીધામ વિસ્તારમાં કુલ ૭ જેટલા ગેમ ઝોન છે જેમથી તંત્રએ માત્ર ૪ માં જ તપાસ કરી હતી. જ્યારે ટાગોર રોડ પર આવેલ ફન ગેલેરી, સિંધુ બાગ અને આદિપુર ખાતે આવેલ બગીચામાં તપાસ કરવામાં ન આવી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યુ હતું.

### 20 થી 25 ટન ચણાંનો ઓર્ડર આપતા આંધળો વિશ્વાસ કર્યો

# મહુવા યાર્ડના વેપારીના શખ્સે રૂા.15 લાખના ચણાં ચાંઉ કર્યા

(એજન્સી) ભાવનગર | તા.27


મહુવા માર્કેટીંગ યાર્ડના વેપારીને લાખો રૂપિયાની કિંમતના ૨૦થી ૨૫ ટન ચણાંનો મોટો ઓર્ડર મળતા યુવા વેપારીએ એક ઠગભગત શખ્સ ઉપર આંધળો વિશ્વાસ કરી વલસાડ માલ મોકલી દીધા બાદ રૂા.૧૫,૭૬,૧૦૦ની રકમ ન મળતા તેમણે છેતરપિંડી અને વિશ્વાસઘાત થયા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર મહુવા તાલુકાના મોટા ખુંટવડા ગામે મુખ્ય બજારમાં રહેતા અને મહુવા માર્કેટિંગ યાર્ડમાં અમિન ટ્રેડર્સ નામની દુકાન ધરાવતા મિસમઅલી મહંમદઅલી નુરાણી (ઉ.વ.૨૩)ને ગત તા.૧૮-૩ના રોજ બપોરના સમયે હાર્દિક વિનોદભાઈ ભાદરા (રહે, શોપ નં ૧, પંચવટી સોસાયટી, કૈલાસ રોડ, પારડી, સાંધપોર, વલસાડ, મુળ ૪૯, દિગ્વિજય પ્લોટ, હનુમાન ટેકરી, જામનગર) નામના શખ્સે ફોન કરી પોતે કમિશન એજન્ટ હોવા અંગેની ઓળખાણ આપી વિશ્વાસ કેળવી ૨૦થી ૨૫ ટન આખા ચણાં જોઈતા હોવાનું કહ્યું હતું. જેથી વેપારીએ ચણાંના સેમ્પલનો ફોટો વોટ્સએપમાં મોકલ્યા બાદ હાર્દિકે ઓર્ડર આપતા તેની સાથે વાત થયા મુજબ ટ્રાન્સપોટેશન ભાડું રૂા.૪૫ હજાર અને ૩૦ કિલો વજનના ચણાંના કટ્ટા નંગ ૮૩૫ (કુલ ૨૫,૧૦૦ કિ.ગ્રા) (કિ.રૂા.૧૫,૩૧,૧૦૦ ) મળી કુલ ૧૫,૭૬,૧૦૦ રૂપિયા આપવાની બોલીએ ગત તા.૨૪-૩ના રોજ વેપારીએ યાર્ડમાં આવેલા તેના ગોડાઉનમાંથી માલ ટ્રક નં.જીજે.૦૬.એએક્સ.૯૬૮૮માં ભરીને વલસાડ મોકલી આપ્યો હતો. ત્યારે હાર્દિકે તેનું ગોડાઉન સાંઈતીર્થ કોમ્પ્લેક્ષ, ખારેલ ચોકડી, ગણદેવી ગામ, સાપુતારા હાઈવે, બારીયાચ ટોલનાકા પછી, નવસારી ખાતે હોય, ત્યાં માલ મોકલવા કહેતા ડ્રાઈવરે ગત તા.૨૬-૩ના રોજ ચણાંનો માલ ગોડાઉન ખાતે ઉતારી આપ્યો હતો. ત્યારબાદ ભેજાબાજ શખ્સે વેપારીને ફોન કરી પૈસા મોકલી આપ્યાનો સ્ક્રીનશોર્ટ મોકલતા તેમણે તેમના ખાતામાં તપાસ કરી હતી. પરંતુ રૂપિયા જમા ન થતાં હાર્દિકને વાત કરતા તેણે સર્વર ડાઉન હશે બે-ત્રણ કલાકમાં તમારા પૈસા મળી જશે તેમ કહીં વિશ્વાસમાં લઈ મીઠીમીઠી વાતો કરી હતી. તેમ છતાં રૂપિયા ન મળતા વેપારીએ શખ્સને ફરી ફોન કર્યો હતો.

## ભાવનગરમાં 112 વર્ષ અગાઉ સૌથી ઊંચુ 46.9 ડિગ્રી તાપમાન નોંધાયું હતું


(એજન્સી) ભાવનગર | તા.27

ભાવનગરમાં છેલ્લા એક સપ્તાહ ઉપરાંતના સમયથી મહત્તમ ઉષ્ણતામાનનો પારો ૪૦ ડિગ્રી ઉપર જ રહેતા આકાશમાંથી થતી અગ્નિવર્ષાથી લોકો કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા છે ત્યારે આબોહવાના ઈતિહાસ પર એક દ્રષ્ટિપાત પ્રાસંગિક બની રહેશે. ભાવનગર જિલ્લો મોસમી આબોહવા ધરાવે છે. આથી ઋતુઓ અને આબોહવા પર મોસમી પવનોની અસર જણાય છે. જિલ્લામાં માર્ચથી મે મહિના સુધી તાપમાનનો પારો ક્રમશઃ ઊંચો જવા લાગે છે. સને ૧૯૮૨-૮૩ની જિલ્લાની આર્થિક રૂપરેખા પર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે, વર્ષ ૧૯૬૦માં જિલ્લા મથકનું સૌથી વધુ ઉષ્ણતામાન ૩૮ સેન્ટીગ્રેડ રહ્યું હતું. તો ૧૯૭૦ અને ૧૯૮૨ની સાલમાં અનુક્રમે ૪૨-૪૨ સે.ગ્રે. નોંધાયું હતું. મે માસમાં જિલ્લાનું સરેરાશ દૈનિક ગુરૂત્તમ તાપમાન ભાવનગર ખાતે ૩૯.૬ સે.ગ્રે. રહ્યું હતું. ભાવનગર ખાતે ૨૦મી સદીમાં વધુમાં વધુ તાપમાનના બે દિવસો ઈતિહાસમાં નોંધાયેલ છે. જેમાં ૨૪મી એપ્રિલ, ૧૯૫૪ના રોજ ૪૫ સે.ગ્રે. સુધી ઉષ્ણતામાનનો પારો ઊંચકાયો હતો.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.




**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.




**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.




**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.




**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.




**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.




**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.



**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# દેશમાં કાળઝાળ ગરમી છતાં બુકિંગમાં જબ્બર ઉછાળો આવ્યો

મુંબઇ : દેશમાં કાળઝાળ ગરમીથી બચવા આ વર્ષે ઉનાળુ પર્યટનથી 40 ટકાનો ઉછાળો નોંધાયો છે. આ દરમિયાન હોસ્પિટાલિટી અને ટ્રાવેલ સેવાઓમાં જોરદાર માંગ જોવા મળી રહી છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે લોકસભા ચૂંટણીમાં કોર્પોરેટ બેઠકો, પ્રોત્સાહનો, સંમેલનો અને પ્રદર્શનો બિઝનેસ પર નજીવી અસર જોવા મળી છે. હોટેલનો રિટેલ બિઝનેસ વધી રહ્યો છે. લોકો પસંદગીના વેકેશન સ્પોટ માટે બીચ ડેસ્ટિનેશન, પહાડી સ્થળો સાથે હરીફાઈ કરી રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે, દેશના ઉત્તર ભાગમાં રહેતા લોકો ગરમીથી બચવા માટે પહાડો પર જાય છે. શહેરોથી નજીકના પ્રવાસી અથવા લેઝર સ્થળો તરફ પણ અવરજવર છે. ઉદ્યોગના સૂત્રોનો અંદાજ છે કે આ વર્ષે ઉનાળાની મુસાફરી વાર્ષિક ધોરણે 30 થી 40 ટકા વધશે. મળતી માહિતી અનુસાર, પ્રવાસ આયોજન માટે ઉનાળો હંમેશા ફાયદાકારક હોય છે અને આ વર્ષે પણ આ ક્ષેત્રે તેજી ચાલુ રાખી છે.

# આદિત્ય બિરલા ગ્રૂપ $100 અબજનું એમ કેપ ધરાવતા જુથોમાં સમાવિષ્ટ

નવી દિલ્હી | આદિત્ય બિરલા જૂથની તમામ લિસ્ટેડ કંપનીઓના સંયુક્ત માર્કેટ કેપિટલાઇઝેશનનો આંકડો શુક્રવારે સૌપ્રથમ વાર 100 અબજ ડોલરના આંકને પાર કરી ગયો હતો. ગ્રુપની કંપનીઓ અલ્ટ્રાટેક સિમેન્ટ, હિંદાલકો અને વોડાફોન આઇડિયામાં તેજીને પગલે જુથ આ સીમાચિહન હાંસલ કર્યું છે. શુક્રવારના બંધ ભાવે આ જૂથની કુલ 12 લિસ્ટેડ કંપનીઓના સંયુક્ત માર્કેટ કેપિટલાઇઝેશનનો આંકડો 8.5 લાખ કરોડ નોંધાયો હતો, જેનુ મૂલ્ય 102 અબજ ડોલર જેટલું થાય છે. જૂથની કંપનીઓના માર્કેટ કેપિટલાઇઝેશનમાં વર્ષ 2024માં 11 ટકાનો વધારો નોંધાયો છે, જે આ સમયગાળામાં સેન્સેક્સ અને નિફ્ટીમાં જોવા મળેલા આશરે 6 ટકાના વધારાથી લગભગ બે ગણો છે. છેલ્લા એક વર્ષમાં ગ્રુપના કુલ એમ કેપમાં 34 અબજ ડોલરનો વધારો થયો છે. આ જુથ કુલ 12 લિસ્ટેડ કંપનીઓ ધરાવે છે, પરંતુ કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાંથી 36 ટકા હિસ્સો અલ્ટ્રાટેક સિમેન્ટના હિસ્સે આવે છે. આ કંપનીનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 2.95 લાખ કરોડ છે, જે તેને વિશ્વની સૌથી વધુ મુલ્યવાન કંપનીઓમાં ત્રીજુ સ્થાન આપે છે. ગ્રૂપની અન્ય કંપની ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ જુથના કુલ માર્કેટ કેપમાં 20 ટકા હિસ્સા સાથે બીજા સ્થાને આવે છે.

# નવા સપ્તાહમાં સકારાત્મક માહોલ જારી રહે એવી વકી છે

નવી દિલ્હી | આ સપ્તાહના અંતે આખરે મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ તથા નિફ્ટી 50 એ એના બધા જ અવરોધો તોડી ને એક નવો આયામ સ્થાપ્યો હતો, એટલે કે છેલ્લા કેટલાક સપ્તાહ થી આપણે જે રેન્જ વિષે ચર્ચા કરી હતી એ રેન્જ બંને સૂચકાંકો એ નોંધપાત્ર રીતે તોડી એના સર્વોચ્ચ સ્તર પર બંધ આવ્યા હતા, ગત બે-ત્રણ સપ્તાહની વોલેટિલિટી નો અંત આવ્યો હોય એવું વર્તાઈ રહ્યું છે, લોકસભાની ચૂંટણીના હવે બે તબક્કા જ બાકી છે ચૂંટણી એના અંતિમ પડાવ પર પોહચી છે એવા સંજોગોમાં એવું વર્તાઈ રહ્યું છે કે એક સ્થિર સરકાર નું ગઠન થશે એવી આશાએ આ સપ્તાહમાં ફંડોએ, HNI તથા FII એ ધૂમ તેજી કરી હતી, આ તેજીના મુખ્ય પરિબળો જોઈએ તો RBI દ્વારા સરકારને 2.11 લાખ કરોડ નું વિક્રમી ડિવિડન્ડ ચુકવણી ની મંજૂરી, ભારતના પ્રધાન મંત્રી દ્વારા ઈન્ટરવ્યૂમાં ચાર જૂન પછી બજાર નવા આયામ સર કરશે એવા આશાવાદ તથા આ વખતે ચોમાસુ કેરળ સુધી પોહચી રહ્યું છે એવા અહેવાલો ને પગલે ચોતરફ તેજી નો માહોલ સર્જાયો હતો આ સંજોગોમાં દરેક નું ધ્યાન અદાણી ગ્રુપ પર રહ્યું હતું જે નિફ્ટી 50 માં સાપ્તાહિક ટોપ ગેઈનર ના લિસ્ટમાં મોખરે હતું જેમાં અદાણી એન્ટરપ્રાઇઝ દસ ટકા તથા અદાણી પોર્ટ છ ટકા સાથે પેહલા પાંચ માં હતા, એ સિવાય લાર્સન પાંચ ટકા, એચડીએફ્સી બેંક સાડા ત્રણ ટકા, રિલાયન્સ ત્રણ ટકા તેજીના મુખ્ય આધારસ્તંભ રહ્યા હતા.

# ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા રિયલ ટાઈમ શેર પ્રાઈસ ડેટાના દુરૂપયોગને રોકવા નવા નિયમો

(એજન્સી) મુંબઇ | તા.27



વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ સહિત થર્ડ પાર્ટી સાથે શેરોના ભાવના ડેટાની વહેંચણીને નિયંત્રિત કરવા મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ નવા નિયમો રજૂ કર્યા છે. સેબીએ ખાસ કરીને ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ, એપ્સ અને વેબસાઈટ્સ દ્વારા આવા ડેટાના દુરૂપયોગને રોકવા માટે માર્ગદર્શિકા જારી કરી છે, જે લિસ્ટેડ કંપનીઓના રિયલ ટાઈમ શેરના ભાવોની વધઘટના આધારે વર્ચ્યુઅલ ટ્રેડીંગ સર્વિસિઝ અથવા ફેનટસી-કાલ્પનિક ગેમ્સ લોકોને ઓફર કરે છે. એવું જાણવા મળ્યું છે કે, અમુક ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ, એપ્લિકેશન્સ, વેબસાઈટ વગેરે (હવેથી પ્લેટફોર્મ તરીકે ઓળખાય છે) વર્ચ્યુઅલ ટ્રેડીંગ સર્વિસિઝ અથવા કાલ્પનિક ગેમ્સ ઓફર કરે છે, જે લિસ્ટેડ કંપનીઓના રિયલ ટાઈમ શેરના ભાવોની વધઘટ પર આધારિત છે. એમ સેબીએ જણાવ્યું હતું. આ મુદ્દાઓ ઉકેલવા માટે સેબીએ માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સ્ટીટ્યુશન્સ (એમઆઈઆઈ)ને વિવિધ ગાઈડલાઈન્સ જારી કરી છે, જેમાં સ્ટોક એક્સચેન્જો, ક્લિયરીંગ કોર્પોરેશનો અને ડિપોઝિટરીઝ અને રજીસ્ટર્ડ માર્કેટ ઈન્ટરમીડિયરીઝનો સમાવેશ છે. સેબીએ વધુ કહ્યું હતું કે, એમઆઈઆઈ અને માર્કેટ ઈન્ટરમીડિયરીઝે સુનિશ્ચિત કરવું જોઈએ કે, સિક્યુરિટીઝ માર્કેટની યોગ્ય કામગીરી અથવા નિયમનકારી પાલન માટે જરૂરી ન હોય ત્યાં સુધી રિયલ ટાઈમ પ્રાઈસ ડેટા કોઈ પણ થર્ડ પાર્ટી સાથે શેર-વહેંચવામાં ન આવે. આ સાથે વધુ કહ્યું છે કે, રિયલ ટાઈમ પ્રાઈસ ડેટા શેર કરવા ઈચ્છુક કંપનીઓએ ઔપચારિક સમજૂતીઓ કરવી આવશ્યક છે. જે સ્પષ્ટપણે પ્રવૃતિઓની રૂપરેખા આપતા હોવા જોઈએ. ડેટાનો જેના માટે ઉપયોગ કરવામાં આવશે. આ સાથે સિક્યુરિટીઝ માર્કેટની વ્યવસ્થિત કામગીરીને ટેકો આપે છે એ સુનિશ્ચિત કરવું જોઈએ. એમઆઈઆઈ અથવા મધ્યસ્થીઓના બોર્ડ દ્વારા દર વર્ષે એકમો અને એની પ્રવૃતિઓની સૂચીની સમીક્ષા કરવી આવશ્યક છે. નવી ગાઈડલાઈન્સ આ સર્ક્યુલર જારી થયાની તારીખથી ૩૦ દિવસ પછી અમલમાં આવશે એમ સેબીએ જણાવ્યું છે. સેબીના કહ્યા મુજબ રોકાણકારોના એજ્યુકેશન અને જાગૃતિ માટે બજાર ભાવનો ડેટા કોઈપણ નાણાકીય પ્રોત્સાહનો વિના શેર કરી શકાય છે, પરંતુ આ ડેટામાં એક દિવસનો વિલંબ થવો આવશ્યક છે. સેબીએ એમઆઈઆઈ અને મધ્યસ્થીઓને ડેટા શેર કરતી વખતે યોગ્ય ડ્યુ ડિલિજન્સ-ચકાસણી કરવા અને દુરૂપયોગને રોકવા માટે કરારમાં જોગવાઈઓ સામેલ કરવા નિર્દેશ આપ્યો છે.

# દક્ષિણ આફ્રિકામાં આ ભારતીય બેંક પર કરોડોનો દંડ, જાણો કારણ

(એજન્સી) પુણે | તા. 27

ભારતની સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈને દક્ષિણ આફ્રિકામાં મોટો આચકો લાગ્યો છે. દક્ષિણ આફ્રિકાના બેંકિંગ નિયામકે એસબીઆઈની એક બ્રાંચ પર કરોડોનો દંડ ફટકારી દીધો છે. એસબીઆઈએ આ અંગેની જાણકારી શેરબજારને આપી છે. ભારતીય સ્ટેટ બેંક દ્વારા રેગ્યુલેટરી ફાઈલિંગમાં શેરબજારને આપેલી જાણકારી પ્રમાણે તેની પર આ એક્શન દક્ષિણ આફ્રિકાની સેંટ્રલ બેંક અને બેંકિંગ નિયામક સાઉથ આફ્રિકન રિઝર્વ બેંકની પ્રૂડેશિયલ ઓથોરિટી દ્વારા લેવાયો છે. એક્શન હેઠળ આફ્રિકી સેંટ્રલ બેંકે એસબીઆઈ પર 10 મિલિયન રેંડ દંડ ફટકાર્યો છે. જે ભારતીય ચલણી નાણાં પ્રમાણે આશરે 4.5 કરોડ રૂપિયા થાય છે. ભારતની સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈ ઉપર લાગેલો દંડ બે ભાગમાં છે. અડધાથી થોડી રકમ 5.50 મિલિયન રેંડની ચુકવણી તાત્કાલિક કરવા કહેવાયું છે. એસબીઆઈના જણાવ્યા પ્રમાણે તેની પર એક દક્ષિણ આફ્રિકાની શાખાથી આની ચુકવણી કરી દીધી છે. 4.5 મિલિયન રેંડની બાકી ચુકવણી 36 મહિના માટે સસ્પેન્ડ કરાઈ છે. જેની ચુકવણી આપેલી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. એસબીઆઈ બેંક એ ભારતની સૌથી મોટી સરકારી બેંક છે. ગ્રાહકોની સંખ્યાએ તે દેશની સૌથી મોટી બેંક છે. માર્કેટ સાઈઝ પ્રમાણે બીજી બે ખાનગી બેંક આગળ નીકળી ગઈ છે. એચડીએફસી બેંક જૂથને એનબીએફસીના વિલયનો ફાયદો મળ્યો છે.

# અપેક્ષા કરતા વધુ ઉત્પાદનને કારણે ખાંડના ભાવ નિયંત્રણમાં રહેશે

(એજન્સી) નવી દિલ્હી| તા.27

સૌથી વધુ ખાંડ ઉત્પાદક દેશ બ્રાઝિલમાં ખાંડના ઉત્પાદનમાં ઘટાડો થયો હોવા છતાં આ વર્ષે વૈશ્વિક ખાંડના ઉત્પાદન પર કોઈ ખાસ અસર થવાની કોઈ શક્યતા નથી. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર અનુસાર, આ વર્ષે વૈશ્વિક ખાંડનું ઉત્પાદન ૨૫૦ લાખ ટન વધીને ૧૮૬૦ લાખ મેટ્રિક ટન થવાની ધારણા છે, જે બ્રાઝિલના ઓછા ઉત્પાદનની ભરપાઈ કરશે. ભારતમાં ખાંડનું ઉત્પાદન વધુ થવાનો અંદાજ છે. વપરાશની સરખામણીમાં વધુ ઉત્પાદનને કારણે ખાંડના ભાવ સ્થિર રહેવાના છે અને તેની સાથે ભારતીય ઉદ્યોગની નિકાસ માંગ મજબૂત બની છે. ભારતીય સુગર ઓર્ગેનાઈઝેશન ભલે આ વર્ષે દેશમાં ખાંડનું ઉત્પાદન ઓછું રહેવાનો અંદાજ લગાવી રહ્યું છે, પરંતુ વૈશ્વિક અહેવાલમાં ભારતમાં ખાંડનું ઉત્પાદન ગયા વર્ષ કરતાં વધુ રહેવાનો અંદાજ છે. થાઈલેન્ડમાં ખાંડનું ઉત્પાદન ૧૯ ટકા વધીને ૧૦૨ લાખ ટન થવાની ધારણા છે. ઓસ્ટ્રેલિયાનું ઉત્પાદન એક લાખ ટન વધીને ૪૨ લાખ ટન થવાનો અંદાજ છે જ્યારે ચીનનું ઉત્પાદન પાંચ લાખ ટન વધીને ૧૦૪ લાખ ટન થવાનો અંદાજ છે. આ વર્ષે બ્રાઝિલમાં ૧૫ લાખ મેટ્રિક ટન ઓછી ખાંડનું ઉત્પાદન થવાની ધારણા છે. ગયા વર્ષે વૈશ્વિક ખાંડનું ઉત્પાદન ૧૮૩૫ લાખ ટન હતું.

# બિટકોઈન બાદ હવે આ ક્રિપ્ટો કરન્સીને ઈટીએફ લોન્ચ કરવા મંજૂરી, કોઈનમાં અધધધ ઉછાળો

(એજન્સી) મુંબઈ | તા.25



SEC Approval For Ethereum ETF: યુએસ માર્કેટ્સ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC)એ ગુરુવારે Ethereumને નાસડેક, સીબીઓઈ અને NYSE પર એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) લોન્ચ કરવા મંજૂરી આપી છે. જો કે, હજુ ટ્રેડિંગ મામલે નિર્ણય લેવાયો નથી. પરંતુ તે દિશામાં આ એક મહત્વનું પગલું ગણાઈ રહ્યું છે. ક્રિપ્ટો માર્કેટની ટોચની બીજી ક્રિપ્ટો કરન્સી ઈથેરિયમ આજે નવી વાર્ષિક ટોચ 4092.28 ડોલર નજીક પહોંચ્યો છે. આજે 3.68 ટકા ઉછાળા સાથે 3892.53 ડોલર પર ટ્રેડ થઈ રહ્યો હતો. છેલ્લા સાત દિવસમાં ઈથેરિયમ 26.61 ટકા ઉછળ્યો છે. ઈથેરિયમનુ ઓલટાઈમ હાઈ લેવલ 4891.70 ડોલર છે. છેલ્લા 24 કલાકમાં 150 ડોલર વધી 3936.70 ડોલર થયો હતો. ક્રિપ્ટો માર્કેટમાં એવી અટકળો છે કે ETF મંજૂરીથી ETH (ઈથેરિયમ) ખરીદીમાં 60 ટકાની તેજી આવી શકે છે. 11 જાન્યુઆરીએ ETFએ ટ્રેડિંગ શરૂ કર્યાના બે અઠવાડિયા પછી બિટકોઈનના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતાં આ આગાહી કરવામાં આવી છે. 11 જાન્યુઆરીના રોજ ETF એ ટ્રેડિંગ શરૂ કર્યું તે પછીના બે સપ્તાહમાં બિટકોઈન $42,000થી વધી $73,000ની સપાટીએ પહોંચ્યો હતો. હવે, ક્રિપ્ટોકરન્સી ટ્રેડર્સ બિટકોઈનની સરખામણીમાં ETHમાં વધુ એક્સપોઝર મેળવી રહ્યા હોય તેવું લાગે છે. SECએ માર્કેટમાં ગેરરીતિ અને સટ્ટાકીય તત્વોનું પ્રમાણ વધવાની ચિંતાઓને કારણે બિટકોઈન ઈટીએફ માટેની અરજી એક દાયકાથી વધુ સમયથી નકારી હતી. પરંતુ ગ્રેસ્કેલ ઈન્વેસ્ટમેન્ટ્સે ગયા વર્ષે કોર્ટમાં નામંજૂરીને પડકારવામાં જીત હાંસલ કરતાં મંજૂરી આપવાની ફરજ પડી હતી.

# ચૂંટણી બાદ ઘઉંના ભાવમાં રહેશે રાહત! સરકારે ગત વર્ષ કરતા ખરીદી વધારી

(એજન્સી) મુંબઈ | તા.27

ગત વર્ષે ઘઉં અને ચોખાના વધતા ભાવે સામાન્ય માણસને મુશ્કેલીમાં મુકી દીધો હતો. ત્યાર બાદ સરકારે ભાવને નિયંત્રિત કરવા માટે બફર સ્ટોકમાંથી ઘઉંનું વેચાણ શરૂ કર્યું હતું. ઘઉં હરાજી દ્વારા જથ્થાબંધ વેપારીઓને વેચવામાં આવ્યા હતા જેણે ચૂંટણીના વર્ષમાં ઘઉંના ભાવ સમાન સ્તરે જાળવવામાં મદદ કરી હતી. ઘઉંના ભાવને સમાન સ્તરે જાળવી રાખવા માટે સરકારે આ વખતે ઘઉંની ખરીદીનો લક્ષ્યાંક વધાર્યો છે. પરંતુ ઘઉંની ખરીદીમાં શરૂઆતી ઘટાડા બાદ હવે તેમાં વધારો થયો છે. વર્ષ 2024-25માં ઘઉંની ખરીદી પાછલા વર્ષ કરતાં વધી ગઈ છે. આ સમયગાળા દરમિયાન ઘઉંની ખરીદી 262.48 લાખ ટન હતી જ્યારે ગયા વર્ષે કુલ ખરીદી 262.02 લાખ ટન હતી.

# IPOની સોશિયલ મિડિયા પર થતી ભ્રામક જાહેરાતોને અંકુશમાં લેવા સેબીની કાર્યવાહી

(એજન્સી) મુંબઈ | તા.27

SEBI Directed Companies Release 10 Minutes Video Before Launching IPO: સોશિયલ મીડિયા પર આઈપીઓની ભ્રામક જાહેરાતોનું પ્રમાણ વધતાં માર્કેટ રેગ્યુલેટર સેબીએ નવો નિર્દેશ જારી કર્યો છે. સેબીએ આઈપીઓ લોન્ચ કરતી કંપનીને લોન્ચિંગ પહેલાં 10 મિનિટનો વીડિયો બનાવી પોતાની વેબસાઈટ પર જારી કરવો પડશે. મોટાભાગના લોકો સોશિયલ મીડિયા પર વિશ્વાસ કરી રહ્યા છે, તેમજ ઈન્ફ્લુએન્સર્સ, કમ્યુનિટી અને ગ્રુપ્સ દ્વારા આપવામાં આવતી સલાહો અને જાહેરાતોને અનુસરે છે. તેમાંથી ઘણા શેર માર્કેટનું માર્કેટિંગ પણ કરી રહ્યા છે. જેમાં ઘણી પોસ્ટમાં તેઓ ખોટી માહિતી આપે છે, અને તેના આધારે શેરબજારમાં કરવામાં આવેલા રોકાણ પર રોકાણકારોને મોટુ નુકસાન થઈ રહ્યુ હોવાની ઘટનાઓ બની છે. સોશિયલ મીડિયા પર ઘણા ઈન્ફ્લુએન્સર્સ કોઈપણ કંપનીના શેર વિશે ભ્રામક માહિતી આપે છે. તેમની જાળમાં ફસાઈને, ઘણા રોકાણકારો તેમના દ્વારા ઉલ્લેખિત કંપનીના શેર અથવા આઈપીઓમાં તેમના નાણાંનું રોકાણ કરે છે. અને રોકાણકારોને નુકસાન થાય છે. સેબીએ રોકાણકારોને આવા ઈન્ફ્લુએન્સર્સથી દૂર રહેવાની સલાહ આપી છે. તેમજ IPO લોન્ચ કરનારી કંપનીઓને IPO લોન્ચ કરતાં પહેલા તેમની વેબસાઈટ પર 10 મિનિટનો વીડિયો પોસ્ટ કરવાની સૂચના આપવામાં આવી છે.

# NSEએ તેના ટ્રેડિંગ પરિમાણોમાં ફેરફાર કર્યા, રૂ. 250થી ઓછી કિંમતના શેરો માટે ટિક સાઈઝ બદલી

(એજન્સી) મુંબઈ | તા.27




NSE Changed Tick Size For Stocks: નેશનલ સ્ટોક એક્સચેન્જે (NSE) તેના ટ્રેડિંગ પરિમાણોમાં નોંધપાત્ર ફેરફારની જાહેરાત કરી છે. 10 જૂન, 2024ના રોજથી, NSE શેર દીઠ 250 થી ઓછી કિંમતના તમામ શેરો માટે એક પૈસાની ટિક સાઈઝ રજૂ કરશે. આ નિર્ણય 24 મે, 2024ના રોજ જારી સર્ક્યુલરમાં જણાવવામાં આવ્યો છે. બજારમાં પ્રાઈસ ડિસ્કવરીમાં સુધારો કરવા સંદર્ભે આ વ્યૂહાત્મક પગલું લેવામાં આવ્યું છે. કેટલાક બજાર સહભાગીઓના મતે, આ માપ NSE અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) વચ્ચે બજારના વર્ચસ્વ માટે તીવ્ર સ્પર્ધાને પ્રતિબિંબિત કરે છે. ટિક સાઈઝ એ બે બિડ અને ઓફર પ્રાઈસ વચ્ચેની લઘુત્તમ કિંમતમાં તફાવત દર્શાવે છે. એક્સચેન્જ દ્વારા ટિક સાઈઝ નિર્ધારિત કરવાથી નાની સકારાત્મક અને નકારાત્મક ઘટનાઓના લીધે શેરમાં થતી મોટી વધ-ઘટ પર લગામ મૂકે છે. ઉંચી વોલેટિલિટી ઘટે છે. જો ટિક સાઈઝ વધુ હોય તો ટ્રેડિંગ ખર્ચાળ બને છે, અને ઓછી ટિક સાઈઝ રોકાણકારોને ફાયદો કરાવે છે. નવી ટિક સાઈઝ ઈટીએફ તેમજ EQ, BE, BZ, BO, RL, અને AF સિરિઝ સિવાય તમામ સિક્યુરિટીઝ પણ લાગૂ થશે. અગાઉ આ આ સિક્યુરિટીઝ પર 5 પૈસાની ટિક સાઈઝ લાગૂ હતી. T+1 અને T+0 સેટલમેન્ટ પર પણ ટિક સાઈઝ લાગૂ થશે. વધુમાં કેપિટલ માર્કેટ સેગમેન્ટમાં ફેરફારો કરતાં એનએસઈએ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (F&O) સેગમેન્ટમાં રિવિઝન્સની જાહેરાત પણ કરી છે. સ્ટોક ફ્યુચર્સ માટે ટિક સાઈઝ હવે CM સેગમેન્ટમાં અંતર્ગત કિંમત સાથે લિંક કરવામાં આવશે. આ ફેરફારની માસિક ધોરણે સમીક્ષા કરવામાં આવશે, મહિનાના અંતિમ ટ્રેડિંગ દિવસે બંધ ભાવની મદદથી ટિક સાઈઝ નક્કી કરવામાં આવશે. સુધારેલ ટિક સાઈઝ તમામ સ્ટોક ફ્યુચર્સ એક્સપાયરી પર લાગુ થશે, જેમાં નિઅર-મંથ, મીડ-મંથ અને ફાર-મન્થ કોન્ટ્રાક્ટનો સમાવેશ થાય છે.

CM સેગમેન્ટ અને તેના અનુરૂપ સ્ટોક ફ્યુચર્સમાં અંતર્ગત સિક્યુરિટીઝની ટિક સાઈઝમાં કોઈપણ ફેરફારને કારણે સ્ટોક ઓપ્શન્સની ટિક સાઈઝમાં કોઈ ફેરફાર થશે નહીં. NSEએ જણાવ્યુ હતું કે, 'ટ્રેડિંગ સભ્યો નોંધ લે કે સિક્યુરિટીઝ માટે ટ્રેડિંગ માટે લાગુ ટિક સાઈઝ કોન્ટ્રાક્ટ/સ્પ્રેડ માસ્ટર ફાઈલોમાં ઉપલબ્ધ હશે.' આ ફેરફારનો ઉદ્દેશ ટ્રેડિંગની કાર્યક્ષમતા અને શેરની કિંમતનો અંદાજ કાઢવામાં ચોકસાઈ વધારવાનો છે. CM સેગમેન્ટમાં અંતર્ગત સિક્યુરિટીઝ સાથે ટિક સાઈઝને સંરેખિત કરવાનો અને સ્ટોક ફ્યુચર્સમાં આ ફેરફારો લાગુ કરવાનો નિર્ણય છે. જે સ્પર્ધાત્મક અને કાર્યક્ષમ ટ્રેડિંગ માહોલ જાળવવા માટે NSEની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# ઝેડ ટેક (ભારત) લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર 29 મે, 2024 બુધવારના રોજ ખુલશે

(એજન્સી) અમદાવાદ | તા.26

દિલ્હી સ્થિત ઝેડ ટેક (ભારત) લિમિટેડ ગ્રાહકોને નવીન, સલામત અને પર્યાવરણમિત્ર એવા ઈજનેરી ઉકેલો પ્રદાન કરવામાં રોકાયેલી કંપની છે. આ ઉકેલોમાં ત્રણ મુખ્ય કેટેગરીઝ શામેલ છે: જેમાં સસ્ટેનેબલ થીમ પાર્ક ડેવલપમેન્ટ, ઔદ્યોગિક કચરો અને જળવ્યવસ્થાપન ઉપરાંત તકનીકી વિશિષ્ટ ઉકેલોનો પણ સમાવેશ થાય છે. કંપનીએ રૂ. 10ની ફેસવેલ્યુના એક શેરની પ્રાઈસ બેન્ડને રૂ .104- રૂ .110 નક્કી કરી છે. પ્રારંભિક જાહેર ઓફર કંપનીની "(આઈપીઓ" અથવા "ઓફર") બુધવારે, 29 મે 2024 ના રોજ, સબ્સ્ક્રિપ્શન માટે ખૂલશે અને શુક્રવાર, 31 મે, 2024 ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 1200 ઈક્વિટી શેર માટે બોલી લગાવી શકે છે. અને ત્યારબાદ 1200 ના ગુણાકારમાં બોલી લગાવી શકશે. રૂ 37.30 કરોડ એકત્રીત કરવા માટે ૩૩,૯૧,૨૦૦ ઈક્વિટી શેર્સ બહાર પાડવામાં આવશે. તે રૂ. 23.76 કરોડ કાર્યકારી મૂડી માટે, અને બાકીના સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે વપરાશે. કુમારી સંઘમિત્રા બોર્ગોહેન કંપનીના પ્રમોટર અને મેનેજિંગ ડિરેક્ટર છે. તે સિવિલ કન્સ્ટ્રક્શન ઉદ્યોગમાં 13 વર્ષથી વધુનો સમૃદ્ધ અનુભવ ધરાવતા પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિક છે. તેણીએ તેની કારકિર્દી દરમ્યાન અપવાદરૂપ નેતૃત્વ અને વ્યૂહાત્મક દ્રષ્ટિ દર્શાવી છે. કુ. બોર્ગોહેનની કુશળતા જટિલ બાંધકામ પ્રોજેક્ટ્સની દેખરેખ અને બજેટની અંદર અને શેડ્યૂલ પર તેમની સફળ સમાપ્તિની ખાતરી કરવા માટે રહેલી છે. કંપની મૂળમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સિવિલ કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ્સ ભારતના ક્ષેત્રમાં ભૂ-તકનીકી વિશેષ ઉકેલોમાં અત્યાધુનિક વિશેષતા સાથે સિવિલ એન્જિનિયરિંગ ઉત્પાદનો અને સેવાઓ ડિઝાઈન કરે છે.

# પૈસા ડબલ કરવા છે...? તો અપનાવો આ રસ્તો, વિકલ્પ પણ સુરક્ષિત, ફક્ત આટલો સમય લાગશે

(એજન્સી) મુંબઈ | તા.27




મોટાભાગના લોકો પોતાનું રોકાણ સુરક્ષિત રાખવા આજે પણ બેન્ક એફડીનો વિકલ્પ અપનાવે છે. તેઓ માને છે કે, તેમના પરસેવાની કમાણી ક્યાંક જોખમી સ્રોતોમાં વેડફાઈ ન જાય. ફિક્સ્ડ ડિપોઝિટમાં ઓછુ પણ સુરક્ષિત રિટર્નની ખાતરી હોય છે, જેમાં મેચ્યોરિટી (પાકતી મુદ્દતે)ના સમયે તણાવમુક્ત નિર્ધારિત નફો મળે તે હેતુ સાથે બેન્ક એફડીમાં રોકાણ કરતાં હોય છે. ખાસ કરીને વરિષ્ઠ અને નિવૃત્તના કિનારે ઉભેલા રોકાણકારો બેન્ક એફડીમાં સુરક્ષિત રોકાણ માટે બેન્ક એફડીનો વિકલ્પ અપનાવી શકે છે. બેન્ક એફડીમાં પણ રોકાણનું સાતત્ય જળવાય તો તમે તમારી મૂડી ડબલ કરી શકો છો. સામાન્ય રીતે બેન્ક એફડીમાં 6થી 7 ટકા વ્યાજ મળતુ હોય છે. પરંતુ તમે વિવિધ મુદ્દત ધરાવતી એફડીમાં રોકાણ કરી તમારા રોકાણ પર આકર્ષક રિટર્ન મેળવી શકો છો. ટૂંકાગાળાની ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજનો દર નીચો હોય છે, જ્યારે લાંબાગાળાની એફડી પર ઉંચુ વ્યાજ મેળવી શકો છો. વધુમાં ઘણી બેન્કો મહત્તમ 10 વર્ષની મેચ્યોરિટી ધરાવતી એફડીનો વિકલ્પ આપી રહી છે. જેમાં ચક્રવૃદ્ધિ વ્યાજના કારણે તમારી મૂડી 100 ટકા સુધી વધી શકે છે. આ લાંબાગાળાની એફડી પર 7.18 ટકાથી 8 ટકા સુધીનું વ્યાજ ઓફર કરવામાં આવે છે. ઘણી બેન્કો 10 વર્ષની એફડી પર વરિષ્ઠ નાગરિકોને 7.5 ટકા વ્યાજ ઓફર કરે છે. જેમાં જો રોકાણકારે 1 લાખનું રોકાણ કર્યું હોય તો 10 વર્ષના અંતે તેનું રોકાણ મૂલ્ય રૂ. 2.06 લાખ થશે. બીજી બાજુ જો સામાન્ય નાગરિકે રૂ. 1 લાખનું રોકાણ 7 ટકાના દરે કર્યું હોય તો તેમને 10 વર્ષના અંતે કુલ રૂ. 1.96 લાખ મળશે. બેન્ક એફડી પર 6.5 ટકાનો દર લાગૂ હોય તો પણ રોકાણકારને રૂ. 1 લાખના રોકાણ પર લગભગ બમણુ રૂ. 1.87 લાખનું કોર્પસ મળશે.

# સોલીઓસ સોલાર એનર્જીએ 48.5 કરોડનું ઇકવિટી ફંડિંગ સ્વસ્તિક ઇન્વેસ્ટમાર્ટના નેજા હેઠળ એકત્ર કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.27

સોલર EPC સોલ્યુશન્સની અગ્રણી પ્રોવાઈડર સોલીઓસ સોલર એનર્જી પ્રાઈવેટ લિમિટેડે ઈક્વિટી ફંડિંગમાં આશરે રૂ. 48.5 કરોડ એકત્ર કર્યા છે. આ ટ્રાન્ઝેક્શનના મુખ્ય સલાહકાર સ્વસ્તિક ઈન્વેસ્ટમાર્ટ લિમિટેડ હતા. ફંડિંગ રાઉન્ડના રોકાણકારોમાં ઈન્ડિયા અહેડ વેન્ચર ફંડ સુનિલ સિંઘાનિયાની ફેમિલી ઓફિસ, માધુરી મધુ કેલા, નેબ્સ વૃદ્ધિ એલએલપી, ઈન્ક્રેડ કેપિટલ ખાતે પીસીજીના વડા પવન અગ્રવાલ અને કેટલાક અન્ય HNIનો સમાવેશ થાય છે. આ ફંડિંગ ઈન્ફ્યુઝન કંપનીને તેની વર્કિંગ કેપીટલ વધારવામાં મદદ કરશે. કંપની વિશ્વસનીય પાવર સોલ્યુશન્સ ઓફર કરતી હોવાથી, ફંડિંગ કંપનીને પ્રોજેક્ટ એક્ઝિક્યુશન, ટીમ બિલ્ડિંગ, ઈન્ટરનેશનલ બિઝનેસ ડેવલપમેન્ટ અને ઈન્ડિપેન્ડન્ટ પાવર પ્રોજેક્ટ્સ (IPP) જેવા ક્ષેત્રોમાં મદદ મળશે. 2012માં સ્થાપિત, Soleos Solar Energy Pvt Ltd એ અગ્રણી EPC સેવા ઉપલબ્ધ કરાવે છે. કંપની C&I રૂફટોપ્સ, ગ્રાઉન્ડ માઉન્ટ સોલર પ્રોજેક્ટ્સ અને સોલાર પાર્ક્સમાં ટર્નકી સોલર સોલ્યુશન્સ માટે એક મજબૂત અને વિશ્વસનીય પ્રોવાઈડર હોવા પર ગર્વ અનુભવે છે. કંપની તેના પરવડે તેવા અને વિશ્વસનીય પાવર સોલ્યુશન્સ, ઈકોલોજીકલ સાઉન્ડનેસ અને ગ્રાહક સાથે સુમેળભર્યા સબંધો માટે જાણીતી છે. સોલીઓસ સોલર એનર્જીના સ્થાપક અને નિયામક ભાવેશ રાઠોડ આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, "અમે આ ફંડિંગ મેળવવા બદલ ગર્વ અનુભવીએ છીએ, કારણ કે આનાથી કંપનીને વધુ આગળ વધવાનો રસ્તો મળશે. સોલિઓસ સોલર એનર્જી હંમેશા નવીનતમ તકનીકો, નવીનતા અને તાલીમનો સમાવેશ કરીને વિકાસના માર્ગ પર આગળ વધતી રહી છે.' ડેવલપમેન્ટ પર બોલતા, સ્વસ્તિક ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર સુનિલ ન્યાતિએ જણાવ્યુ હતું કે "આ ફંડિંગ કંપની માટે ઘણા દરવાજા ખોલશે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, વૈશાખ વદ-05

# નકલી બિયારણ કૌભાંડ સામે લાલ આંખ

ખેતીની આવકનો આધાર સારા બિયારણો છે. બિયારણની ભૂમિકા ૬૦% છે. ખાતર, પાણી, હવામાન, જમીનનો હિસ્સો ૪૦% છે. બિયારણ સારૂં હોય તો જ સારું ઉત્પાદન મળે. નકલી બિયારણના કારણે ખેજૂતને કૃષિ ઉત્પાદન ગુમાવવું પડે છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં નકલી બિયાણનો ધંધો હજારો કરોડ રુપિયાનો થતો જાય છે ! ખેડૂતો બિયારણ વાપરે છે તેમાં માંડ ૨૦થી ૨૫% બિયારણ સરકારી એજન્સી સર્ટીફાઈડ હોવાની વાત ચિંતાજનક છે. ૨૫% બિયારણ જ સર્ટિફાઈડ હોય તો બાકીનું બિયારણ રિસર્ચના નામે કે લેબલ સીડ્સના નામે વેચાય છે. આ ૨૫%માં, કપાસના બિયારણનો સમાવેશ થતો નથી. એટલે કપાસના બિયારણમાં જેને જે કરવું હોય તેની છૂટ છે? કપાસના બિયારણને સરકારે માન્યતા આપી નથી છતાં વેચાય છે. રાજકોટના શાપર-વેરાવળના ગોડાઉનમાંથી ૨.૮૩ લાખના કપાસના નકલી બિયારણની ૪૦૫ થેલીઓ જપ્ત કરી છે. આ નકલી બિયારણ એક બેગનો ભાવ રુપિયા ૪૭૫ હતો પરંતુ ખેડૂતોને રુપિયા ૧૦૦૦થી ૧૫૦૦માં વેચાતું ! નકલી બિયારણ પણ મોંઘું ! બીજા એક કેસમાં પોલીસે ઉપલેટામાંથી રુપિયા ૧.૨૮ લાખની કિંમતનું કપાસના નકલી બિયારણની ૧૮૪ થેલીઓ કબજે કરી હતી. ૪ મે ૨૦૨૪ ના રોજ, મહારાષ્ટ્રના નંદુરબારકર જિલ્લાથી ગુજરાતમાં બનેલ કપાસના નકલી બિયારણના રુપિયા ૧૫ લાખના ૧૦૦૦ પેકેટ પકડાયા હતા. તે બિયારણ ક્યાંથી આવ્યું હતું? કયા ખેતરમાં બનાવાયું હતું? તે સરકાર ક્યારેય જાહેર કરતી નથી ! ત્યારે સરકાર ચલાવનારા આ કૌભાંડમાં સામેલ હોવાની શંકા ઉભી થાય છે. એક માહિતી મુજબ અમેરિકાની કંપની ભારતમાં બીટી કપાસના બિયારણો વેચતી હતી તેણે ૨૦૧૭માં ભારત છોડી દીધું છે જેનો ફાયદો બિયારણ માફિયાઓ ઉઠાવી રહ્યા છે. નવું બિયારણ શોધવું હોય તો ઓછામાં ઓછી ૫થી ૭ વર્ષ ફિલ્ડ ટ્રાયલ લેવી પડે. પછી જ તેને ખેડૂતોને આપવામાં આવે. પણ કંપનીઓ આવું કરતી નથી. તેઓ એકના એક બિયાણના નામ બદલીને દર વર્ષે બજારમાં નવું સંશોધીત બિયાણ તરીકે મૂકી રહ્યાની વાત છે. બિયારણ કંપનીઓ - વેપારીઓ ખેડૂતોને પાકુ બિલ આપતાં નથી. જો ખેડૂતો જો પાકુ બીલ લે તો છેતરપિંડી અટકે અને છેતરાય તો ગ્રાહક સુરક્ષા ફોરમ સમક્ષ જઈ વળતર મેળવી શકે. ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ એક સરકારી કંપની છે, તેની કામગીરી સતત નબળી પડતી જાય છે, તેના કારણે ખેડૂતો બિયારણની હલકી ગુણવત્તા, વધુ ભાવ અને બિયારણનો પુરવઠો સમયસર મળતો ન હોવાથી પરેશાન છે. બીજ નિગમની જવાબદારી છે કે ખેડૂતોને પ્રમાણિત અને ટ્રુથફૂલ બિયારણ પૂરું પાડવું. કેન્દ્રીય કૃષિ વિભાગે બિયારણની અસલી ઓળખ માટે જીઁ એપ અને પોર્ટલ - એટલે કે સીડ ટ્રેસેબિલિટી, ઓથેન્ટિકેશન અને હોલિસ્ટિક ઈન્વેન્ટરી બનાવી છતાં બનાવટી બિયારણો પકડવામાં ખેડૂતોને તે મદદ સંતોષકારક રીતે કરી શકાતી નથી. કેટલાક જાણકારો નકલી બિયારણ અટકાવલું સાવ સહેલું હોવાનું કહે છે.

# દેત્રોજના બામરોલી ગામે સુજલામ સુફલામ યોજના અંતર્ગત ભુમાફિયાઓ દ્વારા માટી વેચી લાખો રૂપિયાની રોકડી કરી લીધી

## જાગૃત નાગરીકે ઠેકેદાર સહિત જવાબદારો સામે તપાસ કરી કાર્યવાહી કરવા મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ લેખીત રજૂઆતો કરી

નિતીન ઠાકર : ચાણસ્મા



ચોમાસું પહેલાં રાજ્ય સરકાર દ્વારા સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત દેત્રોજ તાલુકાના બામરોલી સહિતના આજુબાજુના સીમ તળાવો ને સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો ઉંડા કરવાની જે તે એજન્સી અને સરકારા ના સંયુક્ત ઉપક્રમે કામગીરી હાથ ઘરવામાં આવી છે ત્યારે દેત્રોજ તાલુકાના બામરોલી ગામે સીમ વિસ્તારમાં આવેલી ચુડેલ તળાવડીનું સુજલામ સુફલામ યોજના અંતર્ગત તલાવડી ઉંડું કરવાની કામગીરી એજન્સી દ્વારા શરૂ કરવામાં આવી હતી પરંતુ તળાવમાંથી જે માટી માટી નીકળી હતી તે માટીનું એજન્સી દ્વારા ગામના ખેડૂતો જે ખેતરોમાં બંધ પાળા માટે નહી આપી અને ઈંટોના ભઠ્ઠા વાળાને લાખો રૂપિયાની માટી વેચાણથી આપી રોકડી કરી લીધાનો કથિત આક્ષેપ ગામના જાગ્રત નાગરિક અર્જુનસિંહે મુખ્યમંત્રી સહિત ખાણ ખનીજ અમદાવાદ ક્લેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ કથિત આક્ષેપો સાથેની લેખિત રજૂઆત કરતાં. ખાણ ખનીજ વિભાગે દ્વારા સદર તળાવના ખોદાણની માપણી પંચનામું સહિતની કાર્યવાહી કરી હજી સુધી જવાબદારો સામે પગલાં નહી ભરાતાં અરજદાર દ્વારા તંત્ર પ્રત્યે અસંતોષની લાગણી સાથે રોષની લાગણી વ્યક્ત કરતાં જોવા મળ્યા હતા. બામરોલી ગામના ચુડેલ તલાવડીની લાખો રૂપિયાની માટીનું બારોબારીયું થયા ની ઘટના અંગે કથિત આક્ષેપ કરનાર અરજદાર શું કહે છે. બામરોલી ગામે ચુડેલ તલાવડી ની લાખો રૂપિયાની માટીનું બારોબારીયું થયા નો કથિત આક્ષેપ સાથેની મુખ્યમંત્રી સહિત ઉચ્ચકક્ષાએ રજૂઆત કરનાર ગામના જાગૃત નાગરિક અર્જુન સિહે જણાવ્યું હતું કે. અમારા ગામની ચુડેલ તલાવડી ને કોઈ પણ યોજનામાં ઉંડુ નહી કરવા અને બાવળ કટીંગ નહી કરવાની. ગે.કા કામની મંજૂરી નહી આપવા ૨૩/૪/૨૪ ના રોજ ગ્રામ પંચાયતમાં મામલતદાર તાવિ અધિકારીને અરજી આપવામાં આવી હતી ત્યારબાદ ૧૪/૫/૨૪ ના રોજ ચુડેલ તલાવડીમાંથી અંદાજે 1000થી વધારે ટર્બા માટી વી એસ બ્રીક્સ ઈંટોના ભઠ્ઠામાં લાખો રૂપિયાની માટી નું ગે.કા. વેચાણ કરી ગ્રામ પંચાયતને આવકમાં મોટું નુકશાન કરાતાં ખાણ ખનીજ વિભાગ અમદાવાદ ને જાણ કરાતા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ અને સુજલામ સુફલામ અધિકારીઓ તા ૨૦/૫/૨૪ સ્થળ નિરીક્ષણ સાથે સ્થળનું પંચ ના મુ સાથેની કાર્યવાહી કરી હતી પરંતું તે પછી આજ સુધી જવાબદારો સામે પગલાં નહી લેવાતા હવે અગામી સમયમાં ફરી વડાપ્રધાન મુખ્યમંત્રી સ્ટેટ વિજીલીયન્સ સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# વઘઈ જતા ઘોઘલી ઘાટમાં બોલેરો ગાડી ઝાડ સાથે અથડાતા અક્સ્માતમાં 6 ઇસમોને ઈજા



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવાથી વઘઈને જોડતા ઘોઘલી ઘાટ માર્ગમાં એક બોલેરો ગાડીનાં ચાલકે પોતાના કબજાની બોલેરો ગાડીને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા ગાડી પરથી કાબુ ગુમાવ્યો હતો.ત્યારે ચાલકે અહી બોલેરો ગાડીને ઝાડ સાથે અથડાવી દેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં 6 જેટલા વ્યક્તિને ઈજાઓ પહોંચતા તેમને તત્કાલિક ધોરણે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જોકે 17 વર્ષીય સુમિત લક્ષ્મણ ચૌધરી ને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.અને તેને ખેંચ આવી હતી.ત્યારે 17 વર્ષીય સુમિત લક્ષ્મણની હાલત ગંભીર હોવાથી આહવા સિવિલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વલસાડ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.જોકે 5 ને આહવા સિવિલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી હતી.

# IIHMR યુનિ.એ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ થકી ફેકલ્ટીને કેસ મેથડની નિપુણતાથી સજ્જ કરી



(એજન્સી) અમદાવાદ । તા. 27

ભારતની અગ્રણી હેલ્થ મેનેજમેન્ટ રિસર્ચ યુનિવર્સિટી, IIHMR યુનિવર્સિટીએ 20 મે થી 24 મે, 2024 દરમિયાન પોતાના યુનિવર્સિટી કેમ્પસમાં કેસ પદ્ધતિઓ પર કેન્દ્રિત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (FDP)નું આયોજન કર્યું હતું. આ ઉંડાણપૂર્વકના કાર્યક્રમે મેનેજમેન્ટ શિક્ષણને સમર્પિત IIHMR યુનિવર્સિટીના 31 પ્રતિષ્ઠિત ફેકલ્ટી મેમ્બર્સ અને સંશોધકોના વ્યાવસાયિક વિકાસને પ્રોત્સાહન આપ્યું હતું. 5-દિવસ લાંબી ઈવેન્ટનો હેતુ અસરકારક કેસ-આધારિત મેનેજમેન્ટ શિક્ષણ માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્ય આત્મસાત કરીને આ પ્રશિક્ષકોના સશક્તિકરણ કરવાનો પણ હતો.

કાર્યક્રમના આરંભિક સંબોધનમાં, IIHMR યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ. પી. આર. સોડાનીએ જણાવ્યું હતું કે, "ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ શૈક્ષણિક શ્રેષ્ઠતા અને વ્યાવસાયિક વૃદ્ધિ માટે IIHMR યુનિવર્સિટીની મક્કમ પ્રતિબદ્ધતામાં પાયાનો પથ્થર છે. અમારી ફેકલ્ટીને કેસ મેથડ્સમાં નિપુણતા સાથે સજ્જ કરીને અમે ફક્ત તેમના અભ્યાસક્રમની આપૂર્તિને જ સમૃદ્ધ નથી કરી રહ્યા, પણ અમારા વિદ્યાર્થીઓ માટે શીખવાનો અનુભવ પણ વધારી રહ્યા છીએ. FDP ઉચ્ચતમ શૈક્ષણિક ધોરણો જાળવવા અને જટિલ વિચારસરણી સાથે જટિલ પડકારોમાંથી પસાર થવા માટે ભાવિ લીડર્સને તૈયાર કરવા માટે સતત વ્યાવસાયિક વિકાસની ગંભીરતાને રેખાંકિત કરે છે.'

FDPમાં IIM અમદાવાદના ભૂતપૂર્વ પ્રોફેસર પ્રો. પીયૂષ સિંહા, ફ્લેમ્સ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર પ્રો. અમરપ્રીત સિંહ ઘુરા અને IMT ગાઝિયાબાદના પ્રોફેસર અભિષેક ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરે છે કે સહભાગીઓને વ્યાપક અનુભવ ધરાવતા નિષ્ણાતો પાસેથી ઉચ્ચ-ગુણવત્તાની સૂચનાઓ અને આંતરદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે.

# ઇન્ડ્યાએ શ્રીમતી સંગીતા જિંદાલની આગેવાની હેઠળ રૂપિયા 50 કરોડનું ફંડ એકત્રિત કર્યું

## ફંડનો ઉપયોગ ભારતીય તથા વૈશ્વિક બજારોમાં હાજરી વિસ્તારવા માટે થશે

(એજન્સી) અમદાવાદ । તા. 27




મહિલાઓની જાણીતી ફેશન બ્રાન્ડ્સ ઈન્ડ્યા અને ફેબએલેની પેરેન્ટ કંપની હાઈ સ્ટ્રીટ એસેન્શિયલ્સે (એચએસઈ) ઈક્વિટી અને ડેટ રોકાણમાં રૂ. 50 કરોડ એકત્રિત કર્યા છે. ફંડિંગ રાઉન્ડનું નેતૃત્વ જેએસડબ્લ્યુ ફાઉન્ડેશનના ચેરપર્સન શ્રીમતી સંગીતા જિંદાલે કર્યું હતું જેમાં એસઆરએફ ગ્રુપની પ્રતિષ્ઠિત ફેમિલી ઓફિસીસ, સાયન્ટ ટેક્નોલોજીસના કૃષ્ણા બોદાનાપુ તથા પ્યોર હોમ પ્લસ લિવિંગના ટિમી સારનાએ ભાગ લીધો હતો.

આ ફંડ મળવાથી ઈન્ડ્યાને તેની પ્રીમિયમ ઓકેશન વેર રેન્જ "વેડિંગ્સ બાય ઈન્ડ્યા" નું વ્યૂહાત્મક વ્યાપારિક વિસ્તરણ હાથ ધરવા અને ઓકેશન તથા વેડિંગ વેર માર્કેટમાં નોંધપાત્ર ભૂમિકા ભજવવા માટે વૃદ્ધિની રૂપરેખા તૈયાર કરવા સક્ષમ બનાવે છે. "વેડિંગ્સ બાય ઈન્ડ્યા" એ ક્યુરેટેડ કલેક્શન છે જે ભારતના વાઈબ્રન્ટ વેડિંગ સેગમેન્ટની વિશિષ્ટ જરૂરિયાતોને પૂરી કરે છે અને વિવિધ સમારંભો માટે બારીકાઈપૂર્વક તૈયાર કરાયેલા જોડાણો પ્રદાન કરે છે. ઈન્ડ્યા એ રોહિત ગાંધી + રાહુલ ખન્ના, વરુણ બહલ, આશિષ એન સોની, નિખિલ થમ્પી સહિતના જાણીતા ભારતીય ડિઝાઈનરો સાથે વ્યૂહાત્મક સહયોગ દ્વારા લક્ઝરી ફેશનને સુલભ બનાવી રહી છે અને આ ભાગીદારીઓ ઊંચી કિંમતે ફેશન ઉત્સાહીઓ માટે ડિઝાઈનર એલિગન્સ પૂરું પાડે છે. ઈન્ડ્યા બ્રાન્ડમાં પોતાના રોકાણ અંગે જેએસડબ્લ્યુ ફાઉન્ડેશનના ચેરપર્સન શ્રીમતી સંગીતા જિંદાલે જણાવ્યું હતું કે "ઈન્ડ્યાની મુખ્ય તાકાત ભારતના અને વિશ્વભરના લોકોને તે જે અનોખી ડિઝાઈન્સ પૂરી પાડે છે તેમાં રહેલી છે. શિવાની એન્ડ અનુરાગે મજબૂત બેક-એન્ડ ક્ષમતાઓ વિકસાવી છે અને આ રોકાણ ઈન્ડ્યાના વૈશ્વિક વિસ્તરણને વેગ આપવા માટે તેમને સશક્ત બનાવશે તેમજ તેઓ બહોળા ભારતીય વેડિંગ વેર માર્કેટમાં મોટો હિસ્સો મેળવી શકશે.

# સયાજી નગરી એક્સપ્રેસના આણંદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનના સમયમાં ફેરફાર

(એજન્સી) અમદાવાદ । તા. 27

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની સુવિધા અને સમયપાબંદી માં વધુ સુધારો કરવા માટે આણંદ સ્ટેશન પર ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસના આગમન/પ્રસ્થાનના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યું છે. જેની વિગતો નીચે મુજબ છે, 01 જૂન, 2024થી ટ્રેન નં. 20908 ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસના આણંદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય 06:49/06:51 કલાકના બદલે 06:28/06:30 કલાકનો રહેશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# પોલિસી સામે એક જ મિનિટમાં ઇન્સ્ટન્ટ લોન હવે ટાટા એઆઈએ લાઇફ ઇન્શ્યોરન્સ સાથે શક્ય છે

(એજન્સી) મુંબઈ । તા. 27

ભારતની અગ્રણી ઈન્શ્યોરન્સ કંપનીઓ પૈકીની એક ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સે (ટાટા એઆઈએ) તેના ગ્રાહકો માટે ડિસ્રપ્ટિવ સર્વિસ પ્રપોઝિશન લોન્ચ કર્યું છે. ઈમર્જન્સી ફંડ મેળવવા માંગતા આ પોલિસીધારકો કવરેજ ગુમાવ્યા વિના તેમની ઈન્શ્યોરન્સ પોલિસીથી રૂ. 1 લાખ સુધીની ઈન્સ્ટન્ટ લોન મેળવી શકે છે. આ લોનની રકમ ઈન્શ્યોરન્સ કંપનીની આધુનિક MyDigiAccount પોર્ટલ દ્વારા એક જ મિનિટમાં ગ્રાહકના એકાઉન્ટમાં જમા થાય છે. લોન્ચ થઈ ત્યારથી આ ડિજિટલ-ફર્સ્ટ પહેલે 500થી વધુ રિક્વેસ્ટ્સ પ્રોસેસ કરી ચૂકી છે અને લગભગ રૂ. 5.5 કરોડની રકમ આપી છે જે પોલિસીધારકો માટે તરલતાની સ્થિતિને સરળ બનાવે છે. આ સુવિધાથી ગ્રાહકો પસંદગીની લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસીની સરન્ડર વેલ્યુ સામે ઋણ મેળવી શકે છે જેથી તેઓ ખૂબ જ ઓછા પેપરવર્ક અને સ્પર્ધાત્મક ભાવો સાથે ઝડપથી ફંડ મેળવી શકે છે. પોલિસીધારકો કોઈ જ કોલેટરલ આપ્યા વિના અથવા ક્રેડિટ ચેક પ્રક્રિયા હાથ ધર્યા વિના વર્ષે 10.80 ટકાના વ્યાજ દરે રૂ. 1 લાખ સુધીની રકમનું ઋણ મેળવી શકે છે. આ વ્યાજ દર પર્સનલ લોનના હાલના દરો કરતાં ઘણો ઓછો છે. આ સરળ પ્રક્રિયાથી ગ્રાહકો પરંપરાગત રીતે લોનની મંજૂરીઓના વિલંબની પળોજણમાં પડ્યા વગર અરજી કર્યાની એક જ મિનિટમાં તેમનું ફંડ મેળવી શકે છે. ટાટા એઆઈએના હેડ ઓફ ઓપરેશન્સ અને એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ સંજય અરોરાએ જણાવ્યું હતું કે "ઈમર્જન્સી ફંડની જરૂરિયાત કોઈને પણ ક્યારે પણ ઊભી થઈ શકે છે અને આપણામાંથી કોઈ પણ આપણા પ્રિયજનોની નાણાંકીય સુરક્ષા સાથે સમાધાન કરવા માંગશે નહીં. ઈન્સ્ટન્ટ લોન સુવિધા અમારા ગ્રાહકોને તેમની પોલિસી સરેન્ડર કર્યા વિના જ એક્સીજેન્સીઝ સહિતની કોઈપણ પરિસ્થિતિમાં ચિંતામુક્ત રહેવા માટે સક્ષમ બનાવે છે.

# નખત્રાણા સોની સમાજ વાડી ખાતે લક્કી કુપન ડ્રો તેમજ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું



મહેશ સોની : નખત્રાણા

શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની સમાજ વાડી ખાતે શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ તેમજ શ્રી મારૂ કંસારા સોની સમાજ યુવક મંડળ દ્વારા લક્કી કુપન ડ્રો નો કાર્યક્રમ રવિવાર તારીખ ૨૬/૫/૨૦૨૪ ના રોજ યોજાઈ ગયો સમાજનાં પ્રમુખશ્રી મહેશભાઈ બુદ્ધભટ્ટી , પૂર્વ પ્રમુખશ્રી ભરત ભાઈ બગ્ગા, વડિલશ્રી લખમશી ભાઈ કોટડીયા, મહામંત્રી શ્રી ભરતભાઈ એલ. કટ્ટા, શ્રી નિતેશ ભાઈ કટ્ટા, શ્રી કિશોર ભાઈ કોટડિયા, શ્રી જયેશભાઈ સોલંકી , પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન બુદ્ધભટ્ટી, નખત્રાણા મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન બગ્ગા, નખત્રાણા પૂર્વ સરપંચ શ્રીમતી જિજ્ઞાબેન બગ્ગા સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નખત્રાણા શહેરના જાણીતા શ્રી કલાવૃંદ સંગીત ગ્રુપના કલાકારો દ્વારા સંગીત મય સંગીતસંધ્યાનું અયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગ્રુપના કલાકારો વેણુભાઈ રાવલ, કિશોર ભાઈ પટેલ, કેશ્વી પટેલ, મનીષભાઈ સોની, મનીષભાઈ જોશી, પારસ ખત્રી, કિશોર વાલાણી, દિનેશભાઈ જોશી, નરશીભાઈ જોગી સહિતના કલાકારોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુવક મંડળના ઉપપ્રમુખ વરૂણભાઈ બારમેડાએ કર્યુ હતું.

# ચાણસ્મા ખાતે કોન્ટ્રાક્ટર દ્વારા કરાયેલ NH 68ના કામ દરમિયાન ભુગર્ભ ગટરની મુખ્ય ચેમ્બરો અને પાણીની પાઇપ લાઇનોને નુકશાન

નિતીન ઠાકર (ચાણસ્મા)

ચાણસ્મા ન પા વિસ્તારમાં થઈ રહેલા NH68 કામ ને લઈ ઠેકેદાર દ્વારા ભુગર્ભ ગટરની મુખ્ય ચેમ્બરો ગટર લાઈનો પાણીની પાઈપ લાઈનોને નુકશાન કર્યા બાદ મરામત નહી કરાતા ચાણસ્મા શહેર ભાજપ પ્રમુખ દ્વારા ઠેકેદાર સામે જરૂરી કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆતો કરાઈ. હાલમાં ગોઝારીયાથી વાયા મહેસાણા ચાણસ્મા થઈ પાટણ સુધી નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા NH-68નું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે ચાણસ્મા નગરપાલિકા વિસ્તારમાંથી NH68 પસાર થઈ રહ્યો છે અને તેનું કામ પ્રગતિમાં હોવાથી પાલિકા વિસ્તારમાં આવતી ગટર લાઈનો પીવાના પાણીની પાઈપલાઈનો ભૂગર્ભ ગટરની પાઈપ લાઈનો બદલવાનું કામ કર્યા વિના રોડનું કામ શરૂ કરી દેતા ગટરો ઉભરાઈ જવાના કારણો હાઈવે આજુબાજુની સોસાયટીઓના લોકો હેરાન ગતી નો ભોગ બની રહ્યા છે.

જ્યારે પાણીની પાઈપલાઈન ના વાલ્વ દબાઈ જતા હાઈવે રોડ આજુબાજુ ના વિસ્તાર ને પુરુ પાણી પહોંચતું નથી જયારે કોઈક જગ્યાએ તો ગટર અને પીવા નૂં પાણી ભેગુ થઈ જતાં લોકો પરેશન થઈ ઉઠતો અને કોન્દ્રાક્ટર ને પાલિકા દ્વારા વારંવાર ગટરલાઈન પાણીની ચેમ્બરો બદલવાની રજૂઆતો કરવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા રોડ નું કામ શરૂ કરી દેવાત I છેવટે ચાણસ્મા શહેર ભાજપ પ્રમૂખ રાજેન્દ્રભા ભાઈ એ પટેલ દ્વાર કોન્દ્રાક્ટર સામે કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દભાઈ પટેલ સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ છે.

# સ્કિન બાય ટાઇટન્સ બોડી મિસ્ટ કલેક્શન સાથે આ ઉનાળામાં વાઇબ્રન્ટ અનુભવો

(એજન્સી) અમદાવાદ । તા. 27




આ ઉનાળામાં ભારેખમ સુગંધને વિદાય આપો અને સ્કિન બાય ટાઈટન્સ વાઈબ્રન્ટ સમર બોડી મિસ્ટ કલેક્શન સાથે તાજગીસભર આત્મવિશ્વાસને અપનાવો. સામાન્યને છોડો અને તમને આખો દિવસ ઠંડા રાખવા, તાજગી આપવા અને સુગંધિત રાખવા માટે બનાવાયેલી આહ્લાદક સેન્ટ્સ રેન્જ સાથે આ સિઝનને અપનાવો. હાઈ-વોટર કન્ટેન્ટ સાથે બનાવાયેલી અને એલોવેરા તથા કેમોમાઈલ જેવા શ્રેષ્ઠ તત્વોથી ભરપૂર આ આનંદદાયક મિસ્ટ કલાકો સુધી લાંબો સમય ચાલતી સુગંધનો સ્પર્શ આપે છે. દરેક સ્પ્રે સૂર્યપ્રકાશના છંટકાવ જેવો છે જે ધીરેધીરે તમારી ત્વચાને સુગંધના એક તાજા આવરણમાં ઢાંકી દે છે જે તમારી ઈન્દ્રિયોને સ્ફૂર્તિ આપે છે અને તમને ઠંડક તથા આરામની અનુભૂતિ કરાવે છે. સમર બોડી મિસ્ટ કલેક્શન સાત મનમોહક સુગંધ ધરાવે છે જેમાંની દરેકને તમારી અનોખી સમર સિગ્નેચર સેન્ટ માટે તૈયાર કરવામાં આવી છે. કેરેમલ ચાર્મના મધુર અને હૂંફાળા આલિંગન સાથે ઉનાળાની ભાવનાને અપનાવો જે અનેરા આનંદનો સ્પર્શ છે. બેરી રેપ્સોડીના રસદાર મિશ્રણ, ફળોના આનંદનો ભરપૂર આનંદ લો. સફરજનની મોહકતા સાથે પાકા, રસદાર સફરજનના સારનો સ્વાદ માણો જે ફળોની તાજગી પીરસે છે. જાસ્મીનની સેરેનેડની નાજુક સુગંધ, ફૂલોની સુંદરતાની ધૂમ અને લોટસ બ્લૂમ, ફૂલોની શાંતિના સ્પર્શમાં સાંત્વના મેળવો.

# ભારત કેન્દ્રબિંદુમાં : સ્કોડા ઓટો ફોક્સવેગન ઈન્ડિયા દ્વારા એન્જિન અને વાહન ઉત્પાદન માઈલસ્ટોનની ઉજવણી

(એજન્સી) પુણે । તા. 27




સ્કોડા ઓટો ફોક્સવેગન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (એસએવીડબ્લ્યુઆઈપીએલ) દ્વારા ભારતમાં ચાકણ ખાતે તેના અત્યાધુનિક વાહન અને એન્જિન ઉત્પાદન એકમ ખાતે શ્રેણીબદ્ધ નોંધપાત્ર સિદ્ધિઓની ઉજવણી કરવામાં આવી હતી. આરંભથી એસએવીડબ્લ્યુઆઈપીએલે ભારતની વાહન ક્ષિતિજમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કંપનીએ એકમમાં 2009માં સ્કોડા ફાબિયા નામે પ્રથમ કાર બહાર પાડી ત્યારથી તેના ચાકણ પ્લાન્ટ ખાતે 1.5 મિલિયનથી વધુ વાહનોના ઉત્પાદન સાથે નોંધપાત્ર માઈલસ્ટોન પાર કર્યું છે. આ સિદ્ધિમાં ફોક્સવેગન ગ્રુપનાં આઈકોનિક મોડેલો, જેમ કે, વીડબ્લ્યુ વેન્ટો અને પોલો, સ્કોડા ફાબિયા અને રેપિડ સાથે વિખ્યાત MQB-A0-IN પર આધારિત નવા યુગનાં મોડેલો વીડબ્લ્યુ તાઈગુન અને વર્ચુસ, સ્કોડા કુશાક અને સ્લાવિયાનો સમાવેશ થાય છે. ગત વર્ષોમાં ચાકણ એકમ ખાતે એન્જિન શોપે ફોક્સવેગન ગ્રુપ માટે 3,00,000થી વધુ વિશ્વ કક્ષાનાં યુનિટ્સ અને ઉચ્ચ કાર્યક્ષમ એન્જિનોનું ઉત્પાદન કર્યું છે. આ સિદ્ધિ ભારતમાં ઉત્પાદિત કમ્પોનન્ટ્સ પર વધુ આધાર રાખતાં 1.0LTSI એન્જિનો સાથે ઘરઆંગણે સોર્સિંગને એસએવીડબ્લ્યુઆઈપીએલની સમર્પિતતા દ્વારા વધુ મજબૂત બની છે. આ કટિબદ્ધતા રાષ્ટ્રની મેક ઈન ઈન્ડિયા પહેલ સાથે ઉત્તમ રીતે સુમેળ સાધે છે. એસએવીડબ્લ્યુઆઈપીએલે ઓટોમેશન માટે ઉત્તમ સંતલિત અભિગમ પણ સ્થાપિત કર્યો છે. કાર્યક્ષમતા માટે ટેકનોલોજીનો લાભ લેતાં કંપનીએ માનવી નિપુણતાનું મૂલ્ય ઓળખ્યું છે અને સ્કિલ ઈન્ડિયા ચળવળનો વધુ લાભ લેતાં સ્થાનિક પ્રતિભાઓને નિખારવાનું ચાલુ રાખ્યું છે. આ સિદ્ધિઓની યાદીમાં ઉમેરો કરતાં સ્કોડા ઓટો ફોક્સવેગન ઈન્ડિયાએ વીડબ્લ્યુ તાઈગુન અને વર્ચુસ, સ્કોડા કુશાક અને સ્લાવિયા સહિત લોકપ્રિય ઈન્ડિયા 2.0 કાર રેન્જ માટે 3,00,000 યુનિટના ઉત્પાદનનું માઈલસ્ટોન પણ ઊજવ્યું છે. ભારતમાં, ભારત અને દુનિયા માટે ઘડવામાં આવેલી આ સૌથી સુરક્ષિતમાંથી એક મેડ-ઈન-ઈન્ડિયા કાર છે, જેણે ગ્લોબલ એનસીએપી દ્વારા પુખ્ત અને બાળક પ્રવાસી માટે પણ સંપૂર્ણ ફાઈવ-સ્ટાર સેફ્ટી રેટિંગ હાંસલ કર્યું છે. ઘરઆંગણાના ઉત્પાદનની પાર જોતાં એસએવીડબ્લ્યુઆઈપીએલે ઉત્પાદન કેન્દ્ર તરીકે ભારતની વૈશ્વિક હાજરીમાં સક્રિય રીતે યોગદાન આપવાનું ચાલુ રાખ્યું છે. કંપનીએ તેના કારના ઉત્પાદનના 30 ટકાથી વધુની ગૌરવપૂર્વક નિકાસ કરી છે અને ભારતમાં ઉત્પાદિત કારની ટોચની ચાર નિકાસકારમાંથી એક છે. આ માઈલસ્ટોન પર બોલતાં પ્રોડક્શન અને લોજિસ્ટિક્સ માટે સ્કોડા ઓટો એ.એસ. બોર્ડ મેમ્બર એન્ડ્રિયાસ ડિકે જણાવ્યું હતું કે, "આજની સતત ઉત્ક્રાંતિ પામતી વૈશ્વિક ક્ષિતિજમાં ભારત સ્કોડા ઓટોની ઉત્પાદન શક્તિમાં મહત્ત્વપૂર્ણ યોગદાનકારી તરીકે ઊભરી આવ્યો છે.

# ભારતીય વિદ્યાર્થીઓ પરદેશમાં શા કારણે ભણવા જાય છે?



વર્ષ 2022માં ભારતમાંથી 13,00,000 વિદ્યાર્થીઓ વિશ્વના જુદા જુદા 79 દેશોમાં વધુ અભ્યાસઅર્થે ગયા હતા. પરદેશમાં ભણવાની ઈચ્છા ધરાવતા ભારતીયોની પહેલી પસંદગી હોય છે અમેરિકા. ત્યારબાદ એમની દૃષ્ટિ દોરાય છે કેનેડા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ તરફ. ભારતીય વિદ્યાર્થીઓ ફક્ત આ પાંચ દેશોમાં જ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા જાય છે એવું નથી. આ પાંચ દેશો ઉપરાંત બીજા 74 દેશોમાં પણ ભારતીય વિદ્યાર્થીઓ ભણવા માટે જાય છે. દરેક વિદ્યાર્થીનો ભણવા પાછળનો ઈરાદો ભણી રહ્યા બાદ તેઓ ઊંચા પગારે સારી નોકરી મળે, પોતે કોઈ બિઝનેસ કરી શકે અને જીવનમાં સુખ અને સાહ્યબી મેળવી શકે એ હોય છે. હું વર્ષ 1979માં સૌપ્રથમ વાર રશિયા ગયો હતો. ત્યાંની યુનિવર્સિટીમાં મને અનેક ભારતીયો, એમાં પણ ખાસ કરીને ઉત્તર પ્રદેશના ભારતીયો મળ્યા હતા. એમાંના લગભગ બધા જ મોસ્કો, સેન્ટ પીટર્સબર્ગ (એ સમયનું લેનિનગ્રાડ), કિવ અને તાશ્કંદમાં મેડિસિનનો અભ્યાસ કરતા હતા. આ વાત જાણીને મને ખૂબ જ આશ્ચર્ય થયું હતું, કારણ કે સોવિયેત રશિયાના આ શહેરમાં આવેલી યુનિવર્સિટીઓમાં શિક્ષણ રશિયન ભાષામાં જ આપવામાં આવે છે. આથી ત્યાંની યુનિવર્સિટીઓમાં ભણતા ભારતીય વિદ્યાર્થીએ રશિયન ભાષાનું જ્ઞાન ફરજિયાત મેળવવાનું રહે છે.એ પછી તો હું વિશ્વના જુદા જુદા દેશોમાં ગયો છું. દરેક દેશમાં મને ત્યાંની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા ભારતીયો જોવા મળ્યા. મારી ઉંમર આજે 83 વર્ષની છે. આજથી 63-65 વર્ષ પહેલાં હું જ્યારે કૉલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે મને સ્વપ્નમાં પણ જે દેશમાં શિક્ષણ અંગ્રેજીમાં અપાતું ન હોય એવા દેશમાં ભણવા જવાનો વિચાર નહોતો આવતો. આજથી 63-65 વર્ષ પહેલાં ભારતીય વિદ્યાર્થીઓ જો પરદેશમાં ભણવા જવાનો વિચાર કરે તો તેઓ ઈંગ્લેન્ડનો જ, ત્યાં આવેલી 'ઓક્સફર્ડ' અને 'કેમ્બ્રિજ'ની યુનિવર્સિટીનો જ વિચાર કરતા હતા. એ સમયે તમે શાળાનું શિક્ષણ પૂરું કરો એટલે વધુ અભ્યાસ માટે તમારી પાસે ત્રણ વિકલ્પો રહેતા: સાયન્સમાં જાવ અને ડૉક્ટર યા એન્જિનિયર બનો. કોમર્સમાં જાવ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે એકાઉન્ટન્ટ યા બેન્કના ક્લાર્ક બનો અને આર્ટ્સમાં જાવ તો તમારી કોઈ વેલ્યૂ જ નહોતી થતી. હવેથી સમય બદલાયો છે. પરદેશની યુનિવર્સિટીઓની વાતો બાજુએ મૂકીએ અને ભારતની યુનિવર્સિટીઓમાં જે શિક્ષણ અપાય છે એનો વિચાર કરીએ તોયે આપણને આશ્ચર્યપૂર્વક એવું જાણવા મળશે કે હવેથી ફક્ત સાયન્સ, કોમર્સ કે આર્ટ્સ




આ ત્રણેય વિકલ્પો કૉલેજમાં શિખવવામાં નથી આવતા. હવેથી લગભગ બધી જ કૉલેજોમાં જુદા જુદા વિષયો શીખવાડવામાં આવે છે. અમેરિકાની યુનિવર્સિટીઓમાં તો જુદા જુદા બસ્સો અથવા એથી પણ વધારે વિષયોમાં શિક્ષણ આપવામાં આવે છે. તમારી મરજી મુજબ એક મુખ્ય વિષય, જે તમારું ધ્યેય હોય એની સાથે સાવ જુદા પ્રકારના વિષયો પણ તમે શીખી શકો છો. આપણા વિદ્યાર્થીઓ જર્મન ભાષા શીખીને જર્મની, ફ્રેન્ચ લેંગ્વેજ જાણીને ફ્રાન્સ, પોર્ટુગીઝ, સ્પેનિશ, ફિનિશ, સ્વીડિશ, ઈટાલિયન, આમ, જુદીજુદી ભાષાઓ શીખીને એ દેશમાં આવેલી યુનિવર્સિટીઓમાં ભણવાનું સાહસ ખેડે છે. વર્ષ 2022માં કેનેડામાં 184 જુદા જુદા દેશોમાંથી 5,50,000 વિદ્યાર્થીઓ ત્યાંની યુનિવર્સિટીઓમાં જુદા જુદા કોર્સ લઈને ભણવા ગયા હતા. આ 5,50,000 પરદેશી વિદ્યાર્થીઓમાંથી 2,26,000 વિદ્યાર્થીઓ તો ભારતના હતા! ભારતીય વિદ્યાર્થીઓ શા માટે પરદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા જાય છે? બધાં જ મા-બાપને મૂંઝવતો આ એક પ્રશ્ન છે. મૂંઝારો એટલા માટે થાય છે કે ભણી રહ્યા બાદ એમનાં સંતાનો મોટા ભાગે ભારતમાં પાછાં નથી આવતાં. હવેથી એક દેશમાંથી બીજા દેશમાં જવું, અરે, ઉત્તર ધ્રુવમાંથી દક્ષિણ ધ્રુવમાં જવું શક્ય અને સહેલું બન્યું છે. આ જ કારણસર જુદા જુદા વિચારો ધરાવતા ભારતીય વિદ્યાર્થીઓ આપણે જાણતાં પણ નહીં હોઈએ એવા વિષયો શીખવા પરદેશ જાય છે. ભારતીય વિદ્યાર્થીમાંથી 80 ટકા જેટલા વિદ્યાર્થીઓ ચીલાચાલુ વિષયોનો અભ્યાસ કરવાનું પસંદ ન કરતાં નવા જ વિષયો, નવી જ ટેક્નિકો શીખવા માટે પરદેશમાં ગમે ત્યાં જવા તૈયાર હોય છે. એકસાથે એક વિષય 'મેજર' અને એથી સાવ વિરુદ્ધ વિષય 'માઈનર' આ બંને સાથે શીખી શકાય આ કારણસર પણ લગભગ 46 ટકા જેટલા ભારતીયો પરદેશની જુદાજુદા દેશોની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવા જાય છે. કોવિડ-19ની અસર ઓછી થઈ છે આથી મેડિકલ એજ્યુકેશન લેવા માટે પણ ભારતના લગભગ 80 ટકા જેટલા વિદ્યાર્થીઓ પરદેશની જુદી જુદી યુનિવર્સિટીઓ જવા લાગ્યા છે. 92 ટકા જેટલા વિદ્યાર્થીઓ તો પરદેશમાં ભણવાનું એટલા માટે પસંદ કરે છે, કારણ કે ત્યાં એમને રિસર્ચની સુવિધા તેમજ પ્રેક્ટિકલ ટ્રેનિંગ અને ઈન્ટર્નશિપની સગવડ મળી રહે છે. પરદેશની ઘણી યુનિવર્સિટીઓએ ભારતની યુનિવર્સિટીઓ જોડે જોડાણ કર્યું છે. આમ છતાં ભારતીય વિદ્યાર્થીઓ જો શક્ય હોય તો પરદેશની એ જ યુનિવર્સિટી, જે પરદેશમાં આવેલી હોય છે, એમાં ભણવાનું પસંદ કરે છે. વર્ષો પહેલાં પરદેશમાં જો શિક્ષણ લેવું હોય તો ત્યાંની મોંઘી ફી અને ખર્ચાને કેવી રીતે પહોંચી વળાશે? આ સવાલના કારણે ભારતીય વિદ્યાર્થીઓ પરદેશ જતાં અટકતા હતા, પણ હવેથી ભારતની બેંકો એમને સ્ટુડન્ટ લોન સહેલાઈથી આપે છે. પરદેશમાં ભણવા જવાનું એક બીજું પણ ખાસ મોટું કારણ એ છે કે ત્યાં ભણી રહ્યા બાદ એ જ દેશમાં સેટલ થવાની સુવિધા પ્રાપ્ત થાય છે. આમ, વિવિધ કારણસર ભારતીય વિદ્યાર્થીઓ ફક્ત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ કે ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ નહીં, પણ વિશ્વના અનેક દેશોમાં શિક્ષણ પ્રાપ્ત કરવા જાય છે.

---

**જિંદગીમાં સૌથી અઘરું કામ પોતાના જ બોસ બનવાનું છે! માણસે પોતાની જાત સાથે પણ થોડા દયાળુ અને ઉદાર થવું જોઈએ!**

# સફળ થવા માટે પોતાની જાત સાથે કેટલું સખત થવું?

શિસ્ત, સંયમ, સાધના અને સખત મહેનત માણસને સફળ બનાવે છે. માણસ પોતાની જાત સાથે કેવો છે એના પર એની સફળતા કે નિષ્ફળતાનો આધાર રહે છે. સફળ માણસોની જિંદગી એ વાતનું ઉદાહરણ છે કે, એણે પોતાના મુકામ સુધી પહોંચવા માટે સખત મહેનત કરી છે. જે વ્યક્તિ જ્યાં હોય ત્યાં સુધીની તેણે મહેનત કરી હોય છે. પ્રયાસો કર્યા વગર કંઈ હાંસલ થતું નથી. ઘણા કિસ્સામાં લોકો નસીબને યશ કે અપયશ આપે છે. નસીબ પણ છેલ્લે તો મહેનતથી જ ચમકતું હોય છે. નવરા બેસી રહીએ તો નસીબ કોઈ યારી ન આપે. સામે ભોજન પડ્યું હોય એનાથી પેટ ભરાઈ જતું નથી. હાથેથી કોળિયા ભરવા પડે છે અને દાંતેથી ચાવવું પણ પડે છે. સફળતા અને સુખ એ બંને જુદા જુદા વિષયો છે. સફળ થઈ જવાથી સુખી થઈ જવાતું નથી. સુખી હોય એ બધા સફળ જ હોય એવું પણ જરૂરી નથી. જિંદગી અને સફળતા વિશે દુનિયામાં અનેક અભ્યાસો અને સંશોધનો થયાં છે. હમણાંનો એક સ્ટડી એવું કહે છે કે, જિંદગી, સુખ અને સફળતાનો આધાર સરવાળે એના પર જ રહે છે કે, માણસ પોતાની જાત સાથે કેવો છે? તમે કેટલા ડિસિપ્લિન્ડ છો એનો વિચાર ક્યારેય તમે કર્યો છે? મતલબ કે, તમારે તમારી કરિયરનો ગ્રાફ જેટલો ઊંચો લઈ જવો હોય એના માટે તમે જરૂરી પ્લાનિંગ કર્યું છે? પ્લાનિંગથી



વાત પતી જવાની નથી. પ્લાનિંગ કર્યા બાદ સૌથી વધુ ઈમ્પોર્ટન્ટ તેનું એક્ઝિક્યૂશન છે. એના માટે શિડ્યૂલ બનાવવું પડે છે. ગોલ એચિવ કરવા માટે રોડમેપ તૈયાર કરવો પડે છે. સરવાળે સવાલ સમયનો આવે છે. ટાઈમટેબલ બનાવવું સહેલું નથી. ઘણુંબધું ગમતું હોય એવું પડતું મૂકવું પડે છે અને મહેનતને વધુ સમય આપવો પડે છે. જેમ જેમ સમય જાય છે એમ એમ માણસને મોહિત અને વિચલિત કરે એવાં સાધનો અને સુવિધાઓ વધતાં જાય છે. એના કારણે જે કરવું હોય એ વધુ ને વધુ અઘરું બનતું જાય છે. અગાઉના સમયમાં લોકો પાસે સમય હતો. પોતાના શોખથી માંડીને પોતાના ધ્યેયો સિદ્ધ કરવા માટે તેઓમાં ક્લેરિટી હતી. હવે મોબાઈલ અને એન્ટરટેઈનમેન્ટનાં બીજાં સાધનો યુવાનોને પોતાના તરફ ખેંચે છે. અત્યારે આઈપીએલ ચાલે છે. પોતાના સ્ટડીમાં કે અન્ય કામોમાં વ્યસ્ત યુવાનો મન મક્કમ કરીને આઈપીએલની મેચ જોવાનું ટાળે છે પણ છેલ્લે સ્કોર તો ચેક કરી જ લે છે, પોતાને ગમતી ટીમ કે ગમતો પ્લેયર હોય તો હાઈલાઈટ્સ પણ જોઈ લે છે. જ્યારે મોબાઈલ કે ટીવી નહોતાં ત્યારે આટલી બધી ચિંતાઓ નહોતી. સોશિયલ મીડિયા જેવું પણ હતું નહીં. હવે તો રીલ્સ જોવાનું શરૂ થાય પછી સમય ક્યાં ચાલ્યો જાય છે એની જ કંઈ ખબર પડતી નથી. અગાઉના સમય કરતાં અત્યારની જનરેશનને વધુ મક્કમતાની આવશ્યક્તા રહે છે. હોય નહીં ત્યારે તો તમને કંઈ લલચાવાનું નથી, જ્યારે બધું સામે હોય ત્યારે જ એને પડતું મૂકીને પોતાના કામમાં ધ્યાન પરોવવાનું મુશ્કેલ સાબિત થતું હોય છે. સફળ થવા માટે મહેનત સિવાય અને ઘણુંબધું નજરઅંદાજ કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ પણ ક્યાં છે? તમે દરરોજ જે ધાર્યું હોય એ કરી શકો છો? જેટલી મહેનત કરવાનું નક્કી કર્યું હોય એટલી તમારાથી થાય છે? જો આનો જવાબ હા હોય તો માનજો કે તમે ખરા અર્થમાં ડિસિપ્લિન્ડ છો. જો જવાબ ના હોય તો માનજો કે, તમારે જે બનવું છે એના માટે તમારા પ્રયાસોમાં કમી છે. અમેરિકાનો એક અભ્યાસ એવું કહે છે કે, સફળતા માટે માણસે પોતાના બોસ બનવું પડે છે. પોતાના બોસ બનવાનું કામ સૌથી અઘરું છે. તેના ઉદાહરણમાં એવું કહેવાયું છે કે, દરેક કર્મચારીને કામની વાત હોય કે રજાની વાત હોય ત્યારે એવો વિચાર આવી જાય છે કે, મારે દર વખતે બોસની પરવાનગી લેવી પડે છે, આના કરતાં હું જ બોસ હોત તો કેવું સારું હતું? બોસ બન્યા પછી ખબર પડે છે કે, બીજાની પરવાનગી લેવા કરતાં પોતાની જ પરવાનગી લેવાનું કામ વધુ અઘરું છે. નોકરી કરતા હોવ તો તમે બોસ પાસેથી રજા માંગી શકો પણ તમારી જ કંપની હોય તો? તમને ઘણાબધા વિચાર આવી જાય છે કે, બ્રેક લઉં કે નહીં? જે લોકો પોતાના બોસ છે, પોતાની માલિકીનો બિઝનેસ ચલાવે છે કે પછી મોટા હોદ્દા પર જોબ કરે છે એ લોકો બીજા કર્મચારીઓની સરખામણીમાં વધુ મહેનત કરે છે. કેટલાંક કિસ્સામાં તો પોતાની જાત પર અત્યાચાર પણ કરતા હોય છે. ઘણા બોસ એવા હોય છે જે પોતાના હાથ નીચે કામ કરતા હોય એની તો દયા નથી ખાતા, પોતાના પર પણ રહેમ નથી રાખતા! જર્નલ ઓફ એક્સપેરિમેન્ટલ સાઈકોલોજીમાં પ્રસિદ્ધ થયેલા એક અહેવાલ મુજબ જે લોકો પોતાના બોસ છે એ લોકો ઘણા કિસ્સામાં વધુ પડતો સમય પોતાના કામને જ ફાળવે છે. આ પણ એક જોખમી કામ છે. આખો દિવસ કામ કરવાથી તમે કદાચ સફળ તો થઈ જશો પણ સુખી કે ખુશ નહીં થઈ શકો. ઘણા લોકો કામમાં એવા ખોવાયેલા હોય છે કે, પોતાને અને પોતાના પરિવારને સમય જ નથી આપતા. તમે કોઈની નોકરી કરતા હોવ અને તમારા હાથમાં કંઈ ન હોય ત્યારે તમે સમય ન આપો એ અલગ વસ્તુ છે, જ્યારે તમારે શું કરવું એ તમારા હાથમાં હોય ત્યારે તમારે એ વિચારવું જોઈએ કે, હું જે કરું છું એ બરાબર કરું છુંને? આમ તો જે લોકો જોબ કરે છે એણે પણ પોતાનો શિડ્યૂલ એ રીતે નક્કી કરવો પડે જેમાં સુખ અને શાંતિની અનુભૂતિ થાય. એક વાત યાદ રાખવા જેવી છે કે, જિંદગી માત્ર કામ કરવા માટે જ નથી, જિંદગી સરવાળે તો સારી રીતે જીવવા માટે છે. તમે સખત મહેનત કરીને પણ જો સારી રીતે જીવી શકતા ન હોવ તો માનજો કે તમે ખોટા રસ્તે છો.

# દરિયાઈ સફરનો રોમાંચ આપતું હોવર ક્રાફ્ટ



હોવરક્રાફ્ટનું નામ સાંભળતાં જ દરિયાનાં પાણી ઉપર સાપની જેમ સરક્તું જહાજ નજર સમક્ષ તરવરવા માંડે. રોમાંચ અને થ્રીલ આપતી હોવરક્રાફ્ટની મુસાફરીને ૨૦૦૯ના વર્ષમાં પચાસ વર્ષ પૂરાં થયાં. આ પાંચ દાયકામાં દરિયાઈ સફર માટે હોવરક્રાફ્ટ સૌનું માનીતું વાહન બની ગયું. દસ, વીસ નહીં ને પચાસ વર્ષનો રોમાંચક પ્રવાસ કરાવતા હોવરક્રાફ્ટના ઈતિહાસ પર એક નજર દોડાવીએ તો.. બ્રિટિશ એન્જિનિયર ક્રિસ્ટોફર કોકેરેલને આ અદ્‌ભુત વાહનની શોધનો યશ આપવો જ પડે. સાત વર્ષની અથાગ મહેનત પછી ક્રિસ્ટોફરે એસ.આર.એન.વન. નામનું ચાર લોકો સફર કરી શકે તેવું હોવરક્રાફ્ટ બનાવ્યું. તેમની આ મહામૂલી શોધને પરિણામે બ્રિટિશ સરકારે ૧૯૬૯માં ક્રિસ્ટોફરને સરનો કિતાબ આપ્યો. ૧ જૂન,૧૯૯૯ના રોજ બ્રિટનના હેમ્પશાયરમાં ૮૯ વર્ષની વયે ક્રિસ્ટોફર કોકેરેલનું અવસાન થયું. હેમ્પશાયરમાં જ દુનિયાનું સૌથી મોટું હોવરક્રાફ્ટ મ્યુઝિયમ આવેલું છે. હોવરક્રાફ્ટ ફક્ત પાણી પર દોડે એવું નથી. તમને કદાચ ખબર હોય તો રેતી અને બરફ પર દોડતું હોવરક્રાફ્ટ પણ હોય છે. મિલિટરી ઓપરેશન્સ તેમજ બચાવ કામગીરી માટે પણ હોવરક્રાફ્ટ ખૂબ જ ઉપયોગી છે. આખેઆખી કાર હોવરક્રાફ્ટમાં ચડાવી લોકો દરિયાઈ સફર માણે છે. અહીં એસ.આર.એન.ફોર સહિત અન્ય ૬૦ હોવરક્રાફ્ટ રાખવામાં આવ્યા છે.

---

# તારી નાનીએ તને ઉછેરીને ખરો કિંમતી સિક્કો બનાવી દીધી છે...



**સગાઈ**

**- રુપાલી દવે**

શ્રીનાથજી બંગલામાં બે ત્રણ દિવસ થી જીલ ના આગમન ને કારણે રોનક વધી ગઈ હતી.પરિવારના પ્રત્યેક સભ્યો એટલે કે નીતિન ને બાદ કરતા બધા જીલ ની સુંદરતા અને વૈષ્ણવ ધર્મ ના સંસ્કાર ના લીધે ખૂબ ખુશ હતા.જીલનો કંઠ તો એટલો બધો મીઠો હતો ને કે સવાર સવાર મા શ્રીજીનાં જગાડવા ના સમય એ ભજન બેત્રણ દિવસ થી ગાતી હતી ત્યારે પરિવાર ના સભ્યો ને સાંભળ્યા કરવાનું મન થતું હતું.બા તો જીલ ના કંઠ પ્રત્યે મોહિત થઈ ગયા હતા એના લીધે સવારે સવારે શ્રીજી બાવા ને એકના બદલે બે પ્રભાતિયાં સાંભળવા પડતાં હતાં એક્તો નાનકડા બાલ ગોપાલ ને ઉઠવું ગમે નહિ ને ઉપર થી બે પ્રભાતિયાં.એવું લાગતું હતું કે જીલ વરસો થી પરિવાર નો હિસ્સો છે. બધા ના મુખ પર જીલ નું નામ ભળી ગયું.

બીજે દિવસે દીપલને એના સાસરેથી તેડવા મુંબઈ જવાનું હતુ. કુસુમબેન એ લતાબેનને પૂછ્યું કે દીદી,દીપલ ના સાસરે મોકલવાની ભેટ નું ગિફ્ટ પેક ની બધી વસ્તુઓ મંગાવી લીધી છે ક્યારે ગિફ્ટ પેક કરવા બેસવું છે.જીલ બોલી કે કાકીમાસી ,તમારી સંમતિ હોય તો હું બાં ની દેખરેખ માં કરી દઈશ.અથવા તો બીજું કોઈ કામ હોય તો એ કરીશ...લતાબેન એ કુસુમબેન ની મુક સંમતિ જાણી ને બોલ્યાં કે ચોક્કસ બેટા ,પરંતુ કામ થોડું સાવચેતીથી કરવું પડશે..બાં બોલ્યાં કે ચિંતા નાં બન્ને કરો ,હું પણ આમ સુતા સુતા થાકી ગઈ છું,જીલ નું કામ જોઈ લઈશ ઠીક છે ,તમે બીજા ઘરના કામ પતાવી દયો.હા બા કહી બન્ને મીઠાઈ અને પ્રસાદ પેક કરવા રસોઈમાં ગયા. જીલના મો પર ખુશી છવાઈ ગઈ.

દીપલના સાસરિયાંના સભ્યો માટે ખાસ ભેટો ખરીદવા માં આવી છે. સાસરિયાની દરેક દીકરીઓ માટે સોના માં બનેલ હીરા ,ચોકી,મણીઓની કાનની બુટ્ટીઓ એની સાસુ અને બે કાકીજીઓ માટે ખાસ હીરા ના હાર અને કાંજીવરમની સિલ્ક ની સાડીઓ વગેરે અનેક મૂલ્યવાન ભેટો માટે પેકિંગનો સામાન પણ ખાસ હતો. ખાસ પ્રકાર ના લાલ ,લીલા, પીળા, સોનેરી,રૂપેરી ચમકતા પેકિંગ પેપર સાથે જુદાજુદા રંગના લેસ, ફેવિકોલ વગેરે સાથે જીલે એ પેકિંગ કરવાનું શરૂ કર્યું. જીલનું સ્વચ્છ અને સુઘડ કામ જોઈને બા ખુશ થઇ ગયા.થોડીજ કલાકો માં તો એમણે એકદમ નવી સ્ટાઈલ માં બધી ભેટો નું પેકિંગ કરી નાખ્યું.. લતાબેન અને કુસુમબેનની પારખું નજર જીલ ની કળા નિહાળતા બન્નેની આંખો પોહળી થઈ ગઈ. લતાબેન ખુશ થઈને જીલ ને ભેટી પડ્યા ને બોલ્યાં કે દીકરી તું તો ગુણો નો ભંડાર છો.તું તો દરેક કામ માં કુશળ છો. તારી નાનીએ તને ઉછેરીને ખરો કિંમતી સિક્કો બનાવી દીધી છે...જીલ એકદમ બોલી પડી કે આ બધું મને નાની એ નહિ..ત્યાં એને અચાનક યાદ આવ્યું કે મમ્મીનું નામ ક્યાંય નથી લેવાનું ,એટલે વાક્ય પૂરું કરતા બોલી કે બધું ઠાકોરજી ની કૃપા થી શીખી ગઈ.બાં એ જીલ ના મરોડદાર અંગ્રેજી અક્ષરો જોઈને પૂછ્યું કે બેટા તું ક્યાં સુધી ભાણી છો...જીલ નો જવાબ સાંભળતા બા સાથે કુસુમબેન અને લતાબેન બધા સરપ્રાઈઝ થઈ ગયા ને બોલ્યાં કે હે!!!ખરેખર કમ્પ્યુટર એન્જિનિયર છો.જીલ જવાબ આપતા બોલી કે હા!! હું કમ્પ્યુટર એન્જિનિયર છું ને અત્યારે માસ્ટર નું કરી રહી છું. બાં એ પૂછ્યું કે ચોરવાડમાં તો એન્જિનિયરિંગની કૉલેજ નથી,તો તું ભણી ક્યાં?જીલ બોલી કે બા,હું અમદાવાદની કૉલેજમાં btec નું કરીને ત્યાજ mtec નું કરું છું.અત્યારે વેકેશન ચાલે છે એટલે ચોરવાડમાં નાના નાની ને ત્યાં છું.

નીતિન અને રોહન સાથે કુટુંબના અન્યબે સભ્યો એટલે મહેશભાઈ ના કાકા ના દીકરાઓ પણ નીતિન સાથે દીપલ અને નેહા ને તેડવા મુંબઈ જવાના હતા. દીપલ નું સાસરું ખૂબ શ્રીમંત ને વૈષ્ણવ સંપ્રદાય ને ચુસ્ત પણે પાળે છે.એટલે ત્યાં મૂલ્યવાન ભેટો કરતા ઠાકોરજીનો પ્રસાદ તો મુખ્ય હોય જ.દીપલના સાસરિયાંમાં સસરા ૫ ભાઈઓનો વિશાળ પરિવાર છે.,ખાસ તો આ પરિવાર ની વિશેષતા એ છે કે પાંચેય ભાઈઓ ના બંગલાઓ મુંબઈના બંગલાઓ એક જ ગ્રાઉન્ડ માં એકસરખા ભવ્ય બંધાવેલાછે.કુટુંબમાં ખૂબ સંપ સહકાર રહેલો છે.આટલા બધા શ્રીમંત હોવા છતાં પરિવાર એકદમ નિરાભિમાની છે. દીપલ ના સસરા પાંચ ભાઈઓ માં સૌથી નાના છે એટલે બીજા ભાઈઓ અને ખાસ તો બાં બાપુજી નો વિશેષ પ્રેમ રહે છે.

બા ની મનોમન ઈચ્છા હતી કે જીલ ને પણ નીતિન સાથે મુંબઈ મોકલે પરંતુ જીલે જ બા ને સમજાવ્યું હતું કે ત્યાં એ કોઈને ઓળખતી નથી.વળી કોઈપણ પ્રકારના સબંધ વગર ત્યાં જઈને એ શું પોતાની ઓળખાણ આપશે? બા ને પણ એની વાતમાં તથ્ય છે એવું લાગ્યું એટલે જીલ ને પોતાની પાસે જ રાખી.નીતિન ને માટે જીલ એક બોજ હતી એને એવો ડર લાગતો હતો કે ક્યાંક પપ્પા ,કાકા અને બા આ ગમાર સાથે લગ્ન કરાવી દેશે તો.બાપરે એ જીવી કેવી રીતે શકશે?એના




માટે જીલ નો ઈસ્યુ મોટો હતો,એટલે એ એવું ઈચ્છતો હતો કે જલદી દીપલ અને નેહા આવી જાય તો એજ પપ્પા ને સમજાવી શકશે કે મારા લગ્ન માટે સુરુચિ પરફેક્ટ છે.સુરું,એક્તો મારી બાળપણ થી લઈને યુવાની સુધીની એક માત્ર એવી ફ્રેન્ડ છે કે એનામાં મારું જીવન વસે છે.જીલ,સંસ્કાર થી લઈને દેખાવમાં બધી રીતે સુંદર છે પરંતુ એનો ઉછેર ગામડામાં થયો છે એ મોર્ડન નથી કદાચ ઈંગ્લિશ એણે એની જિંદગીમાં સાંભળ્યું પણ નહી હોય.મારી જીદગી એક રૂપકડી ઢીંગલી સાથે નહિ જ વિતાવું.મારા મન ને તો સુરુચિ જ ગમે છે.નીતિન નો નિર્ણય એકદમ પાક્કો હતો.એને ખાતરી હતી કે દીપલ એની સમસ્યા નો હલ લાવશે. બધી ભેટની ચીજ વસ્તુઓ જીલ એ નોકરો ની મદદથી સરખી રીતે મુકાવી દીધી.મૂલ્યવાન ચીજ વસ્તુઓના લીધે એક કાર ગિફ્ટ સાથે બે security ગાર્ડ સાથે .મુંબઈ જવા નીકળી.બીજી કારમાં નીતિન,રોહન અને મહેશભાઈના કાકાજીનાં દીકરા ધવલ અને ધૈર્ય ગોઠવાતા જ કાર પૂરઝડપે મુંબઈ ના હાઈવે પર ૮૦ની ઝડપે દોડવા લાગી.છોકરાઓના મુંબઈ જવા નીકળ્યા બાદ પરિવાર ના સભ્યો ડાઈનિંગ ટેબલ પર જમવા તો બેઠા પણ બધાની ભોજન માંથી રુચિ જતી રહી હતી..રસોડા માંથી નીકળી ને જીલ એ બધાને નવો બનાવેલ લાલા જી માટે નો ભોગ પીરસ્યો.. એક ચમચ પ્રસાદ મો માં મૂકતાં ભેગા મહેશભાઈ ના મોઢા માંથી વાહ!! વાહ નીકળી ગયું..

રવિવારે રાત્રે ચેન્નાઈમાં આયોજિત ફાઈનલ મેચમાં શાહરૂખ ટીમને ચીયર કરવા માટે પોતાના આખા પરિવાર સાથે સ્ટેડિયમમાં હાજર રહ્યો હતો.


# KKRની જીત પર સ્ટેડિયમમાં ખાન પરિવાર ભાવુક





શાહરૂખે ગૌરીના કપાળ પર ચુંબન કર્યું, પિતાને ગળે લગાવીને સુહાના રડી પડી...

મુંબઈ: સુપરસ્ટાર શાહરૂખ ખાનની ટીમ KKRએ IPL 2024ની ટ્રોફી જીતી લીધી છે. રવિવારે રાત્રે ચેન્નાઈમાં આયોજિત ફાઈનલ મેચમાં શાહરૂખ ટીમને ચીયર કરવા માટે પોતાના આખા પરિવાર સાથે સ્ટેડિયમમાં હાજર રહ્યો હતો.

શાહરૂખની ટીમે વિનિંગ શોટ મારતા જ શાહરૂખ ઉભો થયો અને પહેલા તેની પત્ની ગૌરીને ગળે લગાવ્યો. આ પછી શાહરૂખે દીકરી સુહાનાને ગળે લગાવી હતી. પિતાને ગળે લગાવતા સુહાના ભાવુક થઈ ગઈ હતી. શાહરૂખના બે પુત્રો અબરામ અને આર્યન પણ તેને ગળે લગાવ્યા હતા. સ્ટેડિયમમાં હાજર શાહરૂખ આખી મેચ દરમિયાન સફેદ માસ્ક પહેરીને જોવા મળ્યો હતો. ફાઈનલ મેચના થોડા દિવસો પહેલા સુધી તેઓ હીટ સ્ટ્રોકના કારણે હોસ્પિટલમાં દાખલ હતા. 21 મેના રોજ IPL મેચ બાદ શાહરૂખ ખાનની તબિયત બગડતાં અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અહીં 2 દિવસ સુધી તેની સારવાર ચાલી હતી. ફાઈનલ મેચ દરમિયાન શાહરૂખની બિઝનેસ પાર્ટનર અને અભિનેત્રી જુહી ચાવલા પણ KKRને ચીયર કરવા આવી હતી. સુહાનાની નજીકની મિત્રો અભિનેત્રી અનન્યા પાંડે અને શનાયા કપૂર પણ સ્ટેડિયમમાં હાજર હતી. બંને અભિનેત્રીઓના માતા-પિતા ચંકી અને ભાવના પાંડે અને સંજય અને મહિપ કપૂર પણ અહીં હાજર હતા.




## જાહન્વી-રાજકુમાર પ્રમોશન માટે પહોંચ્યા હતા

આ સિવાય જાહન્વી કપૂર અને રાજકુમાર રાવ પણ ફાઈનલ મેચમાં તેમની આગામી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'ના પ્રમોશન માટે આવ્યા હતા. વર્ક ફ્રન્ટ પર શાહરૂખની છેલ્લી ફિલ્મ ગયા વર્ષે રિલીઝ થયેલી 'ડંકી' હતી. આ દિવસોમાં તે પુત્રી સુહાના અને પુત્ર આર્યનને તેમના ડેબ્યુ પ્રોજેક્ટમાં મદદ કરી રહ્યો છે. તે પોતાની પુત્રીની ડેબ્યુ ફિલ્મ 'કિંગ'માં કેમિયો કરતો જોવા મળશે.

# શાહરુખ ખાનનું સ્પોર્ટ્સ પર્સન બનવાનું હતું સપનું...

## હું સારો વિકેટકીપર હતો, પણ ઈજા બાદ મારે ક્રિકેટને અલવિદા કહી દેવું પડ્યું'

મુંબઈ: અમદાવાદમાં પોતાની ટીમને ચીયર કરવા આવેલા કિંગખાનની અચાનક તબિયત લથડી હતી જેના કારણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. શાહરુખ ખાન હાલમાં જ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ઘરે પરત ફર્યો છે. તેના ફેન્સ જાણે છે કે શાહરુખને સ્પોર્ટ્સનો શોખ છે. પરંતુ એક ઈન્ટરવ્યૂ દરમિયાન એક્ટરેકહ્યું કે તે હંમેશા સ્પોર્ટ્સ પર્સન બનવા માગતો હતો. તેમણે ક્યારેય એક્ટર બનવા વિશે વિચાર્યું ન હતું. હાલમાં જ સ્ટાર સ્પોર્ટ્સ સાથેની વાતચીતમાં શાહરુખ ખાને રમત પ્રત્યેના પોતાના પ્રેમ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું, હું હંમેશા સ્પોર્ટ્સ પર્સન બનવા માગતો હતો. સાચું કહું તો હું ક્યારેય એક્ટર બનવા માગતો ન હતો. મેં હંમેશા આ કહ્યું છે. વધુમાં ખુલાસો કર્યો હતો કે તે વિકેટકીપર તરીકે કામ કરતો હતો પરંતુ ઈજાના કારણે તેમણે આ પદ છોડવું પડ્યું હતું. તેણે કહ્યું કે તે રમત દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. તેમની પાસે સારવાર માટે પૈસા ન હતા. શાહરૂખે કહ્યું કે તે દરમિયાન બધું એટલું સરળ નહોતું. તેણે કહ્યું કે હું હંમેશા સ્પોર્ટ્સમાં કંઈક કરવા માંગતો હતો. જો કે, IPL દરમિયાન તે પોતાની ટીમ KKR માટે જે રીતે ચીયર કરે છે તેના પરથી શાહરુખ ખાનનો સ્પોર્ટ્સ પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટપણે દેખાય છે. આ સિઝનમાં પણ તે ઘણી મેચોમાં જોવા મળ્યો હતો, કેટલીકવાર તેના પરિવાર અને મિત્રો સાથે.આ દિવસોમાં શાહરુખ ખાન સુજોય ઘોષની એક્શન ફિલ્મ 'કિંગ'માં કામ કરી રહ્યો છે. તેમની પુત્રી સુહાના ખાન પણ આ ફિલ્મથી મોટા પડદે ડેબ્યૂ કરવા જઈ રહી છે. શાહરુખ પણ આ ફિલ્મને તેના બેનર રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ હેઠળ પ્રોડ્યુસ કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રી-પ્રોડક્શન સ્ટેજ પર ચાલી રહેલી આ ફિલ્મ પર શાહરુખે 200 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. હંગામાના રિપોર્ટ અનુસાર, 'કિંગ' શાહરુખની મહત્વાકાંક્ષી એક્શન ફિલ્મ છે. ટીમ છેલ્લા એક વર્ષથી આ ફિલ્મના પ્રી-પ્રોડક્શન પર કામ કરી રહી છે. શાહરુખ પોતે પણ પોતાની દીકરીની ડેબ્યૂ ફિલ્મને મોટી બનાવવા માટે કોઈ કસર છોડી રહ્યો નથી.




# જાણીતા અભિનેતાની ગોળી મારી હત્યા, 37 વર્ષની વયે ફિલ્મ જગતને અલવિદા

મુંબઈ: સિનેમા જગતને મોટો આંચકો લાગ્યો છે. હોલિવૂડ અભિનેતા જોની વેક્ટર પર લોસ એન્જલસમાં ચોરોએ હુમલો કર્યો અને ત્યારબાદ તેને ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. 37 વર્ષીય અભિનેતાને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. રિપોર્ટ્સ અનુસાર જોની વેક્ટર શનિવારે સવારે હુમલો થયો હતો.

રિપોર્ટ્સ અનુસાર અભિનેતા જોની વેક્ટરની ચોરીના પ્રયાસમાં હત્યા કરવામાં આવી હતી. આ બાબતે જોનીની માતાએ પણ એક નિવેદન આપ્યું છે. જોનીની માતા સ્કારલેટે જણાવ્યું હતું કે, જોની પર શનિવારે સવારે 3 વાગ્યે કેટલાક ચોરોએ હુમલો કર્યો હતો. લૂંટનો પ્રયાસ કરતી વખતે ઝપાઝપીમાં જોનીની ગોળી મારીને હત્યા કરી છે. રિપોર્ટ્સમાં એવું કહેવામાં આવ્યું છે કે જોની વેક્ટર તેની કારમાં જઈ રહ્યો હતો અને અચાનક ત્રણ ચોરોએ જોનીની કારમાંથી કેટાલિટિક કન્વર્ટર ચોરી કરવાનો પ્રયાસ કર્યો. અભિનેતાએ તેમને રોકવાનો પ્રયાસ કરતા જ આ અકસ્માત થઈ ગયો. જોનીના મૃત્યુથી તેના પરિવારને જ નહીં પરંતુ ઈન્ડસ્ટ્રીને પણ મોટી ખોટ પડી છે. સોશિયલ મીડિયા પર માત્ર જોનીની જ ચર્ચા થઈ રહી છે. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ કેસમાં પોલીસે હજુ સુધી કોઈની ધરપકડ કરી નથી. જોની 'જનરલ હોસ્પિટલ'માં બ્રાન્ડો કોર્બીનની ભૂમિકાથી વધુ પ્રખ્યાત હતો. 200 થી વધુ એપિસોડવાળા આ શોમાં જોનીએ ડ્રગ એડિક્ટ સાશાના પતિની ભૂમિકા ભજવી હતી.

# હાર્દિક પંડ્યા અને નતાશા છૂટાછેડા નહીં લે! PR ટીમે પબ્લિસિટી માટે ફેલાવી અફવા?

મુંબઈ: નતાશા સ્ટેનકોવિક અને હાર્દિક પંડ્યા વચ્ચેના સંબંધોમાં તિરાડ આવી ગઈ છે. બંને જલ્દી છૂટાછેડા લેવાના છે. અભિનેત્રીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી તેના પતિની સરનેમ હટાવી દીધી છે. હાલમાં જ તેણે એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી છે. જો છૂટાછેડા થશે તો હાર્દિકે નતાશાને 70 ટકા વળતર ચૂકવવું પડશે વગેરે..આવા સમાચાર છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર સતત ફરતા થઈ રહ્યા છે. છૂટાછેડાના આ સમાચારોમાં સત્ય છે કે નહીં? આ જાણવા માટે ચાહકો પણ ઉત્સુક છે. તમને જણાવી દઈએ કે નતાશા અને હાર્દિકના છૂટાછેડા નથી થઈ રહ્યા. આ બધું માત્ર પબ્લિસિટી માટે કરવામાં આવ્યું છે. અમે આ નથી કહી રહ્યા પરંતુ એક પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે. કપલના છૂટાછેડાના સમાચાર વચ્ચે ફરી એક પોસ્ટ વાઈરલ થઈ રહી છે. નતાશા સ્ટેનકોવિક અને હાર્દિક પંડ્યા છૂટાછેડાની અફવાઓ પર કોઈ નિવેદન આપ્યું નથી. આવી સ્થિતિમાં એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ બધું જ પબ્લિસિટી માટે કરવામાં આવ્યું છે. આ બધું કામ હાર્દિક પંડ્યાની PR ટીમનું છે તેમણે આ ખોટા સમાચારોને વેગ આપ્યો હતો.



યુઝરે પોસ્ટમાં લખ્યું હતું કે, 'નતાશા સ્ટેનકોવિક અને હાર્દિક પંડ્યા પહેલીવાર નાઈટ ક્લબમાં કોમન ફ્રેન્ડ દ્વારા મળ્યા હતા. ઈંગ્લેન્ડમાં આયોજિત ઈન્ડિયા વર્લ્ડ કપ પછી ઓગસ્ટ અને નવેમ્બર 2019 વચ્ચે બંને વચ્ચે સંબંધ બંધાઈ ગયા હતા. આ દરમિયાન અભિનેત્રી ગર્ભવતી બની હતી. વર્ષ 2020માં હાર્દિક અને નતાશાએ અચાનક તેમની સગાઈની જાહેરાત કરી અને પછી કોર્ટમાં લગ્ન કરી લીધા હતા. પોસ્ટમાં આગળ લખ્યું છે કે, 'લગ્નને લઈને એક શરત રાખવામાં આવી હતી કે નતાશા અને હાર્દિક ઈચ્છે ત્યારે લગ્ન કરી શકે છે.

# બાદશાહ-હનીસિંહની વર્ષો જૂની દુશ્મનીનો આવ્યો અંત? રેપરે કહ્યું-ગેરસમજ થઈ

મુંબઈ: બાદશાહે ગેંડા ફૂલ, પાગલ, પાની પાની, ગરમી, ડીજે વાલે બાબુ જેવા ઘણા ગીતો ગાયા છે. તેના ગીતો ખૂબ પ્રખ્યાત છે. તેના ગીતો ડીજે પર ધમાકો મચાવે છે. લોકો તેના ગીતોને ખૂબ પસંદ કરે છે. હવે ભલે બાદશાહના ગીતો લોકોના માથે ચઢી જાય પરંતુ એક સમય હતો જ્યારે લોકો હની સિંહના ગીતોના ચાહક હતા. લોકોને તેના ગીતો ખૂબ પસંદ આવ્યા જે અદ્ભુત પણ હતા.

બાદશાહનો હની સિંહ સાથે ઝઘડો થયો અને હવે તેણે સમાપ્ત કરવાનું વચન આપ્યું છે. હકીકતમાં તેમની કારકિર્દીના એક તબક્કા દરમિયાન બાદશાહ અને હની સિંહ બંને રેપ બેન્ડ 'માફિયા મુંદિર'નો ભાગ હતા. તે સમયે બંને વચ્ચે ખૂબ જ સારી મિત્રતા હતી. પરંતુ 2009માં બંને વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ થયો હતો. આ પછી બંનેએ અલગ થવાનો નિર્ણય કર્યો હતો. જો કે, આ પછી બંનેએ એકબીજાને ઘણી વખત ઓનલાઈન ટોણા માર્યા હતા. હવે હાલમાં તેના એક કોન્સર્ટ દરમિયાન બાદશાહે આ વિવાદને સમાપ્ત કરવાનો નિર્ણય લેવાની વાત કરી અને કહ્યું કે ઘણા લોકો છે જે તેને તોડવા માંગે છે. પણ જોડનાર કોઈ નહોતું. તેણે કહ્યું હતું કે, 'મારા જીવનમાં એક એવો તબક્કો હતો જ્યારે મને એક વ્યક્તિ પ્રત્યે ઘણી કડવાશ હતી અને હવે હું તેનો અંત લાવવા માંગુ છું અને તે કડવાશને પાછળ છોડી દેવા માંગુ છું. તે વ્યક્તિ છે હની સિંહ. કેટલીક ગેરસમજને કારણે હું દુઃખી હતો. પણ પછી મને સમજાયું કે જ્યારે અમે સાથે હતા. એ સમયે બહુ ઓછા લોકો હતા જેમણે અમને એક કર્યા અને ઘણા એવા હતા જેમણે અમને તોડ્યા હતા. હવે હું બધાને કહેવા માંગુ છું કે મેં તે તબક્કો પાછળ છોડી દીધો છે અને હું તેમને શુભેચ્છા પાઠવું છું.

# દે દે પ્યાર દે ટૂમાં પણ અજય દેવગણ અને માધવન સામ સામે ટકરાશે...

મુંબઈ: અજય દેવગણની ફિલ્મ 'દે દે પ્યાર દે ટૂ'માં આર. માધવનની પણ એન્ટ્રી થઈ છે. થોડા સમય પહેલાં રીલિઝ થયેલી ફિલ્મ 'શૈતાન'માં બંને સામસામે આવ્યા હતા. હવે આ ફિલ્મમાં તેઓ ફરીથી ટકરાશે. ફિલ્મના અન્ય કલાકારોમાં રકૂલ પ્રીતસિંહનો સમાવેશ થાય છે. ફિલ્મનું શૂટિંગ આવતા મહિનાથી શરુ થવાનું છે. ફિલ્મ આવતાં વર્ષે ઉનાળુ વેકેશન દરમિયાન રીલિઝ કરવાનું પ્લાનિંગ છે.

'શૈતાન'માં અજય દેવગણ અને માધવન એકબીજા સાથે દુશ્મનાવટભર્યા રોલમાં હતા. જોકે, આ ફિલ્મમાં તેમની ટક્કર હશે પરંતુ તે કોમેડીથી ભરપૂર હશે. માધવન આ પ્રકારન કોમેડી ફિલ્મો કરવામાં પણ સારી નિપુણતા ધરાવે છે તે અગાઉ 'તનુ વેડસ મનુ' ના બે ભાગ પરથી પુરવાર થઈ ચૂક્યું છે. માધવનવાળા રોલ માટે અગાઉ અનિલ કપૂરની વિચારણા થઈ હતી. પરંતુ, હવે માધવને તેનું સ્થાન લીધું છે.



મૂળ ફિલ્મ 'દે દે પ્યાર દે'ની વાર્તા જ્યાં ખતમ થઈ હતી ત્યાંથી જ 'દે દે પ્યાર દે ટૂ'ની વાર્તા શરુ થશે. એક યુવતી તેનાથી મોટી વયના પુરુષના પ્રેમમાં પડે છે પછી કેવી સ્થિતિ સર્જાય છે તેવી ફિલ્મની વાર્તા આગળ વધારાશે.

# જાહન્વી કપૂરે શ્રીદેવી અંગે કરી આ વાત

## :એક્ટ્રેસે કહ્યું, 'મારી માતાના નિધન પછી હું ખૂબ જ ધાર્મિક અને અંધશ્રદ્ધાળુ બની છું'

મુંબઈ: આજકાલ જાહન્વી કપૂર તેની આગામી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'ને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મ 31 મેના રોજ થિયેટરમાં રિલીઝ થઈ રહી છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન જાહન્વીએ જણાવ્યું કે કેવી રીતે તેની માતા અને દિવંગત એક્ટ્રેસ શ્રીદેવીના અચાનક મૃત્યુથી તેનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો અને તે વધુ ધાર્મિક બની ગઈ છે.



એક મીડિયા સાથેની વાતચીત દરમિયાન જાહન્વીએ કહ્યું, પહેલાં હું શુક્રવારના દિવસે વાળ ન ધોવા જેવી કેટલીક બાબતોમાં વિશ્વાસ કરતી નહોતી. રવિવારે કાળા કપડાં ન પહેરવા. પરંતુ મમ્મીના નિધન પછી શું થયું તે ખબર નથી, મેં બધું સ્વીકારવાનું શરૂ કર્યું છે. પહેલાં મમ્મી પૂજા પાઠમાં વિશ્વાસ કરતી હતી તેથી હું વિશ્વાસ કરતી હતી. પરંતુ તેમના ગયા પછી મારો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો. મને પૂજામાં રસ પડવા લાગ્યો. હું હિન્દુત્વ વિશે વધુ જાગૃત બનવા લાગી છું. જાહન્વી માને છે કે તે પહેલાં કરતાં વધુ ધાર્મિક બની ગઈ છે. તે અવારનવાર તિરુપતિ બાલાજીની મુલાકાત લે છે. આ વિશે વાત કરતાં એક્ટ્રેસે કહ્યું, બાલાજી સાથે માતાનું અલગ જોડાણ હતું. તેમના ગયા પછી મેં નક્કી કર્યું હતું કે હું દરેક જન્મદિવસે ત્યાં જઈશ. જ્યારે હું ત્યાં ગઈ ત્યારે હું ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી. આ પછી મેં વિચાર્યું કે દરેક મોટા કામ પહેલાં હું અહીં આવીશ અને બાલાજીની સીડીઓ ચઢીશ. જાહન્વીને માત્ર બાલાજી જવાનું પસંદ નથી પરંતુ દર વખતે ત્યાં સીડીઓ પણ ચઢે છે. તે કહે છે કે જ્યારે પણ તેને કોઈ વસ્તુ ખૂબ જ સરળતાથી મળે છે ત્યારે તેને લાગે છે કે તે તેના લાયક નથી.

# કરન-કાર્તિકની ફિલ્મ દોસ્તાના-2 મુલતવી રાખવા પર બોલી જાહન્વી

## કહ્યું, 'અમે 35 દિવસ સુધી ફિલ્મનું શૂટિંગ કર્યું હતું, સેટ પર તો બધું બરાબર જ હતું'



વર્ષ 2019માં કરણ જોહરના બેનર હેઠળ બનેલી 'દોસ્તાના 2'માં જાહન્વી કપૂરને કાસ્ટ કરવામાં આવી હતી. આ ફિલ્મમાં એક્ટ્રેસની સાથે કાર્તિક આર્યન અને લક્ષ્ય લાલવાણી જોવા મળશે.

30 થી 35 દિવસ સુધી આ ફિલ્મનું શૂટિંગ કર્યા બાદ મેકર્સે તેને મોકૂફ રાખી હતી. મીડિયા રિપોર્ટ્સમાં આનું કારણ કાર્તિક અને કરન વચ્ચેનો અણબનાવ હોવાનું જણાવવામાં આવ્યું હતું. ફિલ્મના સેટ પર બધું બરાબર હતું: જાહન્વી હવે એક્ટ્રેસ જાહન્વી કપૂરે એક ઈન્ટરવ્યૂમાં આ વિશે વાત કરી છે. ધ લલનટોપને આપેલા એક ઈન્ટરવ્યૂમાં જાહન્વીએ કહ્યું, 'અમે આ ફિલ્મનું 30 થી 35 દિવસ સુધી શૂટિંગ કર્યું છે. મને લાગે છે કે સેટ પર બધું બરાબર હતું. અમે પણ સારી રીતે શૂટિંગ કરી રહ્યા હતા. મને ખરેખર સમજાતું નથી કે આ ફિલ્મ આખરે રિલીઝ કેમ ન થઈ મેં પણ આ જાણવા અને શોધવાનો પ્રયાસ કર્યો પરંતુ મને લાગે છે કે આ કોરોનાને કારણે થયું છે. આ કારણે ફિલ્મ પર દોઢ વર્ષનો બ્રેક હતો અને પછી મેકર્સે તેને ફરીથી શરૂ કરવાનું નક્કી કર્યું મને ખબર નથી. જ્યારે જાહન્વીને પૂછવામાં આવ્યું કે શું કાર્તિક અને કરન વચ્ચેની લડાઈને કારણે આવું થયું છે? તો એક્ટ્રેસે કહ્યું, 'મને નથી લાગતું કે આવું કંઈ થયું હોય. મને લાગે છે કે આ બંને માટે તેમનું કામ દરેક વસ્તુ કરતાં વધુ મહત્ત્વનું છે. પરંતુ તમારે તેને પૂછવું પડશે કે તેમની વચ્ચે શું થયું અને શું નહીં. જોકે, હવે કાર્તિક અને કરન વચ્ચે બધુ બરાબર છે. બંનેએ 2023માં એક સાથે એક ફિલ્મની જાહેરાત પણ કરી હતી. સંદીપ મોદી દ્વારા નિર્દેશિત, તે ઓગસ્ટ 2025માં રિલીઝ થશે.

વર્કફ્રન્ટની વાત કરીએ તો કાર્તિકની આગામી ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' છે જે 14 જૂને રિલીઝ થશે. જાહન્વીની આગામી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' છે જે 31 મેના રોજ રિલીઝ થવાની છે.

**શું હતો સમગ્ર મામલો** ■ જૂન 2019માં ફિલ્મ નિર્માતા કરન જોહરે ફિલ્મ 'દોસ્તાના 2'ની જાહેરાત કરી હતી. ■ આ ફિલ્મમાં કાર્તિક આર્યન, જાહન્વી કપૂર અને લક્ષ્ય લાલવાણી સાથે કામ કરવાના હતા. ■ આ ફિલ્મનું નિર્માણ કાર્ય પણ નવેમ્બર 2019માં શરૂ થયું હતું અને 30 થી 35 દિવસ સુધી શૂટિંગ ચાલ્યું હતું. ■ ત્યારબાદ કોરોના અને લોકડાઉનના કારણે તેનું કામ બંધ થઈ ગયું હતું. ■ થોડા વર્ષો પછી નિર્માતાઓએ આ ફિલ્મને મુલતવી રાખી. ■ કાર્તિક અને કરન વચ્ચે સર્જનાત્મક મતભેદો અને કાર્તિકના બિનવ્યાવસાયિક વર્તનને કારણે આવું બન્યું હોવાની ચર્ચા થઈ હતી. ■ 2021માં કરને જાહેરાત કરી કે તે ફરીથી તેની કાસ્ટ પર કામ કરી રહ્યો છે પરંતુ આવું થયું નહીં.

# IPL 2024ની 25 યાદગાર ક્ષણો કોહલી-ગંભીરે ગળે મળ્યા





















કોલકાતા નાઈટ રાઈડર્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ-2024નું ટાઈટલ જીતી લીધું છે. ફાઈનલ મેચમાં ટીમે સનરાઈઝર્સ હૈદરાબાદને 8 વિકેટે હરાવ્યું હતું. આ સાથે ટીમે તેનું ત્રીજું IPL ટાઇટલ જીત્યું. IPL 2024 ની યાદગાર પળો તસવીરોમાં... લખનઉ સુપર જાયન્ટ્સે મરૂન-ગ્રીન કોમ્બિનેશનની જર્સી પહેરી હતી. જર્સીનો રંગ સુપ્રસિદ્ધ ફૂટબોલ ક્લબ મોહન બાગાનની મરૂન અને લીલી જર્સીથી પ્રેરિત છે.મેચમાં બેંગલુરુની ટીમ ગ્રીન જર્સી પહેરીને રમવા આવી હતી. ટીમના ખેલાડીઓએ સ્વચ્છતા અને ગ્રીન પર્યાવરણ જાળવવાનો સંદેશ આપ્યો હતો.

## IPL ચેમ્પિયનને અધધધ... કરોડો રૂપિયા મળ્યા



**કોલકત્તા તા 27**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ને એક નવો ચેમ્પિયન મળ્યો છે. 17મી સિઝનમાં કોલકાતા નાઈટ રાઈડર્સે (KKR) સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને 8 વિકેટે હરાવીને ત્રીજી વખત ટ્રોફી જીતી હતી. વેંકટેશ અય્યરે 11મી ઓવર નાંખી રહેલા શાહબાઝ અહેમદના ત્રીજા બોલ પર એક રન લઈને ટીમને જીત અપાવી હતી. KKRને ખિતાબ જીતવા માટે 20 કરોડ રૂપિયાની ઈનામી રકમ મળી હતી. જ્યારે ઉપવિજેતા SRHએ 12.50 કરોડ રૂપિયા જીત્યા છે. ત્રીજા સ્થાને રહેલી રાજસ્થાન રોયલ્સને 7 કરોડ રૂપિયા અને ચોથા સ્થાને રહેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 6.50 કરોડ રૂપિયા મળ્યા હતા. આ સ્ટોરીમાં આપણે જાણીશું કે કયા ખેલાડી અને ટીમને કેટલું ઈનામ મળ્યું... અહીંથી વ્યક્તિગત અવોર્ડ્સ 9માંથી 6 વ્યક્તિગત અવોર્ડ કોલકાતા અને હૈદરાબાદના નામે ફાઈનલ રમી રહેલા કોલકાતા અને હૈદરાબાદના ખેલાડીઓએ 9માંથી 6 વ્યક્તિગત અવોર્ડ જીત્યા હતા. નારાયણને સૌથી વધુ 2 અવોર્ડ મળ્યા છે. વિરાટ કોહલીને ઓરેન્જ કેપ અને હર્ષલ પટેલને પર્પલ કેપ મળી હતી. જ્યારે નારાયણ પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ રહ્યો હતો. ફાઈનલ પ્રેઝન્ટેશન સેરેમનીમાં ઈમર્જિંગ પ્લેયર ઑફ ધ યર, સુપર સ્ટ્રાઈકર ઑફ ધ સિઝન, પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ, ગેમચેન્જર ઑફ ધ યર, મોસ્ટ ફોર્સ અને મેક્સિમમ સિક્સેસ વગેરે અવોર્ડ પણ આપવામાં આવ્યા હતા.

## ઓલિમ્પિક પહેલાં જ નીરજ ચોપરાને સ્નાયુઓની સમસ્યા થઈ: હું ઈજાગ્રસ્ત નથી

**નવી દિલ્હી તા 27**

ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાને ઓલિમ્પિકના બે મહિના પહેલાં સ્નાયુઓની સમસ્યા થઈ છે. નીરજ ચોપરાએ ઈન્સ્ટાગ્રામ પર આ માહિતી આપી છે. તેણે લખ્યું- 'થ્રોઈંગ સેશનમાં ભાગ લીધા પછી, મેં ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઈક ટુર્નામેન્ટમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે.'

નીરજ ચોપરાએ લખ્યું, 'મને આ પહેલાં પણ આ સમસ્યા થઈ છે. જો હું આ તબક્કે મારી જાતને દબાણ કરું તો તે ઈજામાં ફેરવાઈ શકે છે. હું સ્પષ્ટ કહું છું કે હું ઈજાગ્રસ્ત નથી, પરંતુ હું આ પહેલાં કોઈ કસરત કરવાનો નથી. ઓલિમ્પિક માટે કોઈ જ જોખમ લેવા માગતો નથી. જલદી હું સંપૂર્ણ સ્વસ્થ થઈશ, હું ચેમ્પિયનશિપમાં પરત ફરીશ. તમારા સહકાર બદલ આભાર.' ટુર્નામેન્ટ જ્યાં રમવાની હતી ત્યાં હવે તે ગેસ્ટ હશે નીરજ 28 મેથી ચેક રિપબ્લિકમાં યોજાનારી ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઈક 2024 મીટમાં ભાગ લેવાનો




હતો, પરંતુ હવે તે અહીં ગેસ્ટ તરીકે જશે. 2 મહિના પછી પેરિસમાં ઓલિમ્પિક ગેમ્સ શરૂ થવાની હતી ત્યારે નીરજને ઈજા થઈ હતી. જો ઈજા ગંભીર બનશે તો ભારતની ગોલ્ડ મેડલની આશાને આંચકો લાગી શકે છે. નીરજે ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યો હતો. આ મામલે સ્પોર્ટ્સ મેડિસિન એક્સપર્ટ જાંગીદે શું કહ્યું? ટોક્યો ઓલિમ્પિકમાં ભારતીય ટીમની સાથે ગયેલા સ્પોર્ટ્સ મેડિસિન નિષ્ણાત ડો. રજત જાંગિડે જણાવ્યું હતું કે, જાંઘના સ્નાયુઓમાં ત્રણ પ્રકારની ઈજાઓ થાય છે. પ્રારંભિક ઈજા એક ખેંચાણ (સ્ટ્રેન) છે, જો તેને ગંભીરતાથી લેવામાં ન આવે તો તે લેવલ-2 બની જાય છે એટલે કે સ્નાયુઓ વચ્ચે ગેપ થઈ જાય છે. તે સ્થિતિમાં ખેલાડી માટે રમવું મુશ્કેલ છે. સ્ટ્રેનની ઈજાઓને 3-4 અઠવાડિયાના આરામની જરૂર છે. તે પછી, જો તમે યોગ્ય કસરત કરો છો, તો તમે ઝડપથી સ્વસ્થ થઈ શકો છો. જો કે, ખેલાડીના સ્વસ્થ થયા પછી તેનું મૂલ્યાંકન કર્યા પછી જ તે જાણી શકાશે કે તે કેટલો સમય રમી શકશે. વધુ પડતા કામના ભારણને કારણે ક્યારેક સ્નાયુમાં ખેંચાણ અનુભવાઈ આવે છે. જ્યારે ત્રીજો આ બે કરતા વધુ ગંભીર છે.

## સિંધુ મલેશિયા માસ્ટર્સની ફાઈનલમાં હારી ગઈ

**ચીન તા 27**

ભારતની સ્ટાર શટલર પીવી સિંધુ મલેશિયા માસ્ટર્સ સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટનું ટાઈટલ જીતવાથી ચૂકી ગઈ છે. બેડમિન્ટન વર્લ્ડ રેન્કિંગમાં 15માં ક્રમે રહેલી સિંધુને રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં વર્લ્ડ રેન્કિંગની વર્લ્ડ નંબર 7 ચીનની વાંગ ઝી યી સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય બેડમિન્ટન ખેલાડીને બીજા ક્રમાંકિત વાંગ ઝી યી સામે 21-16, 5-21, 16-21થી હાર આપી હતી. સિંધુએ તેનું છેલ્લું ટાઈટલ 2022 સિંગાપોર ઓપનમાં જીત્યું હતું. વાંગ સામે ચાર મેચમાં સિંધુની આ બીજી હાર હતી. થાઈલેન્ડની ખેલાડીનો સેમિફાઈનલમાં પરાજય થયો સિંધુએ શનિવારે કુઆલાલંપુરમાં મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં થાઈલેન્ડની બુસાનન ઓંગબામરુંગફાનને હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન નક્કી કર્યું હતું. સિંધુએ એક્સિયાટા એરેના ખાતે 88 મિનિટ સુધી ચાલેલી મેરેથોન સેમિફાઈનલમાં વિશ્વની 20 ક્રમાંકિત બુસાનન સામે 13-21, 21-16, 21-12થી જીત મેળવી હતી. બુસાનાન સામે આ તેમની 18મી જીત હતી. બુસાનને તેની કારકિર્દીમાં માત્ર એક જ વાર સિંધુને 2019 હોંગકોંગ ઓપનમાં હરાવી હતી. આ પહેલાં પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં સિંધુએ વિશ્વમાં 34મા ક્રમે રહેલી કોરિયાની યૂ જિન સિમને 59 મિનિટ સુધી ચાલેલી મેચમાં 21-13, 12-21, 21-14થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો.

## દીપા કરમાકરે એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ

દીપા કરમાકર એશિયન ચેમ્પિયનશિપ જીતનારી પ્રથમ ભારતીય જિમ્નાસ્ટ બની હતી. કર્માકરે રવિવારે તાશ્કંદમાં એશિયન વુમન્સ આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. કરમાકર એશિયન જિમ્નેસ્ટિક્સ ઈવેન્ટમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય જિમ્નાસ્ટ બન્યો છે. દિપા ક્વોલિફિકેશન સ્ટેજમાં 12.650ના સ્કોર સાથે આઠમા સ્થાને હતી. દીપાએ ફાઈનલમાં તેના બે પ્રયાસોમાં કુલ 13.566નો સ્કોર કર્યો હતો. દીપા પછી બે ઉત્તર કોરિયાના કિમ સોન હ્યાંગ (13.466, 0.100ની પેનલ્ટી પછી) અને જો ક્યોંગ બ્યોલ (12.966), જેઓ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા હતા. દીપાને ગયા વર્ષે એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં સ્થાન મળ્યું ન હતું.

## હૈદરાબાદની માલિક કાવ્યા હાર્યા પછી મેદાનમાં રડવા લાગી

**કોલકત્તાત I 27**

કોલકાતા નાઈટ રાઈડર્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ-2024નું ટાઈટલ જીતી લીધું છે. ફાઈનલ મેચમાં ટીમે સનરાઈઝર્સ હૈદરાબાદને 8 વિકેટે હરાવ્યું હતું. આ સાથે ટીમે તેનું ત્રીજું IPL ટાઈટલ જીત્યું. લીગની તમામ 74 મેચ રોમાંચથી ભરેલી હતી. આ ઉપરાંત ઘણી મેચમાં શાનદાર મોમેન્ટ્સ પણ જોવા મળી હતી. પ્રથમ મેચમાં વિરાટ કોહલી અને એમએસ ધોની ગળે મળ્યા હતા. તે જ સમયે, વેંકટેશ અય્યરના વિનિંગ શોટથી કોલકાતાએ ટાઈટલ મેચ જીતી લીધી. આવો નજર કરીએ IPLની ટોપ મોમેન્ટ્સ પર... 1. કોહલી અને ધોની પિચ પર ગળે મળ્યા IPLની પ્રથમ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ હતી. RCBનો વિરાટ કોહલી પ્રથમ મેચમાં કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ સાથે ઓપનિંગ કરવા આવ્યો હતો. પિચ પર આવતાની સાથે જ તેણે ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન એમએસ ધોનીને ગળે લગાવ્યો. બંને



થોડીવાર હસ્યા અને મજાક કરી અને પછી કોહલી બેટિંગ કરવા ગયો. ધોનીએ પોતાની વિકેટ કીપિંગ પોઝિશન સંભાળી હતી. કોહલીએ મેચમાં 20 બોલમાં 21 રન બનાવ્યા હતા.વિરાટ અને ધોની બંને ભારતીય ટીમ અને તેમની સંબંધિત ફ્રેન્ચાઈઝીના ભૂતપૂર્વ કેપ્ટન છે. બંને ખેલાડીઓ શરૂઆતની સિઝન (2008)થી IPL રમી રહ્યા છે. IPLની ચોથી મેચમાં રાજસ્થાન રોયલ્સનો મુકાબલો લખનઉ સુપર જાયન્ટ્સ સામે થયો હતો.

## T20 વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયા ન્યૂયોર્ક પહોંચી:BCCIએ વીડિયો શેર કર્યો

**ન્યૂયોર્ક તા 27**

2 જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાનારા T20 વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની પ્રથમ બેચ ન્યૂયોર્ક પહોંચી ગઈ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ સોમવારે ન્યૂયોર્કમાં ટીમના ટીમ 25 મેના રોજ મુંબઈ એરપોર્ટથી અમેરિકા જવા રવાના થઈ હતી. ટીમ ઈન્ડિયા 1 જૂને બાંગ્લાદેશ સામે વોર્મ અપ મેચ રમશે. પ્રથમ બેચમાં ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડ, કેપ્ટન રોહિત શર્મા અને ઘણા ખેલાડીઓ અને ટીમ સ્ટાફ સામેલ હતો. બીજી બેચ આજે રવાના થઈ શકે છે. કોહલી, હાર્દિક અને સેમસન મોડેથી ટીમ સાથે જોડાશે સ્ટાર બેટર વિરાટ કોહલી, ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને




વિકેટકીપર બેટર સંજુ સેમસન પ્રથમ બેચ સાથે ગયા નથી. કોહલીએ IPL બાદ રમતમાંથી થોડો બ્રેક લીધો છે. ટીમના વાઈસ કેપ્ટન હાર્દિક પંડ્યા અને સંજુ સેમસન પણ મોડેથી ટીમ સાથે જોડાશે.

ભારતની પ્રથમ મેચ આયર્લેન્ડ સામે આ વખતે T-20 વર્લ્ડ કપ 2 જૂનથી વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે. ઓપનિંગ મેચ અમેરિકા અને કેનેડા વચ્ચે રમાશે. ભારતીય ટીમની પ્રથમ મેચ 5 જૂને ન્યૂયોર્કમાં આયર્લેન્ડ સામે થશે. વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગી રોહિત શર્મા (કેપ્ટન), હાર્દિક પંડ્યા (વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, સંજુ સેમસન (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), શિવમ દુબે, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ.

## શું ગંભીરના કારણે KKRએ IPL જીતી?:આક્રમક બેટિંગ અને ઊંડાણ

**નવી દિલ્હી તા 27**

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ IPL 2024નું ટાઈટલ જીત્યું છે. રવિવારે ચેન્નઈમાં રમાયેલી ફાઈનલમાં કોલકાતાએ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને 8 વિકેટથી હરાવ્યું હતું. કોલકાતાની ટીમ ત્રીજી વખત IPL ચેમ્પિયન બની છે. આ પહેલાં ટીમે 2012 અને 2014માં પણ ટાઈટલ જીત્યું હતું. 2021માં ચેન્નઈ સામે ફાઈનલમાં હાર્યા બાદ ટીમ 2022 અને 2023માં પ્લેઑફમાં પણ પહોંચી શકી ન હતી. આવી સ્થિતિમાં, સવાલ એ ઉઠે છે કે કોલકાતાએ આ વખતે અલગ શું કર્યું, જેના કારણે તે ચેમ્પિયન બન્યું. તેની પાછળ 9 મહત્વપૂર્ણ ફેક્ટર્સ છે. જાણો કોલકાતાની વિનિંગ ફોર્મ્યુલા... કોલકાતાએ તેના ભૂતપૂર્વ કેપ્ટન ગૌતમ ગંભીરને આ સિઝન માટે મેન્ટર તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય કર્યો છે. કહેવાય છે કે ટીમના માલિક શાહરૂખ ખાને ગંભીરની સામે બ્લેન્ક ચેક આપ્યો હતો અને તેને આગામી 10 વર્ષ માટે મેન્ટરશિપની ઓફર કરી હતી. ગંભીર અગાઉ લખનઉ સુપર જાયન્ટ્સનો મેન્ટર હતો. તે કોલકાતામાં જોડાયો અને આવતાની સાથે જ ટીમમાં પરિવર્તન લાવ્યું.



**આઉટસ્ટેંડિંગ સ્ટાર્ક :** 2015નો ફાઈનલ અને તોફાની બેટર બ્રેન્ડન મેક્કુલમ, જેણે મેલબોર્ન સ્ટેડિયમમાં 4 અડધી સદી ફટકારી છે, તે ક્રિઝ પર છે. મિચેલ સ્ટાર્કના હાથમાં બોલ. બ્રેન્ડનને પહેલા જ બોલ પર મિચેલે બોલ્ડ કર્યો હતો. ટુર્નામેન્ટની શરૂઆત સારી રહી ન હતી, પરંતુ ફાઈનલ સુધી 22 વિકેટ બેગમાં હતી. સ્ટાર્કે IPL 2024માં પણ આવું જ કર્યું હતું. ટ્રેવિસ હેડ ક્વોલિફાયર-1ના બીજા બોલ પર બોલ્ડ થયો હતો. પાવરપ્લેમાં 3 વિકેટ લીધી હતી. આ પછી ફાઈનલમાં પાંચમાં બોલ પર અભિષેક શર્મા બોલ્ડ થયો હતો. આ એક ડ્રીમ સ્વિંગ ડિલિવરી હતી. સ્ટાર્કે આખા જગતને બતાવી દીધું કે શા માટે કોલકાતાએ તેને 24.75 કરોડ રૂપિયાની બોલી લગાવીને ખરીદ્યો.

**બેકઅપ પ્લાન હંમેશા તૈયાર :** પાવરપ્લેમાં જ્યારે પણ આક્રમક બેટિંગનો પ્લાન નિષ્ફળ ગયો, ત્યારે પણ કોલકાતાએ જરૂરી સ્કોર બનાવ્યો અને મેચ જીતી લીધી. સિઝનની પ્રથમ મેચ હૈદરાબાદ સામે હતી. કોલકાતાએ પ્રથમ બેટિંગ કરતા 51 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. આમ છતાં ટીમ 208 રન સુધી પહોંચી ગઈ હતી.મિડલ ઓર્ડરમાં રસેલ, રિંકુ અને રમણદીપ ચમક્યા હતા. 3 મેના રોજ મુંબઈ સામે ટીમે 57 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. 5 અને 7માં નંબરે આવેલા વેંકટેશ (70 રન) અને મનીષ પાંડે (42 રન), સ્કોર 169 સુધી લઈ ગયા. કોલકાતાએ મેચ જીતી લીધી હતી.

**શોર્ટ પિચ બોલિંગ સામેની નબળાઈ દૂર કરી :**2022-23માં કોલકાતાના બેટર્સ શોર્ટ-પિચ બોલિંગ સામે પડી રહ્યા હતા. 2022-23માં કોલકાતાના બેટર્સ આ બોલ પર 7.67ના રન રેટથી રન બનાવી રહ્યા હતા અને ટીમનો સરેરાશ સ્કોર 17.47 હતો. ટીમે પ્રી-સિઝનમાં આના પર કામ કર્યું હતું. 2024માં, કોલકાતા ટૂંકા બોલ સામે વધુ રન બનાવવાના મામલે ત્રીજા સ્થાને છે. આ વર્ષે આ બોલ સામે ટીમનો રન રેટ 10 આસપાસ રહ્યો છે અને ટીમની એવરેજ 29 થઈ ગઈ છે. આ સિઝનમાં, સોલ્ટે ટૂંકી પિચ અને શોર્ટ ઓફ ગુડ લેન્થ બોલ સામે 190ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી. રમણદીપનો સ્ટ્રાઈક રેટ 240 હતો. નારાયણનો સ્ટ્રાઈક રેટ 172 અને વેંકટેશ અય્યરનો 163 હતો. ટીમની ઘણી મેચ ઉછાળવાળી પિચ પર રમાઈ હતી, પરંતુ બેટર્સને પહેલા તૈયાર કરવામાં આવ્યા હતા.

**સંક્ષિપ્ત સમાચાર**

## સિંગાપોર બાદ કતાર એરવેઝની ફ્લાઈટ ટર્બ્યુલન્સમાં ફસાઈ

સિંગાપોર એરલાઈન્સ બાદ હવે કતાર એરવેઝનું વિમાન પર એર ટર્બ્યુલન્સમાં ફસાઈ જવાનો કિસ્સો સામે આવ્યો છે. દોહાથી આવતી કતાર એરવેઝની ફ્લાઈટ QR017 રવિવારે 26 મેના રોજ ટર્બ્યુલન્સમાં ફસાઈ ગઈ હતી. આ ઘટનામાં 6 ક્રૂ મેમ્બર સહિત 12 લોકો ઘાયલ થયા છે. આ પ્લેન દોહાથી ડબલિન જઈ રહ્યું હતું. કતાર એરલાઈન્સ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ દુર્ઘટના તુર્કીની ઉપરથી ઉડતી વખતે થઈ હતી. આ ઘટના સિંગાપોરની ફ્લાઈટ ટર્બ્યુલન્સ દુર્ઘટનાના 5 દિવસ બાદ બની છે. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 100થી વધુ લોકો ઘાયલ થયા હતા. એરલાઈને જણાવ્યું હતું કે બપોરે 1 વાગ્યાના થોડા સમય પહેલા જ પ્લેન ડબલિન એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું. ફાયર વિભાગ અને અન્ય બચાવ સેવાઓ દ્વારા વિમાનને અટકાવવામાં આવ્યું હતું. ડબલિન એરપોર્ટે જણાવ્યું હતું કે તે મુસાફરો અને સ્ટાફને મદદ કરી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે વિમાનના સંચાલન પર કોઈ અસર થઈ નથી. દોહાથી ડબલિન જઈ રહેલું પ્લેન તુર્કીના એરસ્પેસમાં એર ટર્બ્યુલન્સમાં ફસાઈ ગયું હતું. અગાઉ, સિંગાપોર એરલાઈન્સની બોઈંગ આકાશમાં એર ટર્બ્યુલન્સમાં ફસાઈ ગઈ હતી. આ દરમિયાન અચાનક ધ્રુજારીના કારણે 73 વર્ષીય બ્રિટિશ મુસાફરનું મોત થયું હતું. આ સિવાય પ્લેનમાં બેઠેલા 104 લોકો પણ ઘાયલ થયા હતા. ન્યૂઝ એજન્સી રોઈટર્સે અહેવાલ આપ્યો હતો કે આ અકસ્માતમાં ડઝનેક લોકોને માથા, કરોડરજ્જુ અને અન્ય જગ્યાએ ઈજા થઈ હતી.

## દુનિયાનો સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્ક માણસ નહીં પણ એલિયન છે!

ટેસ્લા સીઈઓ ઈલોન મસ્ક ક્યારેક પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ તો ક્યારેક પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ મસ્કે પોતાને એલિયન કહ્યાં છે. ઈલોન મસ્કે એ દાવો કર્યો છે કે તે એક એલિયન છે. મસ્કે માન્યું કે અમુક લોકોને લાગે છે કે તે માણસ નથી પરંતુ એક એલિયન છે. તે બાદ તે પોતાના ચહેરાને સીધો કરીને પોતાની પલકોને ઝપકાવતા એ માને છે કે હા તે એક એલિયન છે. હુ ઘણી વખત લોકોને એ જણાવતો રહુ છુ કે હુ એક માણસ નથી, એલિયન છુ. વારંવાર કહેવા છતા પણ લોકો મારો વિશ્વાસ કરતા નથી. મસ્કનો માત્ર દાવો જ નથી કે તે એક એલિયન છે પરંતુ આ વખતે તેમણે સોશિયલ મીડિયા પર આનો પુરાવો આપવાની વાત પણ કહી માણસો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને લઈને પણ પોતાનો મત મૂક્યો. તેઓ માને છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માણસોના કારણે જ કોઈ કામના સાબિત થાય છે. મસ્કે એઆઈની કામ કરવાની રીતને માણસોના મગજ સાથે તુલના કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. તેઓ કહે છે કે માણસના મગજના બે મેઈન પાર્ટ લિમ્બિક સિસ્ટમ અને કૉર્ટેક્સ હોય છે.

## હમાસે ફરી ઈઝરાયલ પર મિસાઈલ હુમલો કર્યો, તેલ અવીવ શહેરને નિશાન બનાવ્યું

ઈઝરાયલ પર હમાસે ફરી એકવાર હુમલો કર્યો છે. હમાસની લશ્કરી પાંખ ઇઝ અલ-દિન અલ-કાસમ બ્રિગેડે જણાવ્યું કે, 'રવિવારે (26મી મે) તેલ અવીવ પર એક મોટો મિસાઈલ હુમલો કર્યો.' આ દરમિયાન ઈઝરાયલની સેનાએ શહેરમાં સાયરન વગાડીને સંભવિત મિસાઈલ હુમલાની ચેતવણી આપી હતી. જેથી લોકોને હુમલાથી બચવા માટે એલર્ટ કરી શકાય. તેલ અવીવમાં સાયરન વાગ્યા અહેવાલો અનુસાર, રવિવારે (26મી મે) હમાસની લશ્કરી પાંખ ઇઝ અલ-દિન અલ-કાસમ બ્રિગેડે ટેલિગ્રામ ચેનલ પર દાવો કર્યો હતો કે ઝાયોનિ નરસંહારના જવાબમાં મિસાઈલ છોડવામાં આવી હતી. ગાઝા પટ્ટીમાંથી મિસાઈલ છોડવામાં આવી ઈઝરાયલની સેનાએ સાયરન વાગવાનું કારણ સ્પષ્ટ કર્યું નથી. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલની સેનાએ ગાઝા (Gaza) શહેરને નરક બનાવી દીધા બાદ હવે ઉત્તર ગાઝા શહેરના રાફામાં મોટો હુમલા કરવાની તૈયારી કરી દીધી છે,

## ટુરિઝમ માટે ટોપ 10 દેશનું વર્લ્ડ ઇકોનોમિક ફોરમે લિસ્ટ જાહેર કર્યું

જો તમે પણ ઘણાં સમયથી દેશની બહાર ફરવા જવાનું વિચારતા હોય તો તમે હવે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા જાહેર કરેલા વિશ્વના ટોપ-10 દેશનું લિસ્ટ જોઈને તમે ક્યાં ફરવા જવું દ્રષ્ટિએ આ દેશ વિશ્વના ટોપ બેસ્ટ દેશ છે. જે પર્યટકોમાં સૌથી વધુ લોકપ્રિય છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમે જાહેર કર્યો ઈન્ડેક્સ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) એ તાજેતરમાં ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (TTDI) બહાર પાડ્યો છે. આ ઈન્ડેક્સમાં ટ્રાવેલ અને ટુરિઝમના સંદર્ભમાં ટોપ 10 દેશોની યાદી છે. આ ઈન્ડેક્સમાં અમેરિકા સૌથી લોકપ્રિય પર્યટન સ્થળ સાથે ટોચનું સ્થાન ધરાવે છે. તેમજ દસમું સ્થાન ધરાવતો યુરોપિયન દેશ સ્વિટ્ઝર્લેન્ડ પૃથ્વી પરના સ્વર્ગ તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકા: વર્ષ 2023માં અમેરિકામાં 80 મિલિયન વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા, જેનું દેશની જીડીપીમાં 1.8 ટ્રિલિયન ડોલરનું યોગદાન હતું. વર્લ્ડ ઈકોનોમિક ફોરમે અમેરિકાને 5.24 રેટિંગ આપ્યું છે.

### હમાસના વેસ્ટ બેંક કમાન્ડરનું પણ મોત

# રાફામાં ઇઝરાયલની એર સ્ટ્રાઇક:રેફ્યુજી કેમ્પ પર હુમલો, 35નાં મોત



**ગાઝા તા 27**

ગાઝાના શરણાર્થી શિબિર પર રવિવારે (26 મે) મોડી રાત્રે થયેલા હવાઈ હુમલામાં 35 લોકોનાં મોત થયા હતા. મૃતકોમાં મોટાભાગના બાળકો અને મહિલાઓ છે. પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય મંત્રાલયે દાવો કર્યો છે કે આ હુમલો ઈઝરાયલ દ્વારા કરવામાં આવ્યો છે. હુમલામાં ડઝનબંધ લોકો ઘાયલ પણ થયા છે. સીએનએનના સમાચાર મુજબ ગાઝાના અધિકારીઓ અને પેલેસ્ટાઈન રેડ ક્રેસન્ટ સોસાયટીએ જણાવ્યું કે આ હુમલો એક શરણાર્થી કેમ્પ પર થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયલના કબજા હેઠળના આ વિસ્તારોને સેના દ્વારા સલામત ક્ષેત્ર જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ જ્યારે વિસ્થાપિત લોકોને અહીં રાખવામાં આવ્યા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો.

તે જ સમયે, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF) એ હુમલાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે તેણે રાફામાં હમાસ કમ્પાઉન્ડ પર હુમલો કર્યો હતો, જેમાં હમાસના આતંકવાદીઓ થોડા સમય પહેલા કામ કરી રહ્યા હતા.

### આ પહેલા હમાસે ઈઝરાયલ પર મિસાઈલ છોડી હતી

રવિવારે (26 મે) હમાસની અલ-કાસિમ બ્રિગેડે ઈઝરાયલની રાજધાની તેલ અવીવમાં મોટો મિસાઈલ હુમલો કર્યો હતો. હમાસની ડિફેન્સ વિંગ અલ-કાસિમ બ્રિગેડે કહ્યું હતું કે આ કાર્યવાહી ઈઝરાયલના નરસંહારના જવાબમાં કરવામાં આવી છે. બાદમાં ઈઝરાયલી સેનાએ પણ સ્વીકાર્યું હતું કે રાફાથી 8 રોકેટ છોડવામાં આવ્યા હતા.રોઈટર્સના રિપોર્ટ અનુસાર, જાન્યુઆરી પછી ઈઝરાયલ પર હમાસ દ્વારા આ પહેલો મોટો હુમલો માનવામાં આવે છે. હમાસ અલ-અક્સા ટીવીએ અહેવાલ આપ્યો છે કે રોકેટ હુમલા ગાઝા પટ્ટીથી કરવામાં આવ્યા હતા.

**તેલ અવીવમાં 8 રોકેટ હુમલા:** છેલ્લા 5 મહિનાથી તેલ અવીવમાં સાયરનનો અવાજ ક્યારેય સંભળાયો ન હતો. આવી સ્થિતિમાં, આજે અચાનક સાયરન વાગવાને લઈને ઈઝરાયલની સેનાએ શરૂઆતમાં કોઈ ચોક્કસ માહિતી આપી ન હતી. પરંતુ બાદમાં તેમણે કહ્યું કે 8 રોકેટ હુમલા કરવામાં આવ્યા હતા. ઈઝરાયલી સૈન્યએ કહ્યું હતું કે રાફાથી હુમલા મધ્ય ઈઝરાયલ પર કરવામાં આવ્યા હતા. આમાંના ઘણા હુમલાઓને રોકવામાં તેઓ સફળ રહ્યા હતા.

**ઈઝરાયલી સૈનિકોને બંધક બનાવ્યા હોવાનો દાવો કર્યો હતો :** આ પહેલા શનિવારે અલ-કાસિમ બ્રિગેડે ઈઝરાયલી સેના સમક્ષ દાવો કર્યો હતો કે ગાઝામાં કેટલાય ઈઝરાયલ સૈનિકોને બંધક બનાવવામાં આવ્યા છે. શનિવારે હમાસના અલ-કાસિમ બ્રિગેડના પ્રવક્તા અબુ ઉબૈદાએ રેકોર્ડેડ મેસેજ દ્વારા આ માહિતી આપી હતી. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, ઉબૈદાએ કહ્યું કે હુમલાઓ વચ્ચે અમારા લડવૈયાઓએ એક સુરંગમાં યહૂદી દળો માટે જાળ બિછાવી હતી. તેઓ સુરંગમાં પ્રવેશ્યા કે તરત જ અમે તેમના પર હુમલો કર્યો. આ સમયગાળા દરમિયાન, કેટલાક ઈઝરાયલ સૈનિકો મૃત્યુ પામ્યા હતા અને ઘણા ઘાયલ પણ થયા હતા. પાછળથી બાકીના યહૂદી દળો ત્યાંથી પીછેહઠ કરી ગયા.હમાસના પ્રવક્તા ઉબૈદાએ દાવો કર્યો હતો કે તેના લડવૈયાઓએ શનિવારે ઉત્તરી ગાઝાના જબાલિયામાં લડાઈ દરમિયાન ઘણા ઈઝરાયલી સૈનિકોને મારી નાખ્યા હતા.

# અમેરિકામાં ટોર્નેડોના કારણે 18નાં મોત, 42 ઘાયલ:બોલના કદના કરા પડ્યા

**ટેક્સાસ તા 27**

અમેરિકાના ટેક્સાસ, ઓક્લાહોમા અને અરકાનસાસમાં રવિવારે (26 મે)ના રોજ આવેલા ટોર્નેડોને કારણે 18 લોકોનાં મોત થયા છે. અમેરિકન મીડિયા હાઉસ સીએનએન અનુસાર તોફાન, અતિવૃષ્ટિ અને ઝડપી પવનને કારણે લગભગ 10 કરોડ લોકો પ્રભાવિત થયા છે. યુએસ હવામાન વિભાગે આજે (27 મે) આ ત્રણ રાજ્યોમાં કરા સાથે વાવાઝોડા અને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. ટોર્નેડોએ ઘણી ઈમારતો, પાવર, ગેસ લાઈન અને ઈંધણ સ્ટેશનનો નાશ કર્યો.વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન આ સમગ્ર ઘટના પર નજર રાખી રહ્યા છે. રેસ્ક્યુ ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. અરકાનસાસ, ઈલિનોઈસ, કેન્ટુકી, મિઝોરી અને ટેનેસી શહેરોને સૌથી વધુ નુકસાન થયું છે. બેઝબોલના કદના કરા અહીં પડી રહ્યા છે. જેના કારણે 40 લાખથી વધુ લોકો ભયના છાયામાં જીવી રહ્યા છે. આ રાજ્યોમાં 136થી 165 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.



**ટોર્નેડોએ ઘણી ઈમારતો, પાવર, ગેસ લાઈન અને ઈંધણ સ્ટેશનનો નાશ કર્યો.વ્હાઈટ અનુસાર, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન આ સમગ્ર ઘટના પર નજર રાખી રહ્યા છે.**

## યુક્રેનની મદદ કરનાર યુરોપના નાના દેશ વ્લાદિમીર પુટિનના ટાર્ગેટ પર

**લંડન તા 27**

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા 27 મહિનાથી યુદ્ધ જારી છે. ભારે નુકસાન પહોંચાડી ચુકેલા યુદ્ધ વચ્ચે રશિયા હજુ આક્રમક મૂડમાં છે. રશિયાએ પોતાના હથિયારોનુ ઉત્પાદન વધુ તીવ્ર બનાવી દીધુ છે. બીજી બાજુ યુક્રેનની સામે હથિયારોનુ સંકટ તોળાઈ રહ્યુ છે. અમેરિકા અને યુરોપ સહિત કેટલાક દેશોના પ્રતિબંધ છતાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન ચીન અને ઉત્તર કોરિયા જેવા દેશોની મદદથી હથિયારોની વ્યવસ્થા કરવામાં સફળ રહ્યા છે. યુક્રેનની સહાય કરનાર યુરોપના નાના નાના દેશ હવે રશિયન રાષ્ટ્રપતિના ટાર્ગેટ પર આવી ગયા છે. અમેરિકન અને યુરોપિયન સુરક્ષા અધિકારીઓના અહેવાલમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે રશિયન સૈન્ય ગુપ્તચર જુથ ગ્રૂ એવા દેશોમાં અશાંતિ ફેલાવવાની તૈયારીમાં છે જે યુક્રેનને હથિયાર ઉપલબ્ધ કરાવવા માટે પ્રયાસમાં છે.

નાટોની ચેતવણી - રશિયા યુરોપમાં અશાંતિની ઘટનાઓ વધારી શકે છે સ્ટોનિયાના પીએમ કાઝા કાલાસે ગયા સપ્તાહમાં જ કહ્યું હતું કે રશિયાએ યુરોપિયન દેશોની સામે યુદ્ધ છેડેલું છે. પોલેન્ડના પીએમ ડોનાલ્ડ ટસ્કે હાલમાં દાવો કર્યો હતો કે રશિયન ગુપ્તચર સંસ્થા માટે મારમારી અને આગચંપી કરીને અશાંતિ ફેલાવવાના આરોપમાં 12 લોકોની ધરપકડ કરવામાં આવી છે. નોર્વેના વડાપ્રધાન જોનાસ ગેહર સ્ટોરે કહ્યુ છે કે રશિયા એક મોટા ખતરા તરીકે છે. કારણ કે તેમને માહિતી મળી છે કે રશિયા તેમના દેશમાં પાવર પ્લાન્ટ અને આર્મ્સ ફેક્ટરીને ટાર્ગેટ બનાવવાના ફિરાકમાં છે. આ પહેલા 2014માં રશિયન સૈન્ય ગુપ્તચર સંસ્થાઓએ ચેક બાદ સુધી જાહેર રીતે રશિયાને આ હુમલા માટે જવાબદાર ઠેરવીને તેની ટીકા કરી નથી.

# બીજાના દુઃખમાં સાચી પ્રતિક્રિયા ન આપવી બ્લેંક પેજ સિન્ડ્રોમ; તેમાંથી બહાર આવવા પરેશાની સમજો



**ન્યુયોર્ક તા 27**

જ્યારે કોઈ સાથે કંઈ ખોટું થાય છે કે કોઈ ખરાબ સમાચાર મળે છે તો તે તેને આપણી સાથે શેર કરે છે. આપણે ઘણીવાર એ વાતને લઈને શંકામાં રહીએ છીએ કે આ સ્થિતિમાં કેવી પ્રતિક્રિયા આપવી. જેમકે, જ્યારે કોઈની ટ્રિપ કેન્સલ થાય તો આપણે શું પ્રતિક્રિયા આપવી જોઈએ. એ ભલે આપણા માટે નાની વાત હોય શકે, પણ જેની ટ્રિપ કેન્સલ થઈ હોય તેના માટે આ ખરાબ અનુભવ હોય શકે છે. એક્સપર્ટ કહે છે કે આવા સમયે આપણી પહેલી પ્રતિક્રિયા યોગ્ય હોવી જરૂરી છે. તમારી વાતચીત કેમ આગળ વધશે એ તમારી પહેલી પ્રતિક્રિયા પર જ ઘણી હદે આધાર રાખે છે.

સ્કોટલેન્ડની એક્સપર્ટ જેની ડ્રેડજેન અનુસાર, આવુ એટલે થાય છે કેમકે આપણે બધા બ્લેક પેજ સિંડ્રોમનો શિકાર છીએ. આ સિન્ડ્રોમના કારણે આપણે મુશ્કેલ સમયમાં યોગ્ય શબ્દ ગોતવામાં પણ પડકાર અનુભવીએ છીએ. જેની કહે છે આવી સ્થિતિમાં આપણે વીએએસઈ મેથડનો ઉપયોગ કરવો જોઈએ. આ મેથડ આપણને બીજાની સમસ્યામાં યોગ્ય પ્રતિક્રિયા આપવા પ્રેરિત કરે છે. વીએએસઈ મેથડના ચાર તબક્કા હોય છે. સૌપ્રથમ, કોઈની સમસ્યાને ઓછી ન આંકવી અને તેની સમસ્યાને યોગ્ય અને સાચી માનો. બીજુ, સમસ્યાનો સ્વીકાર કરો. બીજા વ્યક્તિને અનુભવ કરાવો કે તમે સમસ્યા સમજો છો. ત્રીજું, તેનો આત્મવિશ્વાસ વધારો.

## ટપોટપ રાજીનામા:ચૂંટણી પહેલા સુનકની પાર્ટીના 78 સાંસદનું રાજીનામું

**લંડન તા 27**

અત્યાર સુધીમાં 122 નેતાએ ચૂંટણી લડવાનો ઈનકાર કર્યોરિટનમાં સામાન્ય ચૂંટણીની જાહેરાત સાથે જ પીએમ ઋષિ સુનકની સત્તાધારી કન્ઝર્વેટિવ પાર્ટીમાં સાંસદોના એક પછી એક રાજીનામાના પડી રહ્યા છે. તાજેતરમાં ટોરી પાર્ટીના જૂના નેતા માઈકલ ગોવ અને આન્દ્રે લીડસમ રાજકારણને અલવિદા કહી ચૂક્યા છે. આ સાથે રાજકારણમાંથી સંન્યાસ લેનારા સુનકની પાર્ટીના કુલ સાંસદોની સંખ્યા વધીને 78 થઈ ગઈ છે. માઈકલ ગોવ પહેલાં સંરક્ષણ પ્રધાન બેન વોલેસ, પૂર્વ પીએમ થેરેસા મે, સાજિદ જાવિદ, ડોમિનિક રાબ, મેટ હેનકોક, નદીમ ઝહાવી જેવા દિગ્ગજોએ પણ આગામી સામાન્ય ચૂંટણી લડવાનો



સ્પષ્ટ ઈનકાર કર્યો છે. 2010માં 149 સાંસદોએ રાજીનામું આપ્યું હતું અગાઉ 2010માં સૌથી વધુ 149 સાંસદોએ રાજીનામું આપ્યું હતું. આટલી મોટી સંખ્યામાં બ્રિટિશ સાંસદોના રાજીનામાનું મુખ્ય કારણ સંસદ ખર્ચ કૌભાંડ હતું. આ કૌભાંડમાં ઘણા સાંસદોએ તેમના ભથ્થા અને ખર્ચના ખોટા દાવા કર્યા હોવાનું બહાર આવ્યું હતું.

# ચીની ઘૂસણખોરી બાદ તાઈવાન બોર્ડર પર મિસાઈલ તૈનાત:ચીની સેનાએ સૈન્ય કવાયત હાથ ધરી હતી

**ચીન તા 27**

ચીની સેનાએ રવિવારે (26 મે)ના રોજ તાઈવાનમાં પ્રવેશ કરીને તેની 2 દિવસીય સૈન્ય કવાયત પૂર્ણ કરી. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ગઈ કાલે સ્થાનિક સમય મુજબ સવારે 6 વાગ્યે (ભારતીય સમય મુજબ સવારે 3.30 વાગ્યે) ચીની સેનાના 21 ફાઈટર પ્લેન, 11 નેવી અને 4 કોસ્ટલ જહાજો તેના ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા. તાઈવાનની નૌકાદળે પણ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે ચીનના 21 ફાઈટર પ્લેનમાંથી 10 દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વથી તાઈવાનમાં પ્રવેશ્યા હતા. આ દરમિયાન, તેનો જવાબ આપવા માટે, તાઈવાને ચીનની સરહદ નજીક તેની નૌકાદળ અને દરિયાકાંઠાના જહાજોમાં મિસાઈલો તૈનાત કરી છે. બંને દેશો વચ્ચેના તણાવ વચ્ચે અમેરિકન સાંસદોનું એક પ્રતિનિધિમંડળ રવિવારે નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેને મળવા તાઈવાન પહોંચ્યું હતું. હાઉસ ફોરેન અફેર્સ કમિટીના રિપબ્લિકન ચેરમેન માઈકલ મેકકોલ પણ તેમાં હાજર



છે, જે 30 મે સુધી તાઈવાનમાં રહેશે. ચીની સેનાએ તાઈવાન અને તેની આસપાસના ટાપુઓને ઘેરીને યુદ્ધાભ્યાસ કર્યો ચીનની ન્યૂઝ એજન્સી શિન્હુઆ અનુસાર, ચીની સેનાના ઈસ્ટર્ન થિયેટર કમાન્ડે 24 મેથી સ્થાનિક સમય મુજબ સવારે 7:45 વાગ્યે (ભારતીય સમય મુજબ 5:15 વાગ્યે) 2 દિવસીય કવાયત શરૂ કરી હતી. ચીને આ કવાયતને 'જોઈન્ટ સ્વોર્ડ-2024A' નામ આપ્યું છે. આ સિવાય તાઈવાનની આસપાસ કિનમેન, માત્સુ, વુકીયુ અને ડોંગયિન ટાપુઓમાં પણ કસરતો કરવામાં આવી હતી. તાઈવાનમાં નવા રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ચીન નારાજ આ વર્ષે તાઈવાનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચીન વિરોધી નેતા વિલિયમ લાઈ ચિંગ તેહનો વિજય થયો હતો. ચૂંટણી પહેલા ચીને તાઈવાનને ચેતવણી આપી હતી કે જો ત્યાંના લોકો યોગ્ય વિકલ્પ પસંદ નહીં કરે તો તેમને સજા કરવામાં આવશે. લાઈ ચિંગ તેહના શપથ ગ્રહણ સમારોહના બે દિવસ પછી ચીને 20 મેના રોજ તેની સૈન્ય કવાયત શરૂ કરી હતી. આ દરમિયાન ચીની સેનાએ શપથ લીધા હતા કે તેઓ તાઈવાનમાં આઝાદીની માંગ કરી મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે લાઈ ચિંગ તે વન-ચાઈના નીતિ માટે મોટો પડકાર બની રહ્યો છે. તેઓ તાઈવાનના લોકોને યુદ્ધ અને વિનાશ તરફ ધકેલી રહ્યા છે.

### હવે બેંક ખાતામાં 60 હજાર રૂપિયા, રિટર્ન ટિકિટ હોવી જરૂરી

# દુબઈ-અબુ ધાબી એરપોર્ટ પર ભારતીય પ્રવાસીઓ માટે કડક નિયમો



**દુબઈ તા 27**

સંયુક્ત આરબ અમીરાત (UAE)એ હવાઈ મુસાફરી કરતા ભારતીય મુસાફરો માટે નિયમોમાં ફેરફારની જાહેરાત કરી છે. હવે નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે. નવા નિયમો અનુસાર દુબઈ-અબુ ધાબી જતા પ્રવાસીઓ પાસે તેમના બેંક ખાતામાં 60,000 રૂપિયા અથવા ક્રેડિટ કાર્ડ અને રિટર્ન ટિકિટ હોવી જરૂરી રહેશે. આ બે શરતો પૂરી ન કરનારા મુસાફરોને માત્ર દુબઈ અને અબુ ધાબી એરપોર્ટ પરથી જ ભારત પરત મોકલવામાં આવશે. અહેવાલો અનુસાર, રિટર્ન ટિકિટના અભાવે તાજેતરમાં 10 ભારતીયોને UAEથી ભારત પરત મોકલવામાં આવ્યા છે. UAE ઈમિગ્રેશનનું કહેવું છે કે નવા નિયમો દ્વારા ટૂરિસ્ટ વિઝાના દુરુપયોગને રોકી શકાય છે. વાસ્તવમાં, કેટલાક એવા કિસ્સાઓ સામે આવ્યા છે, જ્યાં લોકો ટુરિસ્ટ વિઝા પર દુબઈ-અબુ ધાબી જાય છે અને ત્યાં કામ કરવાનું શરૂ કરે છે. આ સિવાય કેટલાક લોકો પાસે દુબઈ-અબુધાબીથી પરત ફરવા માટે પૈસા નથી, તેથી તેમને દેશનિકાલ કરવામાં આવ્યા છે. પ્રવાસીઓ પાસે બેંક બેલેન્સ દર્શાવતો દસ્તાવેજ હોવો આવશ્યક વિઝા ઉપરાંત દુબઈ અને અબુધાબી પ્રવાસન માટે જતા પ્રવાસીઓ પાસે મુસાફરી સંબંધિત જરૂરી દસ્તાવેજો અને બેંક બેલેન્સ દર્શાવતો દસ્તાવેજ પણ હોવો જોઈએ. આ સિવાય હોટલ રિઝર્વેશન દસ્તાવેજ પણ હોવો જોઈએ.

જો મુસાફર પરિવારના કોઈ સભ્યને મળવા જઈ રહ્યો હોય તો તેણે પરિવારના સભ્યનું સરનામું, ફોન નંબર અને અન્ય વિગતો આપવી પડશે. પ્રથમ વખતના પ્રવાસીઓ કડક તપાસ હેઠળ તામિલનાડુ અને કેરળમાંથી પહેલીવાર દુબઈ અને અબુધાબી જનારા પ્રવાસીઓનું કડક ચેકિંગ કરવામાં આવશે. હકીકતમાં, મીડિયા અહેવાલો અનુસાર, કેરળના કોટ્ટયમ અને ઈડુક્કી જિલ્લાના કેટલાક મુસાફરોને તેની પાસે પ્રવાસ સંબંધિત જરૂરી દસ્તાવેજો નહોતા. પડશે કે એકલા મુસાફરી કરતા યુવાનો (20-35 વર્ષની વયના), ખાસ કરીને છોકરીઓ નવા નિયમોનું પાલન કરે છે. વધુમાં, જો મુસાફરો યોગ્ય દસ્તાવેજો વિના UAEમાં ઉતરશે તો એરલાઈન કંપનીઓ જવાબદાર રહેશે. કંપનીને દંડ કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચારધામ યાત્રામાં અત્યાર સુધીમાં 64 શ્રદ્ધાળુના મોત, અત્યાર સુધી 9.67 લાખ ભક્તોએ કર્યા દર્શન

(એજન્સી) દેહરાદૂન | તા 27

હાલ ઉત્તરાખંડમાં ચાલી રહેલી ચારધામ યાત્રામાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળી રહ્યું છે. દર વર્ષ કરતા આ વખતે સૌથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કરી ગત વર્ષોના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. યાત્રાના માર્ગ પર કેટલાક સ્થળોએ ભીડ ઉમટી પડતા વ્યવસ્થા ખોરવાઈ છે. મળતા અહેવાલો મુજબ ચારધામ યાત્રામાં અત્યાર સુધીમાં 64 શ્રદ્ધાળુના મોત થયા છે. આમાંથી કેદારનાથમાં 27, બદ્રીનાથમાં 21, યમુનોત્રીમાં 13 અને ગંગોત્રીમાં ત્રણ લોકોના મોત થયા છે. 10 મે-2024ના રોજ શ્રી કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીના કપાટ તેમજ 12 મેએ શ્રી બદરીનાથના કપાટ ખોલ્યા બાદ 23 મે-2024 સુધીમાં કુલ નવ લાખ 67 હજાર 302 શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે. યમુનોત્રી ધામમાં એક લાખ 79 હજાર 932, ગંગોત્રી ધામમાં 01 લાખ 66 હજાર 191, કેદારનાથ ધામમાં 04 લાખ 24 હજાર 242 અને બદરીનાથ ધામમાં 01 લાખ 96 હજાર 937 શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે. થોડા દિવસો પહેલા ગઢવાલના કમિશનરે કહ્યું હતું કે, 'ચારધામ યાત્રામાં ભીડને નિયંત્રણ કરવા માટે જરૂર પડશે તો NDRF અને ITBPની મદદ લેવાશે.'

### 400 નહી પણ...BJPની બેઠકોને લઇને ઉમા ભારતીનો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 27

લોકસભાની ચૂંટણીને લઇને હવે સાતમો અને અંતિમ તબક્કાનું મતદાન 1 જૂને થવાનું છે. ભાજપ, કોંગ્રેસ અને ઈન્ડિ ગઠબંધન સહિત રાજકીય પાર્ટીઓ જોરશોરથી પ્રચાર કરી રહી છે. ત્યારે આપે સાંભળ્યુ જ હશે કે ભાજપનું સૂત્ર છે, અબ કી બાર 400 પાર. ત્યારે ત્યાં આ વખતના ચૂંટણી પરિણામને લઇને ભાજપના દિગ્ગજ નેતાએ મહત્વનો દાવો કર્યો છે.મધ્યપ્રદેશના પૂર્વ સીએમ અને બીજેપી નેતા ઉમા ભારતી રવિવારે ગ્વાલિયર પહોંચ્યા હતા. તેઓએ જયવિલાસ પેલેસ પહોંચીને કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની માતાનું નિધન થતા શોક વ્યક્ત કર્યોહતો અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે આ મુશ્કેલીના સમયમાં હું જ્યોતિરાદિત્ય સિંધિયાની સાથે છું. સાથે જ કહ્યું હતું કે હું વચન આપુ છું કે તેમને માતા પિતાની કમી ક્યારેય મહેસૂસ નહી થવા દઉ. તેમણે એમ પણ જણાવ્યું કે હું જ્યોતિરાદિત્ય સિંધિયામાં મોટું ભવિષ્ય જોઇ રહી છું.તો ઉમાભારતની આ વખતની લોકસભાની ચૂંટણીને લઈને સવાલ કરતા તેમણે કહ્યું કે દેશની જનતા કોંગ્રેસ વિશે બધું જ જાણે છે. સોનિયા હજુ પણ પોતાને રાણી અને રાહુલને રાજકુમાર માને છે. ઉમા ભારતીએ કહ્યું હતું કે દેશ આઝાદ થયો છે, પરંતુ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી હજુ પણ પોતાને રાણી અને રાજકુમાર માને છે.

### પંજાબમાં 1 જૂને ખાલીસ્તાનના ધ્વજ ફરકાવવાનું ષડયંત્ર

(એજન્સી) નવી દિલ્હી | તા 27

પંજાબમાં 1 જૂને યોજાનારી લોકસભાની ચૂંટણીને લઈને કેનેડામાં ષડયંત્ર શરૂ થઈ ગયું છે. આ ષડયંત્ર આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ અને ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા રચવામાં આવ્યું છે. સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીઓ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, લોકસભાની ચૂંટણીમાં જનરલ કાઉન્સિલ ઑફ શીખ્સ ફોર જસ્ટિસે કેનેડાથી પંજાબ સુધીના દરેક લોકસભા મતવિસ્તારના મતદાન મથકો પર ખાલિસ્તાનનો ઝંડો લહેરાવવાનું ષડયંત્ર રચ્યું છે. આ માટે આતંકવાદી સંગઠનોએ તેમના કાર્યકર્તાઓ દ્વારા, ખાલિસ્તાનનો ઝંડો ફરકાવવા અને પ્રચાર ફેલાવવાના નામે દરેક મતદાન મથક પર 1 લાખ રૂપિયાના ઈનામની લાલચ આપી છે. બીજી તરફ આ ચૂંટણીઓની આડમાં કેનેડામાં આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુના સંગઠન શીખ ફોર જસ્ટિસે અનેક મોટી સભાઓ યોજીને લોકસભા ચૂંટણીમાં વાતાવરણ બગાડવાનું ષડયંત્ર તૈયાર કર્યું છે. કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓના સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ખાલિસ્તાની આતંકવાદીઓએ દેશમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કામાં વિક્ષેપ ઊભો કરવાનું કાવતરું ઘડ્યું છે. આ ષડયંત્ર હેઠળ શીખ ફોર જસ્ટિસે પંજાબના અલગ-અલગ મતદાન મથકો પર ખાલિસ્તાની ઝંડો ફરકાવવાની અપીલ કરી છે. સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી સાથે સંકળાયેલા એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે પંજાબમાં 1 જૂને યોજાનાર મતદાન પહેલા કેનેડાના કેટલાક અલગ-અલગ શહેરોમાં ખાલિસ્તાની આતંકવાદી સંગઠનો અને તેમના સમર્થકો વચ્ચે ઘણી બેઠકો થઈ હતી. આ બેઠકો દરમિયાન ખાલિસ્તાનનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

### આર્મી ચીફ જનરલ મનોજ પાંડેનો કાર્યકાળ એક મહિના માટે લંબાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 27

વડા પ્રધાનની આગેવાની હેઠળની કેબિનેટની નિમણૂક સમિતિએ રવિવારે આર્મી ચીફ જનરલ મનોજ પાંડેનો કાર્યકાળ એક મહિના માટે લંબાવ્યો હતો, જેઓ 31 મેના રોજ નિવૃત્ત થવાના હતા. સમાચાર એજન્સી પીટીઆઈના રિપોર્ટ અનુસાર, સરકારના આ પગલાની અસર આગામી આર્મી ચીફની નિમણૂક પર પણ પડશે. નિયમો અનુસાર, આર્મી ચીફ (COAS)ની નિવૃત્તિ પછી, સૌથી વરિષ્ઠ આર્મી કમાન્ડર અથવા ડેપ્યુટી આર્મી ચીફને નવા આર્મી ચીફ બનાવવામાં આવે છે. પરંતુ આર્મી ચીફની નિમણૂક કરવી એ સરકારની વિવેકબુદ્ધિ પર આધાર રાખે છે.આર્મી ચીફ નિમણૂકના 3 વર્ષ પૂરા થવા પર અથવા 62 વર્ષની ઉંમરે, જે વહેલું હોય તે પછી નિવૃત્ત થાય છેડેપ્યુટી આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એકે સિંહ ભારતીય સેનામાં સૌથી વરિષ્ઠ અધિકારીઓ છે. બંને કોર્સ મેટ (1984 બેચ) છે, પરંતુ પૂર્વ નોર્થન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી બંનેથી વરિષ્ઠ છે.

ભાજપે '400 પાર કરવાનો' નારો આપ્યો છે અને દાવો કરવામાં આવી રહ્યો છે કે NDA ગઠબંધન ત્રીજી વખત સરકાર બનાવશે

# ચૂંટણી પરિણામ પહેલા I.N.D.I.A. ગઠબંધને બોલાવી બેઠક, 1 જૂને દિલ્હીમાં એકત્ર થશે વિપક્ષી નેતા

(એજન્સી) નવી દિલ્હી | તા 27

લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાના મતદાનના દિવસે 1 જૂને I.N.D.I.A. ગઠબંધને શીર્ષ નેતાઓની બેઠક બોલાવી છે. આ બેઠકમાં ચૂંટણીના પરિણામોની સાથે ભવિષ્યની વ્યૂહરચના પર પણ મંથન કરવામાં આવશે. લોકસભા ચૂંટણીના પરિણામો 4 જૂને આવશે. આવી સ્થિતિમાં પરિણામો પહેલા જ I.N.D.I.A. ગઠબંધનની બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ચૂંટણી બાદના સંજોગોને ધ્યાનમાં રાખીને યોજાનારી આ બેઠકમાં પોતાની વચ્ચે એકતા જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવશે અને આગળની તૈયારી માટે વ્યૂહરચના ઘડવામાં આવશે. દિલ્હીમાં 1 જૂનના રોજ I.N.D.I.A. ગઠબંધનની યોજાનારી બેઠકમાં ભાગ લેવા માટે તમામ સહયોગીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે આ બેઠક ચૂંટણીની સમીક્ષા કરવા અને પરિણામ પછીની પરિસ્થિતિને લઈને થઈ રહી છે. આ ઉપરાંત I.N.D.I.A. ગઠબંધનના ભવિષ્યના પગલાં અંગે ચર્ચા કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે.




I.N.D.I.A. ગઠબંધનની બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કા માટે મતદાન થઈ રહ્યું હશે. એટલું જ નહીં તમામ રાજકીય પંડિતો પણ માની રહ્યા છે કે ભાજપને ગત ચૂંટણી કરતા ઓછી બેઠકો મળી રહી છે. જો કે, ભાજપે '400 પાર કરવાનો' નારો આપ્યો છે અને દાવો કરવામાં આવી રહ્યો છે કે NDA ગઠબંધન ત્રીજી વખત સરકાર બનાવશે. બીજી તરફ કોંગ્રેસ અને I.N.D.I.A. ગઠબંધનના નેતાઓ દાવો કરી રહ્યા છે કે NDA બહુમતી નહીં મેળવી શકશે અને I.N.D.I.A. ગઠબંધન સરકાર બનાવશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેથી લઈને રાહુલ ગાંધી, આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ, સપાના વડા અખિલેશ યાદવ અને આરજેડી નેતા તેજસ્વી યાદવ સહિત વિપક્ષના નેતાઓ ભારતમાં ગઠબંધન સરકાર બનાવવાની વાત કરી રહ્યા છે.I.N.D.I.A. ગઠબંધનની બેઠક અંગે દરેકના મનમાં સવાલ છે કે ચૂંટણીના પરિણામો પહેલા વિપક્ષી નેતાઓની બેઠક શા માટે થઈ રહી છે? આ અંગે હજુ સુધી સ્પષ્ટ રીતે કંઈ કહેવામાં નથી આવ્યું પરંતુ આ બેઠક એ દિવસે બોલાવવામાં આવી છે જ્યારે આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીનનો અંતિમ દિવસ છે. સુપ્રીમ કોર્ટે કેજરીવાલને 1 જૂન સુધી જ વચગાળાના જામીન આપ્યા છે અને તેમણે 2 જૂનના રોજ સરેન્ડર કરવાનું છે.

## દારૂબંધીથી જબરદસ્ત ફાયદા, યૌન હિંસાના કેસ ઘટ્યાં, આ રાજ્યમાં લાખો લોકો મેદસ્વીતાથી બચ્યાં: રિપોર્ટ

- પ્રતિબંધ બાદ તેમાં ફેરફાર આવ્યો છે. બિહારમાં દારૂના સેવનમાં 7.8%નો ઘટાડો થયો છે
- જ્યારે પડોશી રાજ્યોમાં તે 7.2%થી વધીને 10.3% થઈ ગયું હતું.

(એજન્સી) નવી દિલ્હી | તા 27

બિહારમાં દારૂબંધીથી જબરદસ્ત ફાયદા થયા છે. બિહારમાં 2016માં કરવામાં આવેલ દારૂબંધીના કારણે દરરોજ અને સાપ્તાહિક રૂપે દારૂનું સેવન કરનારા લોકોની સંખ્યામાં 24 લાખ (7.8%)નો ઘટાડો નોંધાયો છે. એટલું જ નહીં યૌન હિંસાના કેસોમાં 21 લાખ (3.6%)નો ઘટાડો નોંધાયો છે. આ ખુલાસો 'ધ લેન્સેટ રિજનલ હેલ્થ સાઉથઈસ્ટ એશિયા જર્નલ'માં પ્રકાશિત નવા અધ્યયનમાં થયો છે.



રિપોર્ટ પ્રમાણે દારૂબંધીના કારણે રાજ્યમાં 18 લાખ પુરુષો મેદસ્વીતાથી પણ બચી ગયા છે. સંશોધકોની ટીમમાં અમેરિકાની ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સંશોધકો પણ સામેલ રહ્યા છે. સંશોધકોએ રાષ્ટ્રીય અને જિલ્લા સ્તરે આરોગ્ય અને ઘરે-ઘરે જઈને કરેલા સર્વેના ડેટાનું વિશ્લેષણ કર્યું છે. અધ્યયનના લેખકોએ કહ્યું કે, સખ્ત શરાબ નિયમન નીતિઓના કારણે રાજ્યમાં હિંસા અને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર સુધારો થયો છે. પ્રતિબંધ પહેલા દારૂ પીનારાની સંખ્યા વધુ હતી.સંશોધકોએ જણાવ્યું કે, પ્રતિબંધ પહેલાં બિહારમાં પુરુષોમાં દારૂનું સેવન 9.7%થી વધીને 15% થઈ ગયું હતું, જ્યારે પડોશી રાજ્યોમાં તે 7.2%થી વધીને 10.3% થઈ ગયું હતું. પ્રતિબંધ બાદ તેમાં ફેરફાર આવ્યો છે. બિહારમાં દારૂના સેવનમાં 7.8%નો ઘટાડો થયો છે, જ્યારે પડોશી રાજ્યોમાં તે વધીને 10.4% થયો છે.આવી જ રીતે બિહારમાં મહિલાઓ સામે થતી હિંસામાં પણ ઘટાડો નોંધાયો છે. જુસ્સામાં આવી હિંસા કરવાના દરમાં 4.6% અને યૌન હિંસામાં 3.6%નો ઘટાડો નોંધાયો છે.

320 કારીગરો રોજ 14 કલાક કામ કરે છે

## ભગવાન જગન્નાથની યાત્રા માટે રથનું કાર્ય નિર્માણ શરૂ

(એજન્સી) પુરી | તા 27

ઓડિશાના પુરીમાં ભગવાન જગન્નાથની યાત્રા માટે રથ તૈયાર કરવામાં આવી રહ્યા છે. 10 મેથી 320 કારીગરો આ રથને 14 કલાક તૈયાર કરવામાં વ્યસ્ત છે. રથ બનાવનારા આ કારીગરોને ભૂઇ કહેવાય છે. આ રથ નિર્માણ કાર્યશાળા જગન્નાથ મંદિરના મુખ્ય સિંહ દરવાજાથી માત્ર 70-80 મીટર દૂર છે.

રથયાત્રામાં તેમની અતૂટ શ્રદ્ધાને કારણે આ કારીગરો 10 જુલાઈ સુધી દિવસમાં માત્ર એક જ વાર ભોજન કરશે. તેમના ભોજનમાં ડુંગળી અને લસણ નહીં હોય. ભૂઈના પ્રમુખ રવિ ભોઈએ જણાવ્યું હતું કે, રથ બનાવવાથી લઈને યાત્રાએ પરત ફર્યા ત્યાં સુધી અમારામાંથી કોઈ લસણ-ડુંગળી ખાતું નથી. દિવસ દરમિયાન ફળો અથવા કંઈક હળવું ખાવાનો પ્રયાસ કરીએ છીએ. કાર્ય પૂર્ણ થયા બાદ મંદિર પ્રશાસન તરફથી સંપૂર્ણ મહાપ્રસાદ પ્રાપ્ત થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે 35થી 40 ડિગ્રીના ભેજ અને આકરી ગરમીમાં દરરોજ 12થી 14 કલાક કામ કરીએ છીએ. આળસ અને બીમાર પડવાથી બચવા માટે, અમે કડક દિનચર્યાનું પાલન કરીએ છીએ. રવિએ જણાવ્યું કે તેમનો પરિવાર 4 પેઢીથી રથ બનાવી રહ્યો છે. હાલમાં તેમનો યુવાન પુત્ર પણ રથ નિર્માણ સાથે સંકળાયેલો છે. ભગવાન જગન્નાથના રથ બનાવવાનું કામ મોટાભાગે પુશ્તૈની કામ જેવું છે. આ કલાકારોના પૂર્વજ પણ આ જ કામ કરતાં હતાં. આ કારણે રથ નિર્માણમાં આ લોકોની વિશેષ યોગ્યતા છે. તેઓ પુસ્તક જ્ઞાન વિના પરંપરાઓના આધારે જ રથ નિર્માણનું કાર્ય કરે છે. રથ નિર્માણમાં 8 પ્રકારના વિવિધ કળાના જાણકાર હોય છે. તેમના અલગ-અલગ નામ પણ હોય છે.

## 'PM મોદી સત્તા માટે જુઠ બોલે છે, તે કંઈ પણ કરી શકે છે', પંજાબમાં પ્રિયંકા ગાંધીએ કર્યા આકરા પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા 27

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ રવિવારે કેન્દ્રની ભાજપ સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સત્તામાં રહેવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે. પંજાબમાં ન્યાય સંકલ્પ રેલીને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે નરેન્દ્ર મોદીને ખેડૂતો પ્રત્યે કોઈ જ આદર કે સન્માન નથી. તેઓ સત્તા માટે કઈ પણ કરી શકે છે. કૃષિ કાયદા સામેના આંદોલનમાં 700 ખેડૂતોએ જીવ ગુમાવ્યો. જ્યારે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી યોજાવાની હતી તેના થોડા સમય પહેલા જ મોદીએ આ કાયદા પરત લીધા, જે દર્શાવે છે કે ખેડૂતો માટે કઈ નહીં પણ સત્તા માટે મોદી કઈ પણ કરી શકે છે. સત્તા મેળવવા માટે મોદી જુઠ બોલી રહ્યા છે. ફતેહગઢમાં કોંગ્રેસના ઉમેદવાર ડો. અમરસિંહ માટે યોજાયેલી પ્રચાર રેલીને સંબોધતા પ્રિયંકાએ વધુમાં કહ્યું હતું કે ખેડૂતોનું સન્માન જાળવવું તે દેશની પરંપરા રહી છે. જોકે છેલ્લા 10 વર્ષમાં વર્તમાન કેન્દ્ર સરકારે માત્ર ઠાલા વચનો જ આપ્યા છે કઈ કર્યું નથી. જો કેન્દ્રમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો ટેકાના ભાવ માટે કાયદો ઘડવામાં આવશે, પાકના નુકસાનની ભરપાઈ એક મહિનામાં જ કરી દેવામાં આવશે. ખેતી માટેના સાધનોની ખરીદી પર જીએસટી માફ કરવામાં આવશે. જ્યારે કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદીના મુજરા અંગેના નિવેદન પર વળતો જવાબ આપ્યો હતો, બિહારના સાસારામમાં રેલીને સંબોધતા ખડગેએ કહ્યું હતું કે મોદી પોતાને તીસ માર ખા સમજે છે. તેઓ ખોટા વહેમમાં છે. સાચા તીસ માર ખા જનતા છે.



### રાકેશ દૌલતાબાદનું અવસાન થતાં પાર્ટીના સભ્યોની સંખ્યા ઘટીને 42થઇ, 44ધારાસભ્ય જરૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા 27

હરિયાણાના બાદશાહ ધારાસભ્ય વિસ્તારના અપક્ષ ધારાસભ્ય રાકેશ દૌલતાબાદનું શનિવારે હૃદયરોગના હુમલામાં અવસાન થયું. અપક્ષ ધારાસભ્યનું અવસાન થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત રાજ્યના અનેક નેતાઓએ શોક પ્રકટ કર્યો હતો. દૌલતાબાદનું અવસાન થતાં ભાજપને મોટો આંચકો પણ લાગ્યો છે. પહેલેથી જ લઘુમતી સમર્થનમાં પહોંચી ગયેલી હરિયાણા ભાજપની સૈની સરકાર માટે હવે બહુમતી સાબિત કરવી મુશ્કેલ બનતી જાય છે.બહુમતી સાબિત કરવાના પડકારનો સામનો કરી રહેલી સૈની સરકારને તે અપક્ષ ઉમેદવારનું સમર્થન હતું. અપક્ષ ધારાસભ્યનું અવસાન થતાં 90 સભ્ય સંખ્યા ધરાવતી હરિયાણા ધારાસભામાં સભ્ય સંખ્યા ઘટીને 87 થઇ ગઇ છે. તે મુજબ બહુમતી સાબિત કરવા 44ધારાસભ્યોનું સમર્થન જોઈએ. સત્તાધારી ભાજપ પાસે માત્ર 40 ધારાસભ્ય છે. તે ઉપરાંત તેને હલોપાના એક સભ્ય અને પૃથલાના એક અપક્ષ ધારાસભ્ય નયનપાલ રાવતનું સમર્થન પ્રાપ્ત છે.

## અગ્નિવીરો માટે ખુશખબર, આવકવેરા વિભાગે ફોર્મ બદલ્યું, જવાનોને થશે મોટો ફાયદો

(એજન્સી) નવી દિલ્હી | તા 27

આવકવેરા વિભાગે ITR ફોર્મ-1માં મહત્ત્વના ફેરફારો કર્યા છે, જેની સીધો લાભ અગ્નિવીરોને મળશે. ફોર્મમાં એક નવો વિભાગ સેક્શન CCH સામેલ કરવામાં આવ્યો છે, જે દ્વારા અગ્નિવીર તેના સર્વિસ નિધિ કોષ પર કર કપાતનો લાભ લઈ શકે છે. વિભાગના જણાવ્યા પ્રમાણે, આ કલમ અગ્નિપથ યોજનામાં નોંધણી કરાવનાર અને 1 નવેમ્બર, 2022ના રોજ અથવા તે પછી અગ્નિવીર ફંડમાં રકમ જમા કરાવનાર વ્યક્તિઓને કર કપાતનો લાભ લેવાની મંજૂરી આપે છે. આ ફેરફારને સમાવવા માટે ITR ફોર્મ 1 અપડેટ કરવામાં આવ્યું છે, જેથી કરીને કરદાતાને કલમ 80CCH હેઠળ કપાત માટે પાત્ર રકમ વિશે વિવરણ પુરુ પાડવાની મંજૂરી મળી શકે. કેન્દ્ર સરકાર પણ સમાન રકમનું યોગદાન આપે છે. વ્યાજ સહિત પાકતી મુદતે આ રકમ અંદાજે રુપિયા 10.04 લાખ થઈ જાય છે. આમાં, સરકારના યોગદાનને અગ્નિવીરોની આવક માનવામાં આવે છે, જેના પર ટેક્સ ચૂકવવો પડે છે. શરૂઆતમાં અગ્નિવીર કોર્પસ ફંડમાં યોગદાન પર કર મુક્તિ આપવાનો પ્રસ્તાવ હતો. આ સિવાય સેવાના છેલ્લા વર્ષમાં મળતા નાણાકીય પેકેજમાં ટેક્સમાં છૂટ આપવાનો પણ પ્રસ્તાવ હતો. પરંતુ તે પછી તેમાં રાહત આપવામાં આવી હતી.

### પાકતી મુદતે વ્યાજ સહિત આ રકમ અંદાજીત 10.04 લાખ

**બંને ટેક્સ સિસ્ટમમાં લાભ મળશે :** કલમ 80CCH હેઠળ કપાતને નવી અને જૂની બંને કર વ્યવસ્થાઓમાં મંજૂરી આપવામાં આવશે. આ પરવાનગી કલમ 115BAC હેઠળ હશે. નાણાકીય વર્ષ 2023-24 અને તે પછીના નાણાકીય વર્ષો માટે આવકવેરા રિટર્ન ફાઈલ કરતી વખતે કલમ 80CCH હેઠળ કર કપાતનો લાભ લઈ શકે છે.

**સેવા નિધિ કોષ પર કોઈ ટેક્સ નહીં :** ચાર વર્ષની સેવા પૂરી થવા પર અગ્નિવીરને સ્કીમમાં જમા કરવામાં આવેલી રકમ લગભગ 10.04 લાખ રૂપિયા અને વ્યાજ મળશે. આવકવેરા અધિનિયમની કલમ 10માં નવી કલમ ઉમેરીને કોર્પસ ફંડમાંથી મળતી રકમને આવકવેરામાંથી રાહત આપવામાં આવી હતી. તેનો હેતુ એ છે, કે અગ્નિવીર યોજના-2022 હેઠળ નોંધાયેલ વ્યક્તિ અથવા તેના નોમિનીને અગ્નિવીર સેવા નિધિ ફંડમાંથી મળેલી રકમ પર આવકવેરામાં છૂટ મળશે. આ અગ્નિવીર સેવા નિધિ ફંડને મુક્તિ-મુક્તિ-મુક્તિ (EEE) દરજ્જો મળી જાય છે.

**શું છે અગ્નિવીર કોર્પસ ફંડ ?** ઉલ્લેખનીય છે કે, 14 જૂન, 2022ના રોજ સેનાની ત્રણેય શાખાઓ આર્મી, નેવી અને એરફોર્સની મોટી સંખ્યામાં યુવાનોની ભરતી માટે કેન્દ્ર સરકારે અગ્નિપથ ભરતી યોજના શરૂ કરી હતી. આ અંતર્ગત યુવાનોએ ચાર વર્ષ સુધી સેવા આપવાની હોય છે. અગ્નિવીરને નાણાકીય સુરક્ષા પૂરી પાડવા માટે, અગ્નિવીર કોર્પસ ફંડ બનાવવામાં આવ્યું છે, અને તેનું સંચાલન સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. આમાં અગ્નિવીરો તેમની માસિક આવકની 30 ટકા રકમ આ ફંડમાં જમા કરાવવી ફરજિયાત છે.

દિલ્હીના મુખ્યમંત્રીને PET-CT સ્કેન અને અન્ય ટેસ્ટથી પસાર થવું પડશે માટે 7 દિવસનો સમય માગ્યો છે

# 1 જૂન પછી જેલ ના જવું પડે એટલે મુખ્યમંત્રી કેજરીવાલે સુપ્રીમકોર્ટ સમક્ષ કરી નવી માગ

(એજન્સી) નવી દિલ્હી | તા 27

આબકારી નીતિ કૌભાંડ સંબંધિત મની લોન્ડ્રિંગ મામલે આરોપી દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટ પાસે ફરીથી રાહત માગી છે. સીએમ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને પોતાના વચગાળાના જામીન 7 દિવસ વધારવાની માગ કરી છે.

સીએમ કેજરીવાલે પોતાની તાજેતરની અરજીમાં આરોગ્યના આધારે વચગાળાના જામીન સાત દિવસ વધારવાની માગ કરી છે. જેમાં એ પણ સામેલ છે કે તેમનું સાત કિલો વજન ઘટી ગયું છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે અરવિંદ કેજરીવાલને અમુક મેડીકલ



ટેસ્ટમાંથી પસાર થવું પડશે અને આ હેતુ માટે વચગાળાના જામીન જે 1 જૂને સમાપ્ત થઈ રહ્યાં છે તેને વધારવા જોઈએ. આમ આદમી પાર્ટીના હવાલાથી જણાવાયું છે કે દિલ્હીના મુખ્યમંત્રીને PET-CT સ્કેન અને અન્ય ટેસ્ટથી પસાર થવું પડશે. તેથી સીએમ કેજરીવાલે તપાસ કરાવવા માટે 7 દિવસનો સમય માગ્યો છે.ઉલ્લેખનીય છેકે વર્તમાનમાં અરવિંદ કેજરીવાલ એક જૂન સુધી વચગાળાના જામીન પર છે. સુપ્રીમ કોર્ટે 10 મે એ તેમને લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવા માટે 21 દિવસના વચગાળાના જામીન આપ્યા હતા.

સાથે જ તેમને તેમના કાર્યાલય કે દિલ્હી સચિવાલયમાં જઈને સત્તાવાર ફાઈલો પર સહી કરવાની પણ મંજૂરી નથી. જ્યાં સુધી લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી મેળવવા માટે આ જરૂરી ન હોય. હવે તેમણે 2 જૂને આત્મસમર્પણ કરવું પડશે. આબકારી નીતિ કૌભાંડમાં ઈડીએ બે કલાકની પૂછપરછ બાદ સીએમ કેજરીવાલની તેમના આવાસથી 21 મે એ ધરપકડ કરી હતી. તે બાદથી તેઓ ધરપકડમાં હતા.

### સરકારે DRDOના અધ્યક્ષ સહિતના અધિકારીઓનો કાર્યકાળ લંબાવ્યો

નવી દિલ્હી : ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના અધ્યક્ષ ડૉ. સમીર વી. કામતનો કાર્યકાળ એક વર્ષ લંબાવવામાં આવ્યો છે. ભારત સરકારે સોમવારે કામતની સેવાના વિસ્તરણને મંજૂરી આપી હતી. વિસ્તરણ પછી ડૉ.કામત 31 મે 2025 સુધી DRDOના અધ્યક્ષ રહેશે. ડો.કામત ડીઆરડીઓના અધ્યક્ષ તેમજ સંરક્ષણ સંશોધન અને વિકાસ વિભાગના સચિવ છે. DRDOના અધ્યક્ષ ઉપરાંત પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ ભગવતી પ્રસાદ ગોપાલિકાને પણ સેવામાં વધારો આપવામાં આવ્યો છે. ગોપાલિકા હવે વધુ ત્રણ મહિના માટે મુખ્ય સચિવ રહેશે. તેઓ આ શુક્રવારે નિવૃત્ત થવાના હતા. ગોપાલિકા હવે 31 ઓગસ્ટ સુધી રાજ્યના મુખ્ય સચિવ તરીકે ચાલુ રહેશે. ગોપાલિકા 1989 બેચના IAS અધિકારી છે. 31 ડિસેમ્બર, 2023 ના રોજ એચકે દ્વિવેદીની નિવૃત્તિ પછી ગોપાલિકા બંગાળના મુખ્ય સચિવ બન્યા હતા. આ પહેલા તેઓ ગૃહ સચિવ તરીકે કામ કરતા હતા. આના એક દિવસ પહેલા જ આર્મી ચીફ જનરલ મનોજ પાંડેનો કાર્યકાળ એક મહિના માટે લંબાવવામાં આવ્યો હતો.

## પ્રેમી-પંખીડાએ મોતની છલાંગ લગાવી જીવન ટૂંકાવ્યું

દહેગામના ઔડા તળાવમાં પ્રેમી પંખીડાએ મોતની છલાંગ લગાવી જીવતર ટૂંકાવી લેતા દહેગામ ફાયર બ્રિગેડ અને બહીયલનાં તરવૈયાની ટીમે બંનેના મૃતદેહોને બહાર કાઢતા દહેગામ પોલીસે સ્થળ પર પહોંચી પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક દહેગામના ગલેવા ગામનો અને યુવતી અમદાવાદના મણિનગર વિસ્તારની હોવાનું સામે આવ્યું છે.દહેગામના ઔડા તળાવમાં પ્રેમી પંખીડાએ મોતનો ભૂસકો મારીને આપઘાત કરી લેતાં બને પરિવારમાં શોકનું મોજું ફરી ફળ્યું છે.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 28 MAY-2024

AHMEDABAD


## 5 જુગારીઓની 24 હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

દહેગામના કડજોદરા ગામના ગુંદીયા તળાવનાં કિનારે ઝાડ નીચે જુગારની બાઝી માંડીને બેઠેલા પાંચ જુગારીઓને દહેગામ પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડીને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે કુલ રૂ. 24 હજાર 400 નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દહેગામ પોલીસ મથકના પીઆઈ બી બી ગોયલની ટીમ બહિયલ આઉટ પોસ્ટ ખાતે હાજર હતી. તે વખતે ખાનગી રાહે બાતમી મળેલ કે, કડાદરા ગામે આવેલ ગુંદીયા તળાવના કિનારે ઝાડની નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પોતાના અંગત ફાયદા સારૂ પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે.



## રાજકોટ અગ્નિકાંડ મુદ્દે HCમાં સાડા ચાર કલાક સુનાવણી ચાલી

# 3 વર્ષથી ચાલતું હતું તો ઊંઘતા હતા?: અમને રાજ્યની મશીનરી પર ભરોસો નથી : હાઈકોર્ટ

## 3 જૂન સુધીમાં કોર્ટમાં જવાબ રજૂ કરશે, વધુ કાર્યવાહી 6 જૂને



(એજન્સી) અમદાવાદ । તા.27

ગઈકાલે 26 મે, 2024ના ગુજરાત હાઈકોર્ટમાં રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો લીધી હતી. આ અગ્નિકાંડ મુદ્દે હાઈકોર્ટે રવિવારે એટલે કે રજાના દિવસે સુનાવણી યોજી હતી. સ્પેશિયલ જજ બીરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની બેન્ચ બેસી હતી. હાઈકોર્ટ એડવોકેટ એસોસિયેશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી અને એડવોકેટ અમિત પંચાલ દ્વારા દલીલો કરવામાં આવી હતી.

હાઈકોર્ટે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ગેમ ઝોનના કેવા નિયમો છે તે અંગે સબમિશન આપવા આદેશ આપ્યો હતો. ત્યારે આજે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી છે. અરજદાર અમીત પંચાલ, રાજ્યના સરકારી વકીલ, જુદી જુદી મ્યુનિસિપલ કોર્પોરેશનના સરકારી વકીલ, અમદાવાદ ફાયર વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

જજ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈ સમક્ષ સાડા ચાર કલાક સુનાવણી ચાલી હતી. કોર્ટે સરકારથી લઈ સ્થાનિક ઓથોરિટીઓની ઝાટકણી કાઢી હતી. રાજકોટ પોલીસ કમિશનર TRP ગેમ ઝોનને કોઈ પરમિશન અપાય હતી, તેની માહિતી આપે. 3 જૂન પહેલા એફિડેવિટ ફાઈલ કરશે. બીજા કોર્પોરેશન પણ એફિડેવિટ ફાઈલ કરશે. નોટિસ રિટર્નેબલ 6 જૂન આગળ રેગ્યુલર કોર્ટ શરૂ થશે. ત્યારે ચીફ જજની બેન્ચ સમક્ષ આ PIL ચાલશે. છેલ્લે RMC તરફથી કોઈ રજૂઆત થતાં કોર્ટે કહ્યું હતું કે, અમે RMCના કમિશનરે સસ્પેન્ડ કરવાના હતા પણ કરાતા નથી.

## આ ઘટનાઓ માનવ સર્જીત છે, જેમાં લોકો જીવ ગુમાવી રહ્યા છેઃ કોર્ટ

### કોર્ટના નિર્દેશોનું પાલન ન થયું તે ચારેય મહાનગરના મ્યુનિ. કમિશનર જણાવે

કોર્ટે કહ્યું કે, અમે અત્યારે અમારી જાતને ઓફિસરોને સસ્પેન્ડ કરતાં રોકીએ છીએ. RMC કમિશનર કોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરે, GDCR રેગ્યુલેશનના અમલ માટે શું કર્યું. જેમાં સ્ટ્રક્ચરલ નિર્માણનો સમાવેશ થાય છે. આવી જગ્યાઓ ઉપર નિયમિત ચેકિંગ થાય છે તે મ્યુનિસપિલ વિસ્તારમાં ચીફ ફાયર ઓફિસર એફિડેવિટ ઉપર આપે કે લાયસન્સ લીધું છે, સાધનો પૂરતા છે વગેરે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મ્યુનિસિપલ કમિશનરે ક્યાં પગલાં લીધા કે જે હાઈકોર્ટે ફાયર સેફ્ટી PILમાં નિર્દેશ તરીકે આપ્યા હતા. શા માટે કોર્ટના નિર્દેશોનું પાલન થયું નથી તે જણાવે.

### લોકો પ્રત્યે ઓથોરિટીએ જવાબદાર હોવું જોઇએઃ કોર્ટ

કોર્ટે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કાયદાનું સાશન પ્રવર્તવું જોઈએ, લોકો પ્રત્યે ઓથોરિટીએ જવાબદાર હોવું જોઈએ. ઓથોરિટીએ નિરીક્ષણ કર્યું નહીં, ગેમ ઝોન ચાલતો રહ્યો અને નિર્દોષ બાળકો મૃત્યુ પામ્યા. આગને લગતી PILમાં હાઈકોર્ટે આપેલું નિર્દેશોનું પાલન થયું નથી તે કંટેમ્પ બરાબર છે.

**CRIME NEWS**

### નરોડામાં ચાકુ બતાવી માર મારી લૂંટ ચલાવીને યુવકને ધક્કો મારી નીચે પાડી રિક્ષા લઇ ગયા



અમદાવાદ | પૂર્વ વિસ્તારમાં લૂંટારુ ટોળકી દ્વારા માર મારીને શ્રમજીવીઓને લૂંટી લેવાના બનાવો વધી રહ્યા છે. નરોડામાં રિક્ષા ડ્રાઈવરને ચાકુ બતાવીને માર મારીને રૂા. ૩૨૦૦ની લૂંટ ચલાવી હતી. જેમાં રિક્ષામાં નરોડા બેઠકથી ત્રણ પેસેન્જર બેઠેલા હતા જેમાં સ્મશાન પાસે એક પેસેન્જર ઉતરી ગયું હતું આ સમયે અન્ય પેસેન્જર રિક્ષા ચાલકની બાજુમાં આવીને બેઠો હતો જ્યાં પાછળ બેઠેલા તેના સાગરિતે રિક્ષા ચાલકને પકડી રાખ્યો હતો અને બાજુમાં બેઠેલા શખ્સે ચાકુ બતાવીને માર મારીને લૂંટ ચલાવી હતી.

### વટવામાં કેમ મારા ઉપર ગરમ ચા ફેંકી કહીને આડેધડ છરીના ઘા મારતા યુવક લોહી લુહાણ



અમદાવાદ | વટવામાં રહેતા યુવક સાથે મઝાક કરીને ધક્કો મારતા ગરમ ચા તેના શરીર પર પડી હતી. જેથી ગરમ લાગતા યુવકે વધેલી ચા શખ્સ ઉપર ફેંકતા ઉશ્કેરાઇ ગયો હતો અને કેમ મારા ઉપર ચા ફેકી કહીને તકરાર કરીને આડેધડ છરીના ઘા મારીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ યુવકને લાહી લુહાણ હાલતમાં સારવાર માટે એલ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે વટવા પોલીસે હત્યાની કોશિષ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આજે તો તને જીવતો નહી છોડું કહીને છાતી સહિત શરીરે છ ઘા મારી ખૂની હુમલો કરતા યુવક સારવાર હેઠળ.

### આધેડ કાર રિપેરિંગ માટે ગેરેજ શોધવા ગયા ને કાચ તોડી ડેકીમાંથી બેગ ચોરી



અમદાવાદ | નરોડા પાટીયા પાસે ચોરી અને લૂંટના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. બહેરામપુરામાં રહેતા એલ.આઇ.સી. એજન્ટ તરીકે કામગીરી કરતા આધેડની કાર નરોડા પાટીયા પાસે બંધ પડી હતી જેથી તેઓ કાર રિપેરિંગ માટે ગેરેજ શોધવા ગયા હતા. પરંતુ રાતે મોડું થયું હોવાથી ગેરેજ બંધ થઇ ગયા હતા. જેથી તેઓ પંદર મીનીટમાં પરત આવ્યા હતા અને જોયું તો તેની કારનો કાચ તોડીને ડેકી ખોલીને અજાણ્યા બે શખ્સોએર બેગની ચોરી કરી હતી. બેગમાં રોકડા રૂા. ૭,૦૦૦ સહિત કુલ ૧૪,૦૦૦નો મુદ્દામાલ હતો.

# રાજકોટ અગ્નિકાંડ બાદ શિક્ષણ વિભાગ હરકતમાં

## અમદાવાદની સ્કૂલોમાં DEOની અલગ-અલગ ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યુ, ફાયર સેફ્ટી અને NOCની ચકાસણી કરાઈ

(એજન્સી) અમદાવાદ । તા.27

રાજકોટમાં બનેલી અગ્નિકાંડની ઘટના બાદ શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે. અમદાવાદની સ્કૂલોમાં DEO કચેરીની અલગ-અલગ ટીમ દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું. આ તપાસમાં ફાયર NOC અને ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી કરવામાં આવી છે. ફાયર સેફ્ટીના સાધનો કાર્યરત છે કે નહિ તે પણ ચકાસવામાં આવ્યા હતા. DEOએ જણાવ્યું હતું કે, ફાયર સેફ્ટી અને NOC ન હોય તે સ્કૂલો સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

### શહેરની સ્કૂલોમાં ફાયર સેફ્ટી અંગે સરપ્રાઇઝ ચેકીંગ

અમદાવાદ શહેર DEO કચેરીની ટીમ દ્વારા શહેરમાં આવેલી સ્કૂલોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. DEO કચેરીની અલગ-અલગ ટીમ દ્વારા શહેરની સ્કૂલોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. વાડજમાં આવેલી અલગ-અલગ સ્કૂલોમાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટર દ્વારા તપાસ કરવામાં આવી હતી. સાધનો ચાલુ કરીને તેની ચકાસણી કરવામાં આવી હતી. ફાયર NOCનું સર્ટિફિકેટ પણ ચકાસવામાં આવ્યું હતું.



### સ્કૂલોએ બેદરકારી દાખવી તો કડક કાર્યવાહી કરાશે

આ અંગે DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજકોટની ઘટના બાદ અમદાવાદમાં કોઈ બનાવ ન બને તે માટે આજથી તમામ સ્કૂલોમાં શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષક દ્વારા તમામ સ્કૂલોમાં ફાયર સેફ્ટી અને ફાયર NOCની ચકાસણી કરવામાં આવશે. તમામ સ્કૂલોને પરિપત્ર કરીને ફાયર સેફ્ટીના સાધનો ચાલુ હાલતમાં રાખવા, NOC ન મેળવી હોય તો NOC મેળવવા જાણ કરવામાં આવી છે. સ્કૂલો બેદરકારી રાખશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ગેમ ઝોનમાં રાતોરાત ઈમરજન્સી ગેટ બનાવ્યા



### અમદાવાદમાં 38માંથી 6 પાસે NOC કે બીયુ પરમિશન નથી, 2 ગેમ ઝોન ભાજપના ચાલુ અને પૂર્વ કોર્પોરેટરના ભાગીદારીથી ચાલતા હોવાની ચર્ચા

(એજન્સી) રાજકોટ । તા.27

રાજકોટમાં 28 લોકો બળીને રાખ થઈ ગયા બાદ AMC તંત્રએ અમદાવાદમાં આવેલા તમામ ગેમ ઝોનમાં ચેકિંગ કરતા 38 જગ્યાએ નાના-મોટા ગેમ ઝોન હોવાનું સામે આવ્યું છે. આ ગેમ ઝોનમાં નિયુક્ત કરવામાં આવેલી ત્રણ અલગ અલગ ટીમ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. SG હાઈવે પર છારોડી નજીક અને સિંધુભવન રોડ પર આવેલા ફન બ્લાસ્ટ ભાજપના પૂર્વ કોર્પોરેટર મહેન્દ્ર પટેલ અને ભાજપના એક ચાલુ કોર્પોરેટરની છૂપી ભાગીદારીમાં હોવાનું જાણવા મળ્યું છે. ફન બ્લાસ્ટમાં રાતોરાત એક્ઝિટ ગેટ પણ બનાવી દેવામાં આવ્યો હતો. તો બીજી તરફ આજે પણ શહેરમાં ચાલતા ગેમ ઝોનમાં તપાસ કરી તો બે ગેમ ઝોનમાં કોઈપણ પ્રકારની બીયુ પરમિશન કે ફાયર એનઓસી ન હોવાનું જાણવા મળ્યું હતું.

## કરિયાવર આપવાના નામે છેતરપિંડી

### વસ્ત્રાલના AMC પ્લોટમાં 113 યુગલના સમૂહલગ્નની 2200 રજિસ્ટ્રેશન ફી લીધી, આયોજક સામે ફરિયાદ

(એજન્સી) અમદાવાદ । તા.27

અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટમાં 113 યુગલોના સમૂહ લગ્ન માટેની જાહેરાત કરી હતી. દરેક યુગલ પાસેથી 22 હજાર રૂપિયા ઉઘરાવ્યા બાદ લગ્નના દિવસે જ આયોજક દ્વારા સમૂહ લગ્નનું આયોજન ન કરવામાં આવતા અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. લગ્નના તાંતણે બંધાવનાર વરરાજા અને કન્યાના પરિવારજનો જ્યારે વસ્ત્રાલ ખાતે પહોંચ્યા હતા, ત્યારે ત્યાં લગ્ન મંડપ કે કંઈ જ સમૂહ લગ્નની તૈયારીઓ જોવા મળી નહોતી. જેથી સમગ્ર વિધિ કર્યા બાદ લગ્ન ન હોવાનું જાણવા મળતા 200થી વધુ લોકો અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે હોબાળો કર્યો હતો અને સંચાલક પ્રકાશ પરમાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પ્રથમ સર્વજ્ઞાતિય સમૂહલગ્નનું આયોજન હતું મળતી માહિતી મુજબ હિન્દુ જન વિકાસ સેવા સંઘ ટ્રસ્ટ દ્વારા પ્રથમ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન કરતું પેમ્પલેટ બહાર પાડવામાં આવ્યું હતું. જેથી ગુજરાત રાજ્યના વિવિધ શહેરોમાંથી અનેક લોકોએ આ સમૂહ લગ્ન માટે પેમ્પ્લેટમાં રહેલા મોબાઈલ નંબર પર પ્રકાશ પરમારનો સંપર્ક કર્યો હતો.

### 24 લાખ ઉઘરાવનાર ટ્રસ્ટી સામે ફરિયાદ

સમૂહ લગ્નના આયોજન કરી કરિયાવર આપવાના નામે લોકોની સાથે છેતરપિંડી કરવામાં આવતા મોટી સંખ્યામાં લોકો અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રકાશ પરમાર દ્વારા લોકો પાસેથી 22 હજાર રૂપિયા પેટે કુલ 24 લાખથી વધુની રકમ ઉઘરાવી અને આયોજક દ્વારા છેતરપિંડી કરવામાં આવતા આ મામલે અમરાઈવાડી પોલીસે પ્રકાશ પરમાર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## સિવિલના નોન એસી વોર્ડમાં કુલર મૂકાયા

(એજન્સી) અમદાવાદ । તા.27

રાજ્યમાં ગરમીની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીઓના હિતાર્થે મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નોન એસી વોર્ડમાં કુલર મુકવામાં આવ્યા છે. વધુમાં અમદાવાદ સિવિલ અને 1200 બેડ હોસ્પિટલમાં રહેલ એ.સી. વોર્ડનો અને બિનઉપયોગી જગ્યાનો મહત્તમ ઉપયોગ થઇ શકે તે પ્રકારનું પણ સમગ્ર આયોજન તંત્ર દ્વારા હાથ ધરાયુ છે. હોસ્પિટલમાં કુલ 70 જેટલા કુલર મુકવામાં આવ્યા છે ખાસ કરીને હોસ્પિટલમાં દાખલ બાળકો, વૃદ્ધ સહિતના તમામ દર્દીઓને ગરમીનો સામનો કરવો પડે નહીં તે પ્રકારનું આયોજન કરાયું છે. બાળકોને 1200 બેડ હોસ્પિટલના ઓ. પાંચ આઇ.સી.યુ.માં શિફ્ટ કરવામાં આવ્યા છે. ગાયનેક વિભાગના બધાજ દર્દીઓને D-4 અને D-5 વોર્ડમાં શિફ્ટ કરીને કુલર મુકવામાં આવ્યા છે. તમામ વોર્ડમાં બે-બે કુલર મુકવામાં આવ્યા ઓ.પી.ડી. વિભાગની અંદર પણ વચ્ચે બેસવાની જે જગ્યા છે, તે વેટિંગ એરિયામાં કુલ ચાર જેટલા તેમજ સિવિલના બિનવારસી વોર્ડ અને જૂની સિવિલ હોસ્પિટલમાં રહેલા તમામ વોર્ડમાં બે-બે કુલર મુકવામાં આવ્યા છે. ટી.બી. વોર્ડમાં પણ કુલ 4 જેટલા કુલર ઈન્ટોલ કરાયા છે.

# ગુજરાતવાસીઓને ગરમીથી હાશકારો

### રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં કોઈપણ જગ્યાએ હીટવેવ એલર્ટ નહી, આગામી 5 દિવસમાં વરસાદના હજુ પણ કોઈ એંધાણ નહી

(એજન્સી) અમદાવાદ । તા.27

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી 5 દિવસ માટે વરસાદના કોઈ એંધાણ નથી. હાલ રાજ્યમાં પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ દિશા તરફથી પવનો ફુંકાઈ રહ્યા છે, જેને કારણે તાપમાનનો પારો 42થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાઈ રહ્યો છે પરંતુ, આગામી 24 કલાક બાદ પવનની દિશા પશ્ચિમ તરફથી થવાને કારણે હજુ પણ તાપમાનમાં ઘટાડો નોંધાશે. આના કારણે ગરમીથી આંશિક રાહત મળશે. ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં પણ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે ત્યારે



હજુ પણ તાપમાનમાં 1-2 ડિગ્રી ઘટવાથી શહેરીજનોને ગરમીથી રાહત મળવાની સંભાવના છે. 25-30 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં 43.2 ડિગ્રી, ગાંધીનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

### રાત્રે અમદાવાદીઓને ગરમીથી રાહત મળશે

દિવસ દરમિયાન સતત તાપમાનનો પારો ઊંચો જતા બપોરના 1:00 વાગ્યે 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાવવાની શક્યતાઓ છે. બપોરના 2:00 વાગ્યાથી જ મહત્તમ તાપમાન 41 ડિગ્રીથી વધુ રહેશે, તેથી બપોરના 2:00 વાગ્યાથી ગરમીનો અહેસાસ વધુ પ્રમાણમાં થશે. તેમાં વધારો થઈને સાંજે 4:00 વાગ્યે મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્શિયસને પાર જઈ શકે. આ તાપમાન સાંજના 6:00 વાગ્યા સુધી યથાવત રહી સાંજના 8:00 વાગે 40 ડિગ્રી સેલ્સિયસ પહોંચી જશે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...